ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Vol No.:9 - ISSUE : 10 • January 2022 • PAGES : 52 • PRICE 30/-

ગુજરાતી અંગ્રેજી વર્ષ : ૯ (કુલ વર્ષ ૯૩) અંક : ૧૦ • જાન્યુઆરી ૨૦૨૨ • પાનાં : ૫૨ • કિંમત : ૩૦/-



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન: ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન: ૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ:**

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ગુજરાતી ભાષા માટે નોંધનીય ઘટના : ગુજરાતી વિશ્વકોશનું ઓનલાઈન મુકાવું | સેજલ શાહ | ૦૩ |
| ૨. | વિજેતા જીવનને ઘડે છે | કુમારપાળ દેસાઈ | ૦૭ |
| ૩. | ગાંધીજી ક્રાંતિકારી ગણાય ખરા? | મનસુખ સલ્લા | ૧૦ |
| ૪. | શાંત મન : સહજ જ્યોતિનું પ્રકાશન | મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજી | ૧૩ |
| ૫. | મ્યુઝિક થેરાપીથી રોગ મટી શકે છે, એ હમ્બક વાત છે! | પ્રા. ગિરિરાજ ભોજક | ૧૬ |
| ૬. | જૈન ભૂગોળ-ખગોળ અને બ્રહ્માંડ : વિચિત્ર સમસ્યાઓ અને સમાધાન | શ્રી વિજયનંદિઘોષસૂરિજી મહારાજ | ૧૯ |
| ૭. | દંભ અને અસત્ય મુક્ત જીવન એટલે જ આત્માની સત્ય સ્વરૂપતા | તત્વચિંતક વી પટેલ | ૨૧ |
| ૮. | ગાંધી મનન યાત્રા : ન્યાયના બે પુજારીઓ : મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ | સોનલ પરીખ | ૨૩ |
| ૯. | તિરૂકકુરળ ચિંતલિકા-૩ | પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ. સા. | ૨૫ |
| ૧૦. | વૉશ બેસીનથી થોડેક છેટે | ગુલાબ દેઢિયા | ૨૬ |
| ૧૧. | ફરીએ તો વિસ્તરીએ-૧૬ : ડેન્યૂબને કાંઠે | જેલમ હાર્દિક | ૨૮ |
| ૧૨. | જ્ઞાન સંવાદ | સુબોધી મસાલિયા | ૩૦ |
| ૧૩. | જ્ઞાન સંવાદ - ૧૩ | પાર્વતીબેન ખીરાણી | ૩૧ |
| ૧૪. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન છાડવા | ૩૩ |
| ૧૫. | સિંધુતાઈ સપકાળ | ધૃતિ પટેલ | ૩૫ |
| ૧૬. | Few Other Jain Thinkers Vidyananda, Prabhachandra, Abhaydev, Vadideva | Kamini Gogri | ૩૬ |
| ૧૭. | Nirjara Bhavna : Molt the preceding karmas | Prachi Shah | ૪૩ |
| ૧૮. | સર્જન સ્વાગત | સંધ્યા શાહ | ૪૭ |
| ૨૯. | ભાવ-પ્રતિભાવ | – | ૪૯ |
| ૨૦. | અતીતની બારીએથી આજ | બકુલ ગાંધી | ૫૧ |
| ૨૧. | જો મારો હોય અંતિમ પત્ર તો... | મનુભાઈ શાહ | ૫૨ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૮ • વીર સંવત ૨૫૪૮ • પોષ સુદ - ૧૪

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

### તંત્રી સ્થાનેથી...

## ગુજરાતી ભાષા માટે નોંધનીય ઘટના : ગુજરાતી વિશ્વકોશનું ઓનલાઈન મુકાવું

પ્રબુદ્ધ જીવનનો તંત્રીલેખ લખતી વખતે નક્કી કર્યું હતું કે બને ત્યાં સુધી વ્યક્તિવિશેષ વિષે લખવાનું ટાળવું. એક વાર પ્રિય વડીલ ધનવંતભાઈને પૂછ્યું હતું કે 'હું સંપાદકીયમાં શું લખું?' ત્યારે તેમણે મને કહ્યું હતું કે 'આ સવાલ જ્યારે તું મને પૂછતી હોય ત્યારે તને જે કાંઈ લખવાનું સૂઝે તે લખવું, જે લખવું તે મનથી લખવું.' આજે સમયના વહાણ વીતી ગયા અને મેં જ્યારે લખ્યું ત્યારે મારી પાસે મારું મન અને આ સામયિકના પૂર્વજોની દૃષ્ટિ રહેતી. તેમના આંકેલા મહામાર્ગની કેડી બની હું ચાલતી રહી, લખતી રહી અને તમારી સાથે સંવાદ કરતી રહી. અનેક શ્રેષ્ઠીઓ, વિચારકોને મળતી અને તેઓ કહેતા કે પ્રબુદ્ધ જીવન આજે પણ અમારા રસને જાળવી શક્યું છે ત્યારે થતું કે ધનવંતભાઈની વાત કેટલી સાચી હતી કે માત્ર બુધ્ધિથી નહીં પણ મનભરીને લખીએ ત્યારે સામે હોંકારો મળે જ.

આત્માને કલ્યાણના માર્ગે લઈ જતું જ્ઞાનનું પ્રથમ પગથિયું જાણકારી, વાંચન છે. આજે વૈશ્વિક મહામારીના સમયમાં ઈન્ટરનેટ એકમાત્ર સલામત સાધન હોય અને તેના દ્વારા આપણો વ્યવહાર ચાલ્યા કરે ત્યારે જો એ જ્ઞાનનો સંપૂટ આપણને આપણી માતૃભાષામાં મળે તો કેટલો આનંદ થાય! હવે આજના સમયની માંગ પ્રમાણે એ જ્ઞાનનો સંપૂટ કોઈ ગ્રંથાલય કે કોઈ પુસ્તક ખરીદ્યા વગર ઈન્ટરનેટ પર એક સર્ચના જવાબ રૂપે ગુજરાતીમાં જ મળી આવે ત્યારે એમ થાય કે જો તમારી દૃષ્ટિમાં વિશાળતા અને સૂઝ હોય તો તમે ધારો તે કામ કરી શકો છો. જરૂર છે નર્મદ કે પ્રેમાનંદ બનીને ઝંપલાવવાની. પોતાનો સમય, વિચાર અને નિષ્ઠા આપવાના છે. અને જ્યારે એમ થાય છે ત્યારે ચમત્કારિક પરિણામ આવે છે!

આજે મારે તમારી સાથે આપણી ભાષામાં થયેલ એક મહત્વના કાર્યની વાત કરવી છે અને એને સાકાર કરનાર આપણા સહુ માટે અત્યંત આદરણીય અને પ્રિય એવા વડીલ પદ્મશ્રી કુમારપાળભાઈની

જાન્યુઆરી ૨૦૨૨ના અંકના સૌજન્ય દાતા
**સ્વ. વિનોદભાઈ જગજીવન દોશી અને**
**સ્વ. જીતેન્દ્રભાઈ જગજીવન દોશીના**
સ્મરણાર્થે હસ્તે :
**વીણા વિનોદભાઈ દોશી,**
**કલ્પના જીતેન્દ્રભાઈ દોશી**
**અને સમસ્ત દોશી પરિવાર**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઈન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

દીર્ઘદૃષ્ટિની વાત કરવી છે.

જે સમયની આરપાર જોઈ શકે છે અને પોતાના સમય કરતા આગળ જઈને એક મહત્વની ઘટનાને આંકે છે તેમના માટે સહજ જ આદરભાવ જન્મે. આજે ગુજરાત વિશ્વકોશના આંગણેથી ગુજરાતી ભાષામાં જ્ઞાનની એવી બારી ખૂલી છે જેને આપણી જ્ઞાનતરસને ગંગારૂપી પરબ પ્રાપ્ત કરાવી છે! જ્યારે પણ કોઈ માહિતી જોઈતી હોય તો ઈન્ટનેટ પર મળી જરૂર આવે પણ એની ભાષા અંગ્રેજી હોય. ગુજરાતી ભાષામાં કોઈ એન્સાયકલોપીડિયા ઓનલાઈન હોય અને અઢળક માહિતી આપતું હોય તેની આપણી ભાષામાં અછત હતી. એ ખોટ પૂરી કરતા અમદાવાદ સ્થિત ગુજરાત વિશ્વકોશ સંસ્થાએ 'ગુજરાતી વિશ્વકોશ'ને ઓનલાઈન મૂકી આપ્યો છે.

ગુજરાત વિશ્વકોશ દ્વારા તૈયાર થયેલ ગુજરાતી વિશ્વકોશથી આપણે સહુ પરિચિત છીએ. આ વિશ્વકોશ ૨૫ ભાગમાં છે જેમાં અનેક વિષયો અંગેની માહિતી પ્રાપ્ત થાય છે. ગુજરાતી ભાષામાં માહિતી પ્રદાન કરીને ગુજરાતી એન્સાયકલોપીડિયાની જરૂરિયાત આ દ્વારા સંતોષાય છે. જીવનના ૬૭માં વર્ષે ગુજરાતી ભાષા પાસે આવો એક માહિતી કોશ હોવો જોઈએ તેવો વિચાર પદ્મભૂષણ ધીરુભાઈ ઠાકરને આવ્યો હતો, અને તેમને કામ શરુ કર્યું. પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ તેમાં આરંભથી જ જોડાયેલા હતા. સંસ્થાનું નામ ગુજરાત વિશ્વકોશ. વૈશ્વિકતા તરફના ઉડાણ અંગે પ્રથમથી જ જાગૃત અને એ જ ધ્યેય. ૨જી ડિસેમ્બર ૧૯૮૫માં વિશ્વકોશની સ્થાપના થઈ હતી ત્યારે અમદાવાદમાં આવેલી એચ. એલ. કોમર્સ કોલેજ હોસ્ટેલના કમ્પાઉન્ડમાંના રસોઈગૃહમાં ચૂલાઓ અને પાટલીઓ વચ્ચે 'ગુજરાત વિશ્વકોશ'નું કામ આરંભાયુ હતું. આજે કલાપૂર્ણ મકાન અને તેની આસપાસનો નાનકડો બગીચાનો વિસ્તાર ખુશનુમા અને પ્રસન્નતાની અનુભૂતિ આપે છે. પણ એ યાત્રાએ અનેક ચડાવ-ઉતાર જોયા પરંતુ તેની અસર કાર્ય પર કદી ન પડવા દીધી. ૧૯૮૫થી ૨૦૨૨ સુધીમાં કેટકેટલા પ્રગતિના પંથ સિધ્ધ કર્યા. આજે સુંદર કલાપૂર્ણ ઈમારત, વિશાળ હોલ, લાયબ્રેરી, સ્ટુડિયો અને બીજી અનેક અદ્યતન સુવિધા ધરાવતું મકાન તો છે જ તેના ઉપરાંત થોડા સમયમાં વિશ્વકોશની વિકસતી પ્રવૃત્તિઓ માટે અત્યારના વિશ્વકોશભવનની નજીકમાં નવું કેન્દ્ર શરૂ થશે.આ વિશ્વકોશને દૃષ્ટિ મળી છે આપણા સહુના પ્રિય વડીલ અને ખૂબ જાણીતા સાહિત્યકાર, વિદ્વાન વક્તા પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની. જેઓ આજ સુધી વિશ્વકોશના વિકાસ અને પંથના સાચા સારથિ બની છે. તેઓ અનેકોનેક કાર્ય, પ્રોજેક્ટો આરંભ કરનાર સક્ષમ આયોજક અને લીડર સાબિત થયા છે. વિશ્વકોશની પ્રવૃત્તિ વિદ્યાકીય સમાજમાંથી આપોઆપ ઉગેલી છે. કોઈ સરકારી પીઠબળ કે યુનિવર્સિટી કે અન્ય સંસ્થાઓ દ્વારા નહીં, પણ સમાજના તમામ વર્ગો અને વિશેષે કરીને વિદ્વાનો અને અધ્યાપકો દ્વારા એનું સર્જન થયું છે. આ એક પ્રબુદ્ધ સમાજ માટેની વિદ્યાકીય પ્રવૃત્તિ સમાજને ઘડવા અને કેળવવાનું કાર્ય કરે છે.

અમદાવાદ સ્થિત વિશ્વકોશના પ્રાંગણમાં પ્રવેશતા ખ્યાલ આવે કે વિશ્વકોશ એટલે સાંસ્કૃતિક, સાહિત્યિક, લલિત કલાઓનું આગવું કેન્દ્ર. ધીરુભાઈ ઠાકરનું સ્વપ્ન અને કુમારપાળભાઈ દેસાઈના સજાગ દૃષ્ટિવંત વિચારો, સમર્પણ અને કુશળતા આ બન્નેના સાયુજ્યથી આ સાકાર થયું છે. આજે દેશ-વિદેશના અઢળક લોકોને ભાષા, સાહિત્ય, કળા, વિજ્ઞાન, ઇતિહાસ સાથે જોડીને 'ગુજરાત વિશ્વકોશ' રાખે છે.

ગુજરાતી વિશ્વકોશમાં જગતના બધા જ વિષયોને આવરી લેવાયા છે. એમાં ગુજરાતી ભાષામાં આર્ટ્સના ૮૩૬૦, વિજ્ઞાનના ૮૦૮૩, સમાજવિદ્યાના ૭૬૪૦,૭૬૪૭ લઘુ ચરિત્રો, ૫૦૬૩ લંબાણથી લખાયેલા વ્યાપ્તિ લેખો, ૨૦૪૬ અનુવાદિત લેખો અને ૧૨૦૦૦ ચિત્રો મળે છે. વિજ્ઞાન, કોમર્સ, ટેકનોલોજી, વિશેષ વ્યક્તિચિત્રો, સંસ્થાઓ, વિવિધ પ્રવૃત્તિઓ, દેશ-વિદેશની માહિતી ગુજરાતી ભાષામાં મળે છે. અનેક સંતો, વિદ્વાનો, વિજ્ઞાનીઓ, સંશોધકોએ આમાં પ્રદાન કર્યું છે. વિશ્વકોશના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે કુમારપાળ દેસાઈને પોતાના જીવનનો અમૂલ્ય સમય આ સંસ્થા માટે માત્ર ફાળવ્યો, તેટલું જ નહીં પણ તેમની સજાગતા, નમ્રતા, સર્વનો સ્વીકાર અને સહુને આવકારની પોલીસી, ગુણવત્તા માટેનો આગ્રહ, ચોકસાઈ અને દરેક વિગતોમાં પોતે ધ્યાન આપીને – સદા સચેત રહેતો સ્વભાવ આ સંસ્થા માટે ખૂબ મહત્વનો બન્યો. અઢળક કામોની વચ્ચે પણ આવનાર મહેમાન માટે સમય ફાળવીને તેમને જોઈતી મદદ કે માર્ગદર્શન આપે. મારા અંગત અનુભવની વાત કરું તો એકવાર એક વિષય સંદર્ભે માહિતી માટે મારે એમની મદદ માંગવી પડી, તે વખતે તેઓ દાંતની ટ્રીટમેન્ટની પીડામાંથી પસાર થઈ રહ્યા હતા. છતાં પોતે વિશ્વકોશ આવીને જરૂરી માહિતી ઉપલબ્ધ કરાવી આપી અને પોતે ચોક્કસાઈથી જોયું કે જે માહિતી મને મળી છે તેટલી પૂરતી છે કે હજી વધુ જોઈશે! દરેક કાર્યને અંગત સ્પર્શ અને બાહોશીથી સફળ બનાવવાની ચાવી શ્રી કુમારપાળ દેસાઈ પાસે છે.

આજે જ્યારે ઈન્ટરનેટ પર આપણે કોઈ શબ્દ કે વિષયની માહિતી આપણે શોધતા હોઈએ ત્યારે મળેલ માહિતીની અધિકૃતતા

અંગે મનમાં શંકા રહે પરંતુ ગુજરાતી વિશ્વકોશમાં મુકાયેલ માહિતી ચકાસીને મુકાઈ છે. આજથી બે કે અઢી વર્ષ પૂર્વેની કલ્પના કરું તો માહિતી મેળવવા ગ્રંથાલય પર આપણે ૮૦ ટકા અવલંબિત રહેતા. છેલ્લા ૨ વર્ષમાં આપણી જીવનશૈલી અને રીતિ બદલાઈ ગઈ છે. આપણી ઇચ્છા પ્રમાણે આપણે ગમે ત્યારે પ્રવાસ નથી કરી શકતા અને તેમાં પર કોરોનાના ડરે આપણને દિવાલોમાં બંધાતા શીખવ્યું છે. આવા સમયે સંદર્ભગ્રંથોના દળદાર અંકો લાયબ્રેરીમાં જઈને ઉથલાવીએ અને પછી વિગત મળે એ બાબત અઘરી જણાતી હતી. ગુજરાતી વિશ્વકોશ અનેક લાયબ્રેરી, સંસ્થામાં મળી આવતા પણ એ ગ્રંથો સુધી પહોંચવાનું ગયા બે વર્ષે અઘરું બનાવ્યું હતું. મોટેભાગે આ ગ્રંથો તેના વિશાળ કદને કારણે ઘરમાં ન હોય, એટલે ગ્રંથાલય સુધીનું અંતર કાપવું જ પડે. ત્યારે સમયના તકાજાને ધ્યાનમાં લઈને ગુજરાત વિશ્વકોશે દાયકાઓની મહેનતથી તૈયાર કરેલ જેટલા ૨૫ ગ્રંથો, જેમાં ૨૪૦૦૦થી વધુ લખાણોને ઓનલાઇન મૂકીને મહાયજ્ઞ કર્યો છે. આખો જ્ઞાનનો મહાસાગર તાજેતરમાં ઓનલાઇન મૂકી આપ્યો છે. ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોને તૈયાર કરતા ૨૨ વર્ષ થયા હતા. આ વિશાળ માહિતીના જથ્થાને જેમાં ચાર્ટ, ગ્રાફ, સુત્રો છે તેને ગુજરાતી ફોન્ટ સાથે મૂકવા તે પડકારજનક હતું અને અનેક અવરોધો પણ પાર ઉતારવાના હતા. આ કાર્ય માટે તેમની ટીમને સાત વર્ષનો સમય લાગ્યો, ખૂબ સઘન અને એકદમ યુસર ફ્રેન્ડલી આખી સિસ્ટમ બનાવવામાં આવી છે.

'ગુજરાત વિશ્વકોશ'ને જગન્નનાથનો રથ કહીને ઓળખાવે છે, જે તે વિષયના વિદ્વાન-સક્ષમ એને ખેંચે અને નિશ્ચિત ધ્યેયને પામે. ગુજરાતી ભાષી તરીકે ગૌરવ અને આનંદ થાય તેવી આ ઘટનાની નોંધ અનેક શાળા, કોલેજ, સમાજ, સંસ્થા દ્વારા લેવાય અને સહુ કોઈ તેનો ઉપયોગ કરે તેવી સહજ કામના કરવાનું ગમે. જેથી ભવિષ્યમાં આ પ્રકારના કાર્યો વધુને વધુ ઉત્સાહપૂર્વક થાય. આપણે gujrativishwakosh.org ટાઈપ કરીએ છીએ એટલે ઓનલાઈન ગ્રંથ ઉપલબ્ધ થાય છે અને જે વ્યક્તિ, સંદર્ભ વિષે શોધતા હોઈએ તે ટાઈપ કરવાથી એ વિષયક માહિતી મળી જાય છે. કદી ન અટકતા કુમારપાળ દેસાઈ આટલેથી તો ન જ અટકે! એટલે હવે આ કોશને અપગ્રેડ કરવાનું કાર્ય પણ ચાલુ છે. ગુજરાતી વિશ્વકોશનું ઓનલાઈન થવું એ ઘટના ગુજરાતી ભાષા માટે અત્યંત સરાહનીય પ્રસંગ છે. જ્ઞાનનો ઝળહળતો સંપૂટ ઓનલાઈન પ્રકાશિત થયો છે. ગુજરાતી એન્સાઈક્લોપીડિયાને ઓનલાઈન મૂકીને ગુજરાતી ભાષાનું અત્યંત મહત્વનું કાર્ય કર્યું છે.

ગુજરાત વિશ્વકોશમાંથી આ ઉપરાંત બાળ વિશ્વકોશના ૧૦ ભાગો બહાર પડ્યા છે અને તે ઉપરાંત નારીકોશ પર કાર્ય ચાલુ છે. બૃહદ નાટ્યકોશ, વિજ્ઞાનકોશ ટૂંક સમયમાં આવશે. બીજા પણ અનેક કાર્યો અહીંથી થાય છે. નજીકના સમયના થોડાક નવા ઉલ્લેખ કરું તો –

અમેરિકા અને બ્રિટન તથા દરિયાપારના લેખકોના લેખો પ્રગટ કરતા 'ગુર્જરી ડાયજેસ્ટ' હવે વિશ્વકોશ સંભાળે છે. છેલ્લા ૩૩ વર્ષથી આ ત્રેમાસિક પ્રગટ થાય છે. ગુજરાતી લેક્સિકોનનું પણ હવે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સંચાલન, આયોજન અને કાર્ય થશે. આ ઉપરાંત ગુજરાતી ભાષાના, વ્યાકરણના સાહિત્યના, સ્પેલ-ચેકના અનેક કાર્યો કરાય છે.

ગુજરાતી વિશ્વકોશમાં સાહિત્યકાર, કલાકાર, ઇતિહાસકાર, વૈજ્ઞાનિક હોય કે ગણિતજ્ઞ સહુ કોઈ સામેલ છે. જે ભૂમિ સતત પ્રગતિના સોપાન ચડતી હોય ત્યાં પ્રેમ, સહજતા અને સ્વીકાર અવિરત ચલિત હોય છે. સમાજકલ્યાણની વાતો નહીં કાર્યનું મહત્વ હોય, સમયનું મહત્વ હોય, મનુષ્યનું મહત્વ હોય. આવી ફળદ્રુપ સંસ્થાને જે ઉછેરી રહ્યા છે તે કુમારપાળ દેસાઈનો સમાજ ઋણી રહેશે. આવા કુમારપાળ દેસાઈને આમ તો આપણે ઘણાં બધા જાણીએ છીએ અને તોય કેટલું બધું નથી જાણતા! તેમના વિષે એક વિશેષ પુસ્તક પણ થોડા સમયમાં આવી રહ્યું છે ત્યાં સુધી આપણે થોડા વિરમીએ!

* * *

બીજી વાત કરવી છે અત્યારના સંજોગો વિષે. કોરોનાની નવી વેવ મુંબઈ શહેરમાં અને દેશના બીજા ભાગોમાં ઝડપથી ફેલાઈ રહી છે. આ વખતે તેને રોકવાનો ઉત્સાહ ઓછો અને કાબુમાં લઈ જ લેવાશે તેવો આત્મવિશ્વાસ વધુ જોવા મળે છે. આ મનસ્થિતિ બહુ હિતાવહ નથી. મૃત્યુનો ડર ભલે ઓછો થયો હોય પરંતુ સાવચેતી અત્યંત આવશ્યક છે. નફિકરા માનવી આ સમયમાં અન્ય માટે પણ હાનિકારક બની શકે છે. જે રીતે આંક વધી રહ્યો છે ત્યારે આપણે જ કેટલીક બાબતો પ્રત્યે ધ્યાન રાખવું પડશે. ઓનલાઈન કાર્યપધ્ધતિમાં શિસ્તતાનો વધારો કરીને ઉત્પાદન ક્ષમતા વધારી શકાય. ટેકલોજીનો ધરખમ ઉપયોગ વધ્યો છે ત્યારે દેશના જે ભાગમાં હજુ માળખાકીય સુવિધાનો અભાવ છે તે અંગે વિચારવું જોઈએ. સમાજ મનુષ્ય માટે છે અને પ્રત્યેક મનુષ્યને તેના ભાગની સુવિધા મળે તે સમાજની ફરજ છે. વલણ, વ્યવસ્થામાં સત્તા, સંપત્તિ અને અહંકારનો નશો સમાજને ખોખલું કરી મૂકે છે. પોતાના કામની નિષ્ઠા સહુ પ્રથમ

જાળવવી જોઈએ. દરેક વ્યક્તિ જો પોતાના ભાગનું કામ પૂરેપૂરું કરું તો ગાબડું પડે જ નહીં પણ આખા ઘરની કોઈ એક બારીમાં બાકોરું રહી ગયું હોય તો આંધીનો સુસવાટો ઘર આખાને થીજવી દે!

* * *

વલણ વિપરીત છે, સંજોગો આકરા છે પણ જેની અંદરનું તેજ અખંડ છે તેને કોઈ કાલિમા સ્પર્શતી નથી. બહાર ઘોંઘાટ ચાલ્યા કરશે. એમ્બ્યુલન્સની સાયરનો સન્નાટા સતત તોડી રહી છે. પણ આપણે સ્થિર રહેવાનું છે. સમ્યક્‌દર્શન એટલે બહાર સાથેના આવરણો તોડવાના છે પણ કોઈની ચીસ, કંપારી ન સંભળાય એટલે પણ બહેરા કઈ રીતે બની શકાશે? રચનાત્મક કાર્યમાં ખૂંપી જઈએ અને અંદરથી નિર્મોહીની અવસ્થા ધારણ થયેલી હોય તો અઢળક મળ્યા પછી લોભ નથી જાગતો અને રહી ગયાના અફસોસમાં જીવન નથી જતું.

આખરે બધી જ બાબતો મનની વાતો અને મનની જાતો, મન કરે ભાત ભાતના કરે ખેલાઓ! મનને આ પણ જોઈએ અને પેલું પણ જોઈએ, મનને કાંઈ ન ઓછું ખપતું, પણ જો ધરે એક લગામ અને સમજે લગાતાર, તો આ જ મન કેવળ ધરતું!

❑ **ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com

મનને સમજાવો નહીં કે મન સમજતું હોય છે,
આ સમજ, આ અણસમજ, એ ખુદ સરજતું હોય છે.

છે ને કવકોલાહલે આ સાવ મૂગું મૂઢ સમ,
એકલું પડતાં જ તો કેવું ગરજતું હોય છે!

એક પલકારે જ જો વીંધાય, તો વીંધી શકો,
બીજી ક્ષણ તો એ જ સામા સાજ સજતું હોય છે.

એ જ વરસે વાદળી સમ ઝૂકતું આકાશથી,
એ જ તો મોતી સમું પાછું નીપજતું હોય છે.

ઓગળે તો મૌનથી એ ઓગળે ઝળહળ થતું,
શબ્દનું એની કને કૈં ક્યાં ઊપજતું હોય છે!

**– રાજેન્દ્ર શુક્લ**

પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરો :
કાર્યાલયની ઓફિસ અથવા મેલ કરો,

(૧) sejalshah702@gmail.com

મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.

પ્રબુદ્ધ જીવન સામયિક માટેનો સમગ્ર પત્રવ્યવહાર, લેખ નીચેના સરનામે મોકલવા.

**સરનામું :**
૧૦/બી, ૭૦૨, અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્ષ, આકુલી રોડ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

| ભારત માટેના લવાજમના દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ **વાર્ષિક લવાજમ** | **₹ ૩૦૦** | ✦ **1 વર્ષનું લવાજમ** | **$ 30** |
| ✦ **ત્રણ વર્ષનું લવાજમ** | **₹ ૭૫૦** | ✦ **3 વર્ષના લવાજમ** | **$ 80** |
| ✦ **પાંચ વર્ષનું લવાજમ** | **₹ ૧૨૫૦** | ✦ **5 વર્ષના લવાજમ** | **$ 130** |
| ✦ **દસ વર્ષનું લવાજમ** | **₹ ૨૫૦૦** | ✦ **10 વર્ષના લવાજમ** | **$ 250** |

વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર)માં મોકલાવો તો **$** પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બેન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

# મારો અસબાબ – ૯

# વિજેતા જીવનને ઘડે છે

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

**બા**ળસાહિત્યના સર્જનમાં જેટલો હસતો-રમતો આનંદ પ્રાપ્ત થતો હતો, એટલી જ મનોમંથનની મોજ બાળસાહિત્યના વિષય અંગે ચાલતી ગડમથલથી આવતી હતી. એકાદ વર્ષે વર્તમાન પરિસ્થિતિ જોઈને કોઈ મૌલિક વિચાર જાગે અને પછી એક બિંદુની આસપાસ આખો મધપૂડો રચાય, એ રીતે જુદા જુદા પ્રસંગોની ગૂંથણી કરતો. એ વિશેની ભૂતકાળની ઘટનાઓ અને વર્તમાનના વાસ્તવિક પ્રસંગોને મેળવ્યા પછી અને એની પ્રમાણભૂતતા ચકાસ્યા બાદ જ લેખનકાર્ય શરૂ કરતો.

એ સમયે ભારતવર્ષના દાર્શનિક વિદ્વાન પંડિત સુખલાલજી સાથે મારા પિતાશ્રી 'જયભિખ્ખુ'ને ગાઢ સંબંધ હતો. વળી મારા કાકાશ્રી રતિલાલ દીપચંદ દેસાઈ તો એમની સઘળી સંભાળ રાખતા અને એમના ટ્રસ્ટનો કારોબાર પણ સંભાળતા હતા. પંડિતજી જ્યારે અમારા નિવાસસ્થાને આવતા અથવા તો અમે સહુ એમની પાસે જતા, ત્યારે એમની પ્રકાંડ વિદ્વત્તાનો પ્રગાઢ અનુભવ થતો. ભારતીય દર્શન વિશેની એમની તાર્કિક અને સમન્વયવાદી દૃષ્ટિમાંથી પ્રાપ્ત થતા વિચારો આકર્ષક હતા. માનવકલ્યાણના સાધક એવા ધર્મદર્શન અને ચિંતનના તેઓ હિમાયતી હતા. જૈન વેપારી કુટુંબમાં જન્મ્યા હતા અને માત્ર સોળ વર્ષની વયે ૧૮૯૬માં શીતળાને કારણે બંને આંખોની રોશની ગુમાવી હતી, પરંતુ અંધાપાને કારણે અભ્યાસ છોડ્યો નહીં. ૧૯૦૪માં ૨૩ વર્ષની વયે કાશી ગયા અને ૧૯૨૧ સુધી કાશી અને મિથિલામાં ભારતીય દર્શનોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. સંસ્કૃત, પ્રાકૃત અને અંગ્રેજી ભાષા; જૈન આગમો; પ્રમાણશાસ્ત્રો અને પાશ્ચાત્ય મનોવિજ્ઞાન વગેરે વિષયોનું એમણે જ્ઞાન મેળવ્યું અને ઐતિહાસિક સમન્વયાત્મક અને તુલનાત્મક દૃષ્ટિએ તેમણે કરેલા અધ્યયન વડે તેમની પ્રતિભા સોળે કળાએ ખીલી ઊઠી.

૧૯૪૭માં તેઓ અમદાવાદ આવ્યા અને અહીં તેમના નિવાસસ્થાને લેખકો અને વિદ્વાનો સતત આવતા. એમની સાથે કોઈ શાસ્ત્રીય ગ્રંથની વાત કરે કે તરત જ તેઓ એના કેટલાય સંદર્ભો આપતા. ક્યારેક તો એવું આશ્ચર્ય થાય કે એક જ ગ્રંથની જુદી જુદી હસ્તપ્રતમાં આવતા જુદા જુદા શબ્દો તેઓ સાંભળે અને પછી ક્યો શબ્દ હોવો જોઈએ તે કહી આપતા. એક વાર એમની સમક્ષ એક પુસ્તક વાંચ્યું અને પછી એક વર્ષ બાદ એ પુસ્તકની પ્રસ્તાવના લખવાની વિનંતી કરી, તો એમણે પ્રકરણવાર એની પ્રસ્તાવના લખી આપી.

ધર્મ, સમાજ, રાજનીતિ, કેળવણી વગેરે વિષયોને સમાવી લેતા લેખો ધરાવતો 'દર્શન અને ચિંતન' ગ્રંથમાં એમની પ્રતિભા જોવા મળી. આવા તો અનેક ગ્રંથો એમણે લખ્યા અને જૈન વેપારી કુટુંબમાં જન્મેલા અને પ્રજ્ઞાચક્ષુ બનેલા પંડિત સુખલાલજીએ દેશ-વિદેશમાં શ્રદ્ધેય વિદ્વાન તરીકે ખ્યાતિ મેળવી હતી. એમના સાક્ષાત્ પરિચયને પરિણામે મનમાં વિચાર જાગ્યો કે પ્રજ્ઞાચક્ષુઓ પાસે કેવું પ્રચંડ મનોબળ અને જ્ઞાનપ્રાપ્તિની ક્ષમતા હોય છે! પંડિત સુખલાલજી આથી તો 'પ્રજ્ઞાચક્ષુ પંડિતજી' તરીકે સર્વત્ર ઓળખાતા હતા. 'સામાન્ય દૃષ્ટિ ધરાવનાર નહીં, પણ પ્રજ્ઞા એ જ જેમની દૃષ્ટિ છે એવા પંડિત.' પરંતુ બીજી બાજુ એ સમયની વાસ્તવિક પરિસ્થિતિ જોતાં ખ્યાલ આવ્યો કે સમાજમાં અંધ, બધિર કે અપંગ માનવીઓમાં પડેલી વિરાટ શક્તિ સમાજની ઉપેક્ષા, અપમાન અને અવગણનાને કારણે સુષુપ્ત પડી રહે છે. સમાજ આવા દિવ્યાંગો તરફ સ્નેહ દાખવે અને તેમનામાં પડેલી અખૂટ શક્તિ જાગૃત બને તેવું વાતાવરણ રચે તે જરૂરી છે. આમ થાય તો તેઓ નિરાધાર, લાચાર કે નિઃસહાય જીવન ગુજારવાને બદલે હિંમત અને ખમીરથી ગૌરવભર્યું જીવન જીવી શકે.

આજે તો સમાજમાં દિવ્યાંગોનો મહિમા હોવાથી આ વાત ઘણી સામાન્ય લાગે, પણ જે સમયે 'અપંગના ઓજસ' લખવાનું વિચાર્યું તે સમયે ઈ. સ. ૧૯૩૭માં આવી પરિસ્થિતિ નહોતી. વળી વિચાર આવ્યો કે સમાજ એમ માને છે કે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ વધુમાં વધુ સંગીતકાર કે શિક્ષક બની શકે, પરંતુ એને એ બતાવવું જોઈએ કે જેમાં શરીરબળનું સૌથી વધુ મહત્ત્વ છે એવાં રમત-ગમતનાં ક્ષેત્રોમાં પણ તેઓ આશ્ચર્યજનક સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે.

આમાંથી 'અપંગના ઓજસ' પુસ્તકનું સર્જન થયું. રમત-ગમતના ક્ષેત્રમાં વિશ્વમાં આવી સિદ્ધિ મેળવનારી વ્યક્તિઓની કથાઓ મેળવી. બાળપણમાં લકવાની ઘેરી અસર પામનાર વૉલ્ટર ડેવિસ ઊંચા કૂદકાની સ્પર્ધામાં પંદરમી ઑલિમ્પિકમાં વિશ્વવિજેતા બન્યો. ઊંચો કૂદકો લગાવવા માટે પહેલાં ધીમેથી દોડ શરૂ કરવાની હોય, પછી ઝડપથી દોડવાનું હોય અને ત્યારબાદ જોશથી 'પગની

ઠેક' મારીને ઊંચો કૂદકો લગાવવાનો હોય. આમ અન્ય રમતો કરતાં આમાં પગની તાકાતની શક્તિની ઘણી કસોટી થાય છે. એમાં બાળપણમાં લકવાગ્રસ્ત અને જેને માટે ડૉક્ટરોએ પણ એમ કહ્યું હતું કે એ જિંદગીમાં કદી જાતે ચાલી શકશે નહીં, ત્યારે એની માતાએ એવી પ્રેરણા આપી કે તું ચાલી શકાશ ખરો, અરે! દોડીશ અને કૂદકા પણ લગાવી શકીશ અને એમાંથી વૉલ્ટર ડેવિસ જીવન અને રમતના મેદાનનો સાચો વિજેતા બન્યો.

એવી જ રીતે ૧૯,૩૪૦ ફૂટ ઊંચા કિલીમાંજારો પર્વત પર સાત અંધ યુવાનો કોઈનીયે મદદ વિના બે વર્ષની જહેમત બાદ ૧૯૬૯ના ૨૨ ફેબ્રુઆરી મહિનામાં આફ્રિકા ખંડના સૌથી ઊંચા પર્વત કિલીમાંજારોના સર્વોચ્ચ શિખર કીબો પર પગ મૂક્યો અને દુનિયાને અજાયબ કરનારી સિદ્ધિ મેળવી. આ કથા વાંચીને સુરેન્દ્રનગરની અંધ શાળાના ચાર વિદ્યાર્થીઓ કોઈનીયે સહાય વિના ગિરનાર પર્વત ચડી આવ્યા હતા.

એક આંખે ક્રિકેટની રમતમાં બેટર અને સુકાની તરીકે અપૂર્વ સિદ્ધિ મેળવનારા મનસૂરઅલી ખાન પટૌડીના પુરુષાર્થની વાતો એની પ્રત્યક્ષ મુલાકાત કરીને મેળવી, તો જીવલેણ કૅન્સર હોવા છતાં કૃત્રિમ પગથી કૅનેડા દેશનું સમગ્ર ક્ષેત્રફળ પગપાળા દોડનાર ટેરી ફૉક્સ કે પછી નિષ્ક્રિય જમણા પગ સાથે ટેનિસની રમતમાં વિમ્બલ્ડન-વિજેતા બનેલી ડોરીસ હાર્ટ, આખું શરીર અનેક પ્રકારની ઈજાઓથી ઘેરાયેલું હોવા છતાં ડિસ્કસ થ્રોમાં ઑલિમ્પિક વિજેતા બનેલો અલ ઓલ્ટર કે પછી કૃત્રિમ પગથી ટેબલ-ટેનિસમાં વિજય મેળવનાર યોગેશ ગાંધી – આવી કેટલીય વ્યક્તિઓનાં મનોબળ અને પુરુષાર્થનાં પ્રેરણાદાયી ચરિત્રો આમાં આલેખ્યાં.

સાચે જ, જીવન વિજેતાને ઘડતું નથી, પણ વિજેતા જીવનને ઘડે છે અને માનવી એના દૃઢ મનોબળથી અશક્તિઓ અને મર્યાદાઓને ઓળંગી શકે છે. એ બતાવવા માટે પોતાની શારીરિક ખામી ઓળંગીને સિદ્ધિ સર્જનારાઓની કથા આમાં આલેખાઈ, જેમાં કોઈ પર્વતારોહક બની શકે છે તો કોઈ મુક્કાબાજ. એ સમયે વિશ્વની વસ્તીના દસ ટકાથી વધુ લોકો વિકલાંગ હતા અને ભારતમાં સાત કરોડ જેટલા અપંગ, બધિર અને અન્ય શારીરિક ક્ષતિ ધરાવતા દિવ્યાંગો હતા. વળી ગરીબાઈ, અજ્ઞાન, સંકુચિતતા, અંધશ્રદ્ધા તેમજ જન્મજાત ક્ષતિને કારણે દર વર્ષે પચાસ હજાર વ્યક્તિઓનો આમાં ઉમેરો થતો હતો. આવા લોકોએ પોતાની શારીરિક મર્યાદા પાર કરવા માટે કરેલી મથામણનો તાદશ ખ્યાલ મેળવવા ઘણા રમતવીરોની પ્રત્યક્ષ મુલાકાત લઈને માહિતી મેળવી. આને માટે ઠેર ઠેરથી સાહિત્ય એકત્રિત કર્યું. એની પ્રમાણભૂતતા જાળવવા માટે પ્રયાસ કર્યો અને શોધ કરતાં અમદાવાદના શાહપુર વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતો ચંદુલાલ ભાટી નામનો યુવાન મળી આવ્યો.

વિ.સં. ૨૦૨૬ના બેસતા વર્ષના દિવસે અમદાવાદમાં ચાલતા કોમી તાંડવના સમયે કોઈએ એના ઘરની બહાર બૉમ્બ મૂક્યો હતો અને સાંજે એના ભાઈને જમવા માટે બોલાવવા ગયો, ત્યારે બૉમ્બ ફૂટતાં બાર વર્ષનો ચંદુલાલ ભાટી બેભાન થઈને ધરતી પર ઢળી પડ્યો. એક બાજુ એના એક હાથનો પંજો પડ્યો હતો અને બીજી બાજુ બીજા હાથની પાંચ આંગળીઓ રઝળતી પડી હતી. આખુ મોં દાઝી ગયું હતું. આ ગરીબ બાળકને પ્રેરણા તો કોણ આપે? કોઈએ કહ્યું કે કૂતરો પણ જાતે રોટલો ખાઈ શકે છે, જ્યારે આના બંને હાથના કોણી નીચેના ભાગ કપાઈ ગયા છે, તો હવે તે કઈ રીતે ખાઈ શકશે? પણ આ બાર વર્ષના બાળકના મનમાં એણે વાંચેલી એક વાર્તા ઘૂમતી હતી કે એક હાથ વગરનો માણસ મહેનત કરીને વિખ્યાત એન્જિનિયર બન્યો હતો. આથી તેણે પણ નક્કી કર્યું કે હું હિંમત હારીશ નહીં અને સ્વમાનભેર જીવીશ. પેલી વ્યક્તિ ઇજનેર બની, તો હું કારકુન તો બનીશ ને!

અકસ્માતનાં બે વર્ષ બાદ એણે અભ્યાસ ચાલુ કર્યો, સાતમા ધોરણમાં પ્રવેશ મેળવ્યો. આંગળાં નહોતાં, હથેળી નહોતી, કોણી નીચેનો ભાગ નહોતો, પણ ઉત્સાહ, અદ્ભૂત હતો. એણે દોડની સ્પર્ધામાં ભાગ લેવા માંડ્યો અને ૧૯૭૩ની ૯મી માર્ચે મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ પર યોજાયેલી વિકલાંગો માટેની સ્પર્ધામાં પંદર વર્ષનો ચંદુલાલ ભાટી પોતાનાથી મોટી ઉંમરના લોકોને હરાવીને વિજેતા બન્યો અને જાણીતા ક્રિકેટર સુનીલ ગવાસ્કરને હાથે એકસો મીટર દોડ અને લાંબા કૂદકામાં વિજય પ્રાપ્ત કરવા માટે ચંદ્રક મેળવ્યો.

આ ચંદુલાલ ધીરે ધીરે બંને ઠૂંઠા હાથે પ્રાઈમસ સળગાવતાં શીખ્યો, ચા બનાવતાં આવડી ગઈ. સંચાથી સિવણકામ કરવા લાગ્યો, ચિત્ર દોરવાનો શોખ જાગ્યો અને બંને હાથની કોણીના ખાડામાં પેન ભરાવીને ભણવા લાગ્યો અને પછી પીંછી રાખીને ચિત્ર દોરવા લાગ્યો.

સખત પરિશ્રમ કરીને ૧૯૭૬માં ચંદુલાલ ભાટીએ ૬૫ ટકા ગુણ સાથે એસ.એસ.સી. અને ત્યારબાદ ૧૯૭૮માં એચ.એસ.સી.ની પરીક્ષા પસાર કરી. આગળ અભ્યાસ કરવાની એની અદમ્ય ઇચ્છા હતી; પરંતુ આર્થિક સ્થિતિને કારણે કોઈ નોકરી શોધવી પડે એમ હતું. ૧૯૭૯માં અમદાવાદના જિલ્લા પંચાયતમાં એમને એ શરતે

નોકરી મળી કે જો વિકલાંગતાને કારણે બરાબર કામગીરી બજાવી નહીં શકો તો તમને નોકરીમાંથી રુખસદ આપવામાં આવશે.

આફતો સામે ઝઝૂમીને પડકાર ઝીલનારા ચંદુલાલ ભાટીએ એ પડકાર ઝીલી લીધો; એટલું જ નહીં, પણ જુદી જુદી સરકારી કચેરીઓમાં નિષ્ઠા ખંતથી કામ કર્યું. ૧૯૮૧માં ગુજરાતના એ સમયના રાજ્યપાલ શ્રી ચાંડીના હસ્તે એમને ઉત્કૃષ્ટ સરકારી કર્મચારીનો ઍવૉર્ડ મળ્યો. જ્યારે સક્ષમ કર્મચારીઓ પણ આવો ઍવૉર્ડ મેળવી શકતા નથી, ત્યારે વિકલાંગતા ધરાવનાર વ્યક્તિએ આ ઍવૉર્ડ મેળવીને સમાજને બતાવ્યું કે જો હૃદયમાં હિંમત અને મનમાં મહેનત કરવાની વૃત્તિ હોય તો વ્યક્તિ જીવનમાં પ્રગતિની હરણફાળ ભરી શકે છે.

ચંદુલાલનું તન અપંગ હતું, પણ મન અડીખમ હતું અને તેથી એણે વિચાર કર્યો કે હિમાલય પર પર્વતારોહણ કરવું અને ચાર વખત એ હિમાલય પર પર્વતારોહણ કરી આવ્યા અને બહાદુરી માટેનો ચંદ્રક પ્રાપ્ત કર્યો.

રાજ્યકક્ષાની અપંગો માટેની સ્પર્ધામાં ચંદુલાલ સદાય મોખરે રહ્યા. એમણે આઠ સુવર્ણચંદ્રક અને ૧૨ રજતચંદ્રક અને ૨૬ કાંસ્યચંદ્રક પ્રાપ્ત કર્યા છે. આજે એક પુત્ર અને એક પુત્રીના પિતા ચંદુલાલ ભાટી માત્ર સ્વસુખનો વિચાર કરવાને બદલે બીજાને મદદગાર બનવાની તત્પરતા અપંગો માટેની હેલ્પલાઈન પણ ચલાવે છે. વિકલાંગ વ્યક્તિઓને વધુ ને વધુ તક મળે, વ્યવસાય મળે અને જીવનમાં પ્રગતિ કરી શકે એ ચંદુલાલ ભાટીનું ધ્યેય બની ગયું છે. આમ ગરીબાઈ, વિકલાંગતા અને મૂંઝવણોનો સામનો કરીને ચંદુલાલ સ્વયં વિકલાંગો માટે આદર્શરૂપ બની ગયા છે.

વાસ્તવિક ઘટનાઓ ધરાવતું 'અપંગના ઓજસ' પુસ્તક તો લખાયું, હવે વિચાર કર્યો કે આ પ્રકારના પુસ્તકની પ્રસ્તાવના કોની પાસે લખાવવી. એક જમાનાના સમર્થ ઓપનિંગ બૅટધર અને એ સમયે વિકલાંગો માટે ઘણું મોટું કાર્ય કરતા વિજય મરચન્ટ પાસે એનું આમુખ લખાવું તો? અને શ્રી વિજય મરચન્ટે આ પુસ્તકનું આમુખ તો લખી આપ્યું અને એમાં એમણે સ્વયં પોતાની હિંદુસ્તાન મિલ્સમાં કાર્ય કરતી સંપૂર્ણપણે અંધ એવી મીનાક્ષી ઓધવજી ભટ્ટનું જીવંત દૃષ્ટાંત આપ્યું.

એમણે લખ્યું, 'મીનાક્ષીના લગ્નજીવનનાં નવ વર્ષ વીત્યાં છે અને એ બે પુત્રીઓની માતા છે. લગ્ન બાદ મીનાક્ષી કોઈ પણ દેખતા માણસની મદદ વગર ગૅસ પર પોતાનો શાકાહારી ખોરાક જાતે રાંધે છે. એને મદદ કરનાર એકમાત્ર વ્યક્તિ છે, તે એનો અંધ પતિ.' એમને લખ્યું કે મીનાક્ષી ભટ્ટને જાતે એણે રાંધતાં જોઈ છે અને એણે તૈયાર કરેલા ભોજનનો સ્વાદ પણ માણ્યો છે. આ નવ વર્ષમાં દાઝવાની તો વાત શી? પણ ઊનું પાણી એના શરીર પર પડ્યું હોય એવું બન્યું નથી.

આ ઘટના નોંધીને એમણે લખ્યું, 'મેં જે કહ્યું છે તે તમને સાચું ન લાગતું હોય, તો તમે માત્ર શ્રી કુમારપાળ દેસાઈનું અત્યંત આકર્ષક રીતે લખાયેલું આ પુસ્તક વાંચી જાવ. તેમાં અપંગ લોકો જીવવા માટે કેવા ઝઝૂમતા હોય છે અને તેમાં કેટલે અંશે સફળ નીવડે છે એ વાત તેમણે ખૂબ હૃદયસ્પર્શી રીતે આલેખી છે. તેમણે જે વ્યક્તિઓ વિશે આ પ્રસંગો લખ્યા છે તે વ્યક્તિઓને 'ભીની વિકેટ' પર ઝઝૂમવા માટે તો જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં જ છે, પણ સાથે સાથે આવા ઝિંદાદિલ અપંગોના જીવનસંઘર્ષ તરફ આપણા સમાજનું ધ્યાન ખેંચવા બદલ શ્રી કુમારપાળ દેસાઈના પણ આપણે ખરેખર ઋણી છીએ. મને ખાતરી છે કે શ્રી કુમારપાળ દેસાઈનું આ પુસ્તક ઉચિત આવકાર પામશે જ, કારણ કે આ પ્રકારનું પુસ્તકલેખન પણ અપંગોની એક મોટી સેવા જ છે.'

આ પછી મનમાં થયું કે ગુજરાતમાં જુદા જુદા પ્રકારની સાહસ સ્પર્ધાઓ માટે પ્રેરણા આપનાર અને સમાજને બેઠો કરવાની ભાવના ધરાવનાર પૂજ્યશ્રી મોટા પાસેથી આ ગ્રંથને આવકાર પ્રાપ્ત થાય, તો કેટલું સારું! અને એ પુસ્તકના ફર્મા બાઇન્ડ કરાવીને એક પુસ્તક નડિયાદ હરિ ૐ આશ્રમમાં મોકલ્યું. બીજે દિવસે એવું બન્યું કે પૂજ્યશ્રી મોટાના એક-બે અંતેવાસી કોઈ કામ અંગે ઘેર મળવા આવ્યા અને મેં કહ્યું, 'મેં તો ગઈકાલે બધા ફર્મા બાઇન્ડ કરાવીને આ પુસ્તક એમને આવકાર લખવા માટે વિનંતી કરતા પત્ર સાથે મોકલી આપ્યું છે.' એમણે કહ્યું, 'પૂજ્ય શ્રી મોટા તો આજે અમદાવાદમાં છે. ચાલો, એના ફર્માની બીજી બાઇન્ડ કરેલી નકલ હોય તો એમને આપી આવીએ અને તમારું કામ ઝડપથી પૂર્ણ થાય.'

'અપંગના ઓજસ' પુસ્તકના બાઇન્ડ કરેલા ફર્માઓ લઈને હું એમની પાસે ગયો. એક વિશાળ ખંડમાં આસપાસ કેટલાય મહાનુભાવો બેઠા હતા, અને એક બાજુ પલંગ પર તેઓ બેઠા હતા. મને પલંગ પર બાજુમાં બેસવાનું કહ્યું. મનમાં ભારે સંકોચ થયો. નીચે બેસીશ, તો વધુ ફાવશે એમ કહેવાનો વિચાર કરતો હતો, ત્યાં જ તેઓ બોલ્યા, 'સંકોચ વગર બેસો અને શું કામ છે, તે કહો.'

મેં એમને પુસ્તકના ફર્મા આપ્યા. એ પહેલાં એકાદ મિનિટ પુસ્તક શા માટે લખ્યું તે વિશે વાત કરી અને પછી એમણે પુસ્તકનાં માત્ર પાનાં ફેરવ્યાં. એકાદ મિનિટ થઈ હશે અને એમના અંતેવાસી

પૂજ્ય શ્રી નંદુભાઈને બોલાવીને કહ્યું, 'મને કાગળ આપો.' અને એમણે લાલ પેનથી એક સાથે આઠા પાનાં 'આવકાર' રૂપે લખી આપ્યાં. બન્યું એવું કે જે વિચારથી મેં આ પુસ્તક શરૂ કર્યું હતું અને જેની પ્રસ્તાવનામાં જે વાત હું લખવાનો હતો એ બધું જ જાણે મારો હૃદયભાવ પકડી લીધો હોય એમ, એમણે લખ્યું. હું સ્તબ્ધ થઈ ગયો. સંતની કેવી શક્તિ! સંતની શક્તિનો એક પ્રત્યક્ષ અણસાર મળ્યો. આજે પણ એમના એ હાથલખાણનાં પૃષ્ઠો જતનથી જાળવી રાખ્યાં છે.

એમણે પુસ્તકના પ્રારંભે લખેલા આવકારમાં પુસ્તકના વિષયની વિશેષતા, દિવ્યાંગો માટેનાં લખાણોથી કરેલી સેવા અને આવું પુસ્તક લખવા માટે કરેલો પુરુષાર્થ – એની વાતો કર્યા પછી એમણે લખ્યું, 'માનવનું મન કેટલું મહાન છે અને તે ધારે તો અશક્યને પણ શક્ય કરી શકે છે, તે આ પુસ્તકનાં કર્મોથી ફલિત થાય છે. માનવસમાજના સંકલ્પને દૃઢીભૂત થવામાં અને તેને મરણિયો બનાવવામાં આવાં પાત્રોની સાહસગાથાઓ જીવનમાં ઘણો મોટો ભાગ ભજવે છે.'

'ભાઈશ્રી કુમારપાળભાઈ આવા પ્રકારનું સાહિત્ય પ્રગટ કરતા રહે તો સમાજનો અભિગમ બદલાવવાની પ્રક્રિયામાં તેમનો જે કંઈ યત્કિંચિત્ ફાળો હશે, તે તેમનું કર્મ પણ અદ્વિતીય પ્રકારનું ગણાશે. આવા પ્રકારનું સાહિત્ય વિશેષ ને વિશેષ પ્રગટ થતું જાય અને સમાજ તે વાંચતો થાય, તો સમાજના વિકાસની ગતિમાં શ્રધ્ધા છે કે પ્રગતિ થાય.'

'અપંગના ઓજસ' પુસ્તક પ્રગટ થયું. ઘણી સંસ્થાઓએ એને પાઠ્યપુસ્તક તરીકે વર્ગશિક્ષણમાં સ્થાન આપ્યું. બ્રેઇલલિપિમાં એનું રૂપાંતર થયું અને આજે તો ગુજરાતી 'અપંગના ઓજસ'ની આઠ આવૃત્તિઓ પ્રગટ થઈ છે. હિન્દીમાં 'अपाहिज तन, अडिग मन' તરીકે કરેલો એના અનુવાદની ત્રણ આવૃત્તિ પ્રગટ થઈ છે અને અંગ્રેજીમાં 'The Brave Hearts' નામે એની ચાર આવૃત્તિ પ્રગટ થઈ છે. એની શ્રાવ્ય (ઓડિયો) આવૃત્તિ પણ તૈયાર થઈ અને એ રીતે જીવનમાં ગુરુ તરીકે સ્થાપેલા પંડિત સુખલાલજીની પ્રચંડ વિદ્વત્તા આ ગ્રંથનું વિચાર-બીજ બનીને વટવૃક્ષ તરીકે પ્રગટ થઈ.

✦ ✦ ✦

સંપર્ક : ૦૭૯૨૬૭ ૬૨૦૮૨, અમદાવાદ

# ગાંધીજી ક્રાંતિકારી ગણાય ખરા?

**મનસુખ સલ્લા**

**ક્રાં**તિકારીની સાદી વ્યાખ્યા એ છે કે જેઓ ધરમૂળમાંથી પરિવર્તન કરે / કરાવે. એ સ્થાન માટે હોય કે વ્યવસ્થા માટે હોય. જે જૂનું છે, ચાલુ છે, સ્થિર થયેલું છે તેને સમૂળુ બદલી નાખવું. જગતભરના ક્રાંતિકારીઓએ આ કામ કર્યું છે. ભારતમાં વિદેશીઓનું શાસન સદીઓથી હતું. મોગલ શાસન લગભગ ચારસો વર્ષ રહ્યું. પરંતુ તેઓ ભારતમાં જ સ્થિર થયા, લૂંટીને ચાલ્યા ન ગયા. અંગ્રેજોએ ૨૦૦ વર્ષ દરમિયાન ભારતનું સમગ્રદર્શી શાસન કર્યું. કેવળ આર્થિક શોષણ ન કર્યું, પરંતુ અહીંની પરંપરાઓ, માન્યતાઓ, સાંસ્કૃતિક આધારો – બધાંને આઘાત આપવાનું કામ અંગ્રેજોએ કર્યું. (આ દેશને નવા યુગમાં લઈ જવાનું પણ અંગ્રેજોએ કર્યું છે. અંગ્રેજી ભાષા દ્વારા જ્ઞાનની વૈશ્વિક બારી ખોલી આપવાનું કામ પણ અંગ્રેજોએ કર્યું છે.) અંગ્રેજો ક્યારેય આ દેશના ન થયા. તેઓ કાયમ વ્યાપારી શાસકો રહ્યા. એટલે દેશપ્રેમી લોકોના માનસમાં અંગ્રેજોનો વિરોધ શરૂ થયો.

જે શાસન ન ગમતું હોય તેને ઉથલાવવાનું, બદલવાનું સશસ્ત્ર રીતે થાય એ સ્વીકૃત રીત હતી. ફ્રેન્ચ ક્રાંતિ, અમેરિકન ક્રાંતિ, રશિયન ક્રાંતિ, ચીનની ક્રાંતિ – બધામાં ક્રાંતિનું માધ્યમ હિંસક – સશસ્ત્ર પરિવર્તનનું હતું. એમાં કોઈને કશુંય અસ્વાભાવિક નહોતું લાગતું. એટલે ૧૮૪૦ આસપાસથી અંગ્રેજોનો વિરોધ સશસ્ત્ર રીતે શરૂ થયો. ૧૮૫૭માં એ વિરોધ સામૂહિક અને મુખર બન્યો. પરંતુ સમગ્રદર્શી આયોજન અને સ્પષ્ટ નેતૃત્વના અભાવે એ પ્રયત્ન સફળ ન થયો.

૧૮૫૭થી લગભગ ૧૯૪૦ સુધી ભારતમાં વિવિધ ક્રાંતિકારી મંડળો અને તેના નોંધપાત્ર આગેવાનોએ અંગ્રેજ શાસનને હલાવવા કે ખસેડવા માટેની હવા બાંધવાની ભૂમિકા ભજવી. એ સઘળાએ માથું હાથમાં લઈને દેશ માટે સર્વસ્વ હોડમાં મૂક્યું હતું. આ ક્રાંતિકારીઓના ત્યાગ, બલિદાન અને સમર્પણ અસાધારણ હતાં. આ સૌએ મોટેભાગે વ્યક્તિગત રીતે કે નાનાં જૂથરૂપે મથામણ કરી. એનું સંગઠિત, આયોજિત, વ્યાપક રૂપ એટલે સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજ. દેશના સ્વાતંત્ર્ય માટે આ સૌએ પોતપોતાની રીતે પ્રયત્નો કર્યા. એટલે ભારતીય પ્રજા માટે તેઓ 'વીર' બની રહ્યા. એમનું ગૌરવ પણ થાય છે.

અંગ્રેજોની 'ભાગલા પાડીને રાજ કરો' નીતિને કારણે હિંદુ-મુસ્લિમના ભાગલા પડ્યા. (અગાઉ આ બંને કોમ સાથે મળીને લડી હતી.) મોહમ્મદઅલી ઝીણાની વ્યક્તિગત અતિ મહત્ત્વાકાંક્ષાએ મુસ્લિમ લીગને વેગ આપ્યો. સામે પક્ષે સાવરકર અને હિન્દુ મહાસભાએ હિન્દુ સંગઠનને વેગ આપ્યો. એનું કરુણ પરિણામ દેશના ભાગલા રૂપે આવ્યું.

આ ભૂમિકા સમજવી ખૂબ જ જરૂરી છે. આજે માસ મીડિયામાં પ્રચારની અનુકૂળતાઓ હોવાથી અનેક વિગતો વિકૃત કરીને, સંદર્ભમાંથી ઉખેડીને, અનુકૂળ બાબતો રજૂ કરવામાં આવે છે. એથી અંશ જાણે સમગ્ર હોય એવી છાપ ઊભી થાય છે. આ અર્ધસત્ય છે. અને **અર્ધસત્ય અસત્ય કરતાં પણ જોખમી અને નુકસાનકારક હોય છે.** જેમ કે હમણાંથી ક્રાંતિકારીઓની યાદીમાં અને તેમના ફોટાઓમાં સરદાર વલ્લભભાઈને મૂકવામાં આવે છે. સરદાર જીવનભર કોંગ્રેસી રહ્યા હતા, ગાંધીજીના પરમ અનુયાયી રહ્યા હતા, નીડર દેશપ્રેમી હતા. પરંતુ આજના કોંગ્રેસ પક્ષના વિરોધ માટે સરદારને ક્રાંતિકારીઓની સાથે મૂકવાનું કેટલાકને અનુકૂળ જણાય છે. આ વિવેક ભરેલું નથી. સ્વરાજ પહેલાંની કોંગ્રેસ અને સ્વરાજ પછીની કોંગ્રેસ એક નથી. એને એક ગણવી ન જોઈએ.

ગાંધીજીના અહિંસક સત્યાગ્રહનો પ્રારંભ દક્ષિણ આફ્રિકાથી થયો. ત્યાં પણ અંગ્રેજ શાસન હતું. જેલનો ત્રાસ, બેરહમ માર, ગોળીબાર – બધાંની સામે સામાન્ય માણસોના સાથથી ગાંધીજીએ અસામાન્ય સફળ પરિવર્તન કરાવ્યું. વિનાસંકોચ કહી શકાશે કે અહિંસક ક્રાંતિની આ રીત રાજકીય ક્ષેત્રમાં પ્રથમ વારની હતી. અગાઉની સદીઓમાં મહામાનવોએ વ્યક્તિગત રીતે અહિંસક પ્રતિકાર કર્યો હતો. પરંતુ અન્યાયનો સામનો કરનાર આવો સામૂહિક અહિંસક પ્રયોગ જગતના ઇતિહાસમાં પ્રથમવાર થયો હતો.

જગતભરની ક્રાંતિઓમાં છુપાવવું, છેતરવું, સૂક્ષ્મ વ્યૂહરચનાઓ કરવી, વધુ સશસ્ત્ર બળ અને વધુ સંખ્યા હોય તેનું જ મહત્ત્વ હતું. ગાંધીજીએ તદ્દન નવી, મૌલિક અને અધ્યાત્મના આધારવાળી પદ્ધતિ નીપજાવી હતી. તેમાં અન્યાયનો વિરોધ હતો, પરંતુ અન્યાયકર્તા માટેનો ધિક્કાર નહોતો. તેમાં કશુંય છુપાવવાનું નહોતું. જૂઠ કે છેતરવાનું નહોતું. એ ભૂલી જવાય છે કે અહિંસક પદ્ધતિમાં પણ અસામાન્ય શિસ્ત, સંયમ, સ્વાર્પણ અને સહન કરવાની તૈયારી કેન્દ્રમાં હોય છે. ભારતમાં ગાંધીજીની પ્રેરણાથી એ શક્ય બન્યું. કેવળ ભણેલા-ગણેલાઓ નહીં, પણ સાવ નિરક્ષર અને સાધારણ લોકો પણ સત્યાગ્રહમાં ભાગીદાર થયા હતા. એવી સંખ્યા લગભગ પાંચ લાખ લોકોની ગણાય છે. પચાસ-સો કોંગ્રેસીઓ ગાંધીજીની સાથે હતા એવું આજની પેઢીના બિનઅભ્યાસીઓ માને છે તે સાચું નથી. સ્વાતંત્ર સંગ્રામમાં એકસાથે ભારતભરની જેલોમાં કુલ કેટલા સત્યાગ્રહીઓ હતા તેનો સર્વે થયો છે. તેમાં પાંચ લાખથી વધુ સંખ્યાનો આંકડો છે. કોઈપણ ક્રાંતિમાં ભાગ લેનારાઓ કરતાં આ આંકડો નાનો નથી. વળી અહિંસક સ્વાતંત્ર સંગ્રામમાં ભાગ લેનારાઓ સ્વ-પ્રેરણાથી અને સ્વબળે ભાગીદાર થયાં હતાં. કુટુંબ અને કારકિર્દીને હોડમાં મૂકીને જોડાયાં હતાં. તેમણે અસામાન્ય ભોગ આપ્યો છે. ભલે આજે તેમને ક્રાંતિના ભાગીદાર ગણવામાં આવતા ન હોય. મીઠાના સત્યાગ્રહમાં ધારાસણામાં સત્યાગ્રહીઓનાં માથામાં પોલીસ દ્વારા લાઠીઓ ફટકારવામાં આવતી હતી (અને એ પોલીસ હિન્દીઓ હતા.) એ જોઈને અંગ્રેજ પત્રકાર અને ફોટોગ્રાફર હલી ગયા હતા. પરંતુ કોઈ સત્યાગ્રહીએ હાથ નહોતો ઉઠાવ્યો, આંખમાં ખુન્નસ નહોતું દર્શાવ્યું કે ધિક્કાર પ્રગટ નહોતો કર્યો. અને આ સૌ સામાન્ય માણસો હતા. હિંસક ક્રાંતિના સૈનિકો કરતાં આ અનેકગણું વધારે બલિદાન માગનારી પ્રક્રિયા છે. એને દિશા આપનાર, ધ્યેયની સ્પષ્ટતા આપનાર, સંગઠિત કરનાર, આત્મબળનાં માધ્યમો વિકસાવનાર ગાંધીજી હતા. લેનિન, માઓત્સે તુંગ કે ફ્રેન્ચ ક્રાંતિના આગેવાનો કરતાં આ ઘણું મહાન નાયકત્વ હતું. જગત આખા માટે આ દર્શન નવું હતું, પદ્ધતિ નવી હતી, કાર્યરૂપ નવું હતું. આ કેવળ શાસન પરિવર્તન નહોતું, પણ નવતર જીવનશૈલી હતી. પ્રકૃતિને અનુકૂળ અને નરવા સમાજની દિશા ચીંધનાર જીવનપદ્ધતિ હતી. જો કે અહિંસક પદ્ધતિ પચાવવી સહેલી નથી જ. એ તો સિંહણનું દૂધ છે, એ સુવર્ણના પાત્રમાં જ ઝીલી શકાય. એ ઘણા વધારે આંતરિક ત્યાગ અને સમર્પણ માગે છે.

ગાંધીજીના જીવતા પણ બધાંને અહિંસક પદ્ધતિ સમજાઈ નહોતી, સ્વીકાર્ય બની નહોતી. અને કેટલાક લોકોએ હિંસક પદ્ધતિ ચાલુ રાખી હતી. ગાંધીજીએ અહિંસક ક્રાંતિની જે રીત બતાવી તેમાં માણસને મારવાનો નહતો, પરંતુ તેના શુભ તત્ત્વને જાગૃત કરવાનું હતું. અને એ પણ જાતે સહન કરીને કરવાનું હતું. સાચું જીવન જીવવા માટે વ્યક્તિગત અને સમૂહગત પરિવર્તનની આ પદ્ધતિ હતી.

પ્રજાની અસ્મિતાની મુગ્ધ ભાવનાશીલતા જગાડવી હજુ સહેલી છે. સ્વાતંત્ર મેળવનાર પ્રજાને એમાં ગૌરવ પણ લાગે. ઇઝરાઈલના મોટા ઇતિહાસજ્ઞ પ્રો.તાલમાનને મનુભાઈ પંચોળી દર્શકે આ પ્રશ્ન પૂછ્યો હતો, ત્યારે વિશ્વ ઇતિહાસના અભ્યાસી તાલમાને કહેલું કે,

'સ્વતંત્ર થનાર પ્રજા માટે આવું ગૌરવ થોડો વખત જરૂરી પણ હોય છે. પરંતુ પ્રજા કાયમ એને આધારે જ રહે તો એ પ્રજા નવા પ્રકારની હિંસક પદ્ધતિઓ, સંકુચિતતા અને સ્વકેન્દ્રીતામાં અટવાઈ જાય છે.' આપણા દેશ માટે આ ઘણું મોટું જોખમ છે. રાષ્ટ્રપ્રેમ જરૂરી છે, પરંતુ સત્ય તેનાથી ઉપર છે. એટલે રવીન્દ્રનાથ ટાગોરે 'ઘરે બાહિરે' નવલકથામાં નાયક નિખિલના મોંએ, સ્વરાજના ત્રણ દાયકા પહેલાં, કહેવડાવ્યું હતું કે, 'હું મારા દેશને ચાહું, પણ પૂજા તો સત્યની જ કરીશ.' જાણે રવીન્દ્રનાથે ગાંધીજીના સત્યાગ્રહનો મર્મ ખોલી આપ્યો હતો.

આજે ગોડસેને પસંદ કરનારા અને ગાંધીજીની હત્યાને વાજબી ગણનારા એક દિવસમાં માસમીડિયામાં ૯૦ હજાર જણ હોય તો એ આંકડો મોટો છે, પરંતુ તેમનું વલણ સત્યાશ્રિત નથી. ગાંધીજીને ન સમજવાની જીદનું એ પરિણામ છે. દુનિયાભરના મહાત્માઓને નિકટના દેશજનો સમજ્યા ન હોય, તેમની ઉપેક્ષા કે અવમાનના કરી હોય તેનાથી જગતનો ઇતિહાસ ભરેલો છે. પરંતુ મહાત્માઓને કાળના વ્યાપક ફલક ઉપર તપાસવા જોઈએ. પાકિસ્તાનને ૫૦ કરોડ રૂપિયા આપવા જોઈતા હતા કે નહીં, ભગતસિંહને બચાવવા માટે ગાંધીજીએ પૂરતા પ્રયત્નો કર્યા હતા કે નહીં એ મુદ્દાઓને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં અને પૂરતા સંદર્ભો સાથે, હકીકતોનો આધાર લઈને સમજવા જોઈએ. કેવળ હેત્વારોપણથી સ્પષ્ટ દર્શન નથી થતું.

વળી આજનું વાતાવરણ એવું છે કે શસ્ત્રબળ વધારવામાં જ ગૌરવ ગણાય છે. જગતભરના નાયકો એની હોડમાં ઉતર્યા છે. પરંતુ શસ્ત્રબળના ખડકલા ઉપર બેસીને મીઠાઈ ખાનારા એ ભૂલી જાય છે કે આ માર્ગ મનુષ્યનાં અશુભ તત્ત્વોને પ્રોત્સાહન આપનારો છે. ટ્રમ્પ, બાયડન, પુતિન, જિન પિંગ કેકીમ જોંગ એનાં પ્રતીકો છે. કેવળ સત્તાપલટો કે લશ્કરી વિજયને આધારે એના નાયકોને ક્રાંતિકારી ગણવામાં અધૂરી દૃષ્ટિ છે. રશિયામાં સામૂહિક ખેતી કરવા માટે સ્ટાલીને ૬૦ લાખ ખેડૂતોનો ભોગ લેતો હતો તેવું નોંધાયું છે. ચીને સામ્યવાદ સ્થિર કરવા માટે બે પેઢીનો કરુણ ભોગ લીધો છે. એ સઘળું ભૂલીને ક્રાંતિની વ્યાખ્યા કરવી એ વૈશ્વિક સંદર્ભને ભૂલીને આપણી આજને ચગાવવા જેવું થશે.

આનાથી પણ મોટો સંદર્ભએ છે કે પર્યાવરણના પ્રશ્નો વિકટ બની રહ્યા છે અને દસ પંદર વર્ષમાં વધારે વ્યાપક અને અસહ્ય બનશે. એનાથી સૃષ્ટિ સંતુલન ખોરવાશે. એનાથી માણસજાત કેવી વૈશ્વિક કટોકટીમાં મુકાશે એ ભૂલવા જેવું નથી. ધર્મને પ્રશ્નોનો આધાર બનાવીને બધું માપવામાં આપણે ઊણા સાબિત થશું. એનો જવાબ એક સદી પહેલાં (૧૯૦૯, 'હિન્દ સ્વરાજ'માં) ગાંધીજી આપ્યો છે. એટલે ગાંધીજીને વાજબી રીતે સમજીએ તો સમજાય કે સત્તાપરિવર્તન કે લશ્કરીવિજય એ ક્રાંતિ નથી, પરંતુ જીવનને જોવાની, ઓળખવાની, માપવાની નૂતન દૃષ્ટિ અને એ માટેનો પુરુષાર્થ એ ક્રાંતિ છે. ગાંધીજી એવા ક્રાંતિકારી છે જેમણે માત્ર ભારતને જ નહીં, પરંતુ વિશ્વને નવું દર્શન આપ્યું છે. એ સંદર્ભમાં કહી શકાય કે દેશની એકાદ ઘટનાને આધારે પ્રશ્નોના ઉકેલ નહીં વિચારવા જોઈએ. ચૂંટણીના લાભો માટે ઊભા કરાતા પ્રસંગોને આધારે દેશના જીવનને માપવામાં આપણી દૃષ્ટિ ધૂંધળી જ રહેવાની.

પ્રચારના અંધાધૂંધ વંટોળ વચ્ચે આપણી આંખ સત્યદર્શન ન કરી શકે તો આપણે નબળા વારસદાર ગણાશું. ઉપનિષદોનો ફારસીમાં અનુવાદ મોગલ દારા શિકોહે કર્યો હતો. તેની દ્વારા જર્મન અને યુરોપના વિદ્વાનોને ઉપનિષદનો પરિચય થયો હતો. એ વિદ્વાનોએ ઉપનિષદનું ગૌરવ કરતા કહ્યું કે 'માનવીય ચિંતનનું આવું ઉન્નતદર્શન બીજું કશું નથી.' પછી આપણે પણ ઉપનિષદોનું ગૌરવ કરવામાં રાજી થઈ ગયા. એમ ગાંધીજીના દર્શનનો પશ્ચિમના વિદ્વાનો સ્વીકાર અને પુરસ્કાર કરે પછી આપણે ગાંધીજી માટે ગૌરવ અનુભવીએ તો તેમાં આપણી લઘુતા જ ગણાશે.

દધિચી ઋષિની કથા પુરાણોમાં વિખ્યાત છે. અસુરો સામેના વિજય માટે ઇન્દ્રે માગ્યાં તો દધિચીએ પોતાનાં હાડકાં આપ્યાં હતાં. એ હાડકાંમાંથી ઇન્દ્રે વજ્ર બનાવીને અસુરોને હરાવ્યા હતા. એમાં તો દધિચી ઋષિએ એકવાર જાતનો હોમ કર્યો હતો. પરંતુ ગાંધીજીએ દેશ માટે અને વિશ્વ માટે પ્રતિ પળ જાતનો હોમ કર્યો છે. અહિંસક ક્રાંતિના પ્રણેતા તરીકે, નૂતન જીવનના ઉદગાતા તરીકે, મનુષ્ય, સમાજ અને પ્રકૃતિના સંવાદી સંબંધને પારખનાર તરીકે, કોઈ એક દેશનું નહીં પણ માનવજાતના કલ્યાણનું દર્શન આપનાર તરીકે ગાંધીજી આજ સુધીના ક્રાંતિકારીઓમાં સૌથી શિરમોર છે.

ગાંધીજીનાં બેચાર પગલાં કે નિર્ણયો માટે આખા ગાંધીજીની બાદબાકી કરવામાં અને અસ્મિતાની મુગ્ધતાને પંપાળનારાને સ્થાપવામાં આપણે પ્રમાણભાન નથી જાળવતા. તો આપણે ઇતિહાસબોધ નથી પચાવ્યો એમ ગણાશે. ટૂંકા લાભ માટે ગાંધીજીને નાના ચિતરવામાં ગાંધીજીએ તો કશું ગુમાવવાનું નથી, પણ ભારતીય પ્રજા માટે એ ખોટનો સોદો સાબિત થશે. ક્રાંતિ વિશેના મુગ્ધભાવને બદલે યથાર્થ દર્શન જ ભારતીય પ્રજા માટે કલ્યાણકારક બનશે. યથાર્થ દર્શન હશે તો ગાંધીજી વધુ સમજાશે અને વહેલા સમજાશે.

✦ ✦ ✦

સંપર્ક : mansukhsalla@gmail.com

# શાંત મન : સહજ જ્યોતિનું પ્રકાશન

**મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજી**

**शान्ते मनसि ज्योतिः,**
**प्रकाशते शान्तमात्मनः सहजम् ।**
**भस्मीभवत्यविद्या,**
**मोहध्वान्तं विलयमेति ।।**

(અધ્યાત્મસાર, આત્માનુભવાધિકાર, શ્લોક - ૧૯)

ઉપાધ્યાય શ્રીયશોવિજયજી રચિત આ શ્લોક સંયમયાત્રામાં મારો સદાનો સાથી બની રહ્યો છે – નિત્યનૂતન અને ચિરંજીવ મિત્ર. શાંતિની મબલખ મૂડી આ શ્લોકમાં ધરબાયેલી છે. તે તે સમયે આ શ્લોકના પરિપ્રેક્ષ્યમાં જે ચિંતન થયું છે તેમાંથી થોડુંક, ક્રમિકતા – સુગ્રંથિતતા લાવ્યા વગર જ, ડાયરીનાં પાનાંઓ પરથી અહીં અવતાર્યું છે. આ વિચારણા અલગ - અલગ પરિસ્થિતિમાં થયેલી છે એટલે એમાં એકવાક્યતા કે એકરૂપતા નહીં જ લાગે. પરાણે એકરૂપતા લાવવાનો પ્રયાસ તો આ વિચારણાઓની સાહજિતાને ખંડિત કરે તેમ હોવાથી તેવો પ્રયાસ નથી જ કર્યો. હા, નોંધાતી વિચારણાઓ આ શ્લોક સાથે કોઈક ને કોઈક તંતુથી જોડાયેલી હોય તેટલી નિસબત અવશ્ય જાળવી છે. પતંગ ગગનમાં યથેચ્છ વિહરે, પણ એની દોરી ધરતી પરના કોઈક માણસના હાથમાં હોય એવું જ કંઈક આમાં સમજવાનું છે.

* * *

શાંતિ અને સમાધિ શ્રમણજીવનનાં મૂળભૂત લક્ષ્ય છે. પ્રભુ વીરે પોતાના પ્રરૂપેલા માર્ગને (-શાસનને) સંતિમગ્ગં શાંતિના માર્ગ તરીકે જ ઓળખાવ્યો હતો. 'પાયો પરમ વિશ્રામ'માં વ્યક્ત થતી પરમશાંતિ (અર્થાત્ મુક્તિ) જો સાધક આત્માનું પારમાર્થિક સાધ્ય હોય તો, એને પ્રાપ્ત કરવાની મથામણ (અર્થાત્ સાધન-ધર્મ) પણ શાંતિમઢી જ હોય. આવી મથામણ કરનારો અને એને લીધે શાંતિમાં રમમાણ રહેનારો જીવ જ્યાં પણ જાય, ત્યાં પોતાના સંપર્કમાં આવતા જીવોમાં એ શાંતિની ચાહના જન્માવી શકતો હોય છે, એ જીવોને શાંતિ માટે પ્રેરિત કરી શકતો હોય છે. અને એ રીતે જીવોના હૈયામાં શાંતિના માર્ગસ્વરૂપ ધર્મની – શાસનની પ્રતિષ્ઠા પણ કરી શકતો હોય છે. આ જ છે. વાસ્તવિક શાસન-પ્રભાવના.

પરંતુ આજે તો 'શાસનપ્રભાવના' બહુ છેતરામણો શબ્દ થઈ ગયો છે. સ્વપ્રશંસાના કાળા પડછાયાને કેવો રૂડો-રૂપાળો અંચળો આપણે ઓઢાડી દીધો છે! જોકે એ સાચું છે કે, સ્વપ્રશંસા માણસમાત્રને ગમે છે, માનવસહજ સ્વભાવની એ નબળાઈ છે. પરંતુ એક શ્રમણ તો વીતરાગના પંથે નીકળ્યો હોય છે. એનો અર્થ જ એ થાય કે માનવસહજ નબળાઈઓથી ઉપર ઊઠવાની યાત્રા છે. હવે જો આપણે આપણી વૃત્તિઓનું વિશ્લેષણ કરીશું તો સ્પષ્ટ સમજાશે કે આમાં સંયમયાત્રાનું નિર્વહણ કેટલું? શ્રાવકો વંદન કરીને પૂછે કે, 'સુખ સંયમયાત્રા નિર્વહો છો જી?', ત્યારે જવાબ આપવાની ખરેખર મૂંઝવણ થાય છે.

શાસનપ્રભાવનાના ભ્રામક ખ્યાલમાં આપણી સહજશાંતિ, સમાધિ, સ્વસ્થતા બધું જ નંદવાતું હોય છે. આપણે શ્રામણ્યજીવનની સહજ પ્રસન્નતાનો અનુભવ જ નથી કરી શકતા. અને એટલે જ સુખચેન શોધવા માટે આપણે બહાર ફાંફા મારવા પડે છે. આના પરિણામે આપણી સિલકમાં એકમાત્ર અશાંતિ જ શેષ બચે છે. જો કે, આ વ્યક્તિગત નુકસાન કરતાં પણ વધુ ચિંતાજનક વાત એ છે કે આવી, અવાસ્તવિક કહી શકાય એવી, શાસનપ્રભાવનાને અવાસ્તવિક કહી શકાય એવી, શાસનપ્રભાવનાને લીધે આપણાં જૈનત્વનાં મૂળિયાં હમમચતાં જાય છે, સરેરાશ જૈન, નીતિમત્તાનાં ધોરણો સતત ગુમાવતો જાય છે, અન્ય ધર્મોના અનુયાયીઓના મનમાં આપણા માટે સૂગ પેદા થતી જાય છે અને મૂળ જૈન ધર્મથી જૈન યુવાવર્ગ વિખૂટો પડતો જાય છે. શાસનપ્રભાવનાના આ રૂપેરી પડદા પાછળની શાસનહીનતાની વાસ્તવિકતા એટલી બધી વરવી હોય છે કે એનો પાર પામવામાં આપણી કલ્પનાનો પનો ટૂંકો પડે! આમાં જ્યોતિ ક્યાંથી પ્રકાશે?

* * *

શાંતિ અને જ્યોતિ – એક જ સિક્કાની બે બાજુ છે. આમ જુઓ તો, એકબીજા પર અવલંબિત છે. મન શાંત પડે એટલે જ્યોતિ પ્રજ્વલિત થાય અને જ્યોતિ જેમ ઉજ્જવળ બનતી જાય તેમ મન વધુ ને વધુ શાંતિમાં ગરકાવ થતું જાય. આ એક એવી જ્યોતિ છે કે જે ક્યારેક પૂરેપૂરી બુઝાતી નથી. આ એક એવો દીવો છે કે જે ક્યારેય રામ નથી થતો. આત્માની જેમ જ તે સહજ છે, અનાદિ-અનંત છે. આ જ્યોતિને પેદા નથી કરી શકાતી, એનું માત્ર પ્રકાશન-પ્રકટીકરણ જ થાય છે. અશાંતિનું વાવાઝોડું એને ડામાડોળ – ઝાંખી

બનાવે છે, તો શાંતિનું કવચ અને પ્રજ્વલિત રાખે છે.

એક ખાસ ધ્યાનપાત્ર વાત એ છે કે પ્રાયઃ આપણને જ્યોતિ અને જ્યોતિના આભાસ વચ્ચેના ભેદ અંગે સમજણ હોતી નથી. એટલે જેટલું વધુ ભણીએ – વાંચીએ તેટલી જ્યોતિ ખીલતી જાય એમ આપણે માની બેસીએ છીએ. તેથી થાય છે એવું કે જ્ઞાનાવરણીય કર્મના ગુણાંકમાં જ આપણો મોહનીયનો ઉદય પણ વધતો જ જાય છે. જ્ઞાનની જ્યોતિ સૌને હૂંફ – આપી શકે, પરંતુ એનો આભાસ તો બીજાને દઝાડવામાં – બાળીને રાખ કરવામાં જ માને છે. પૂર્વની આરાધનાના રૂડા પ્રતાપે જ્ઞાન ઘણું વધે, પરંતુ એની સાથે જ તોડછતાઈ, આછકલાઈ, અહંકાર, બીજાનો તિરસ્કાર – આ બધું પણ ફૂંફાડા મારવા માંડે. પ્રતિભાના જોરે લોકોને આકર્ષવાનું અને સમાજમાં અગ્રસ્થાન મેળવવાનું આપણા માટે શક્ય હોય છે, પરંતુ આવા સ્વભાવને લીધે માનવસહજ લાગણી, પ્રેમ, વાસલ્ય, કારુણ્ય વગેરેથી આપણે વંચિત જ રહી જઈએ છીએ. આપણે આપણી આસપાસ પ્રતિષ્ઠા અને માનપાનનું એવું સીમિત વર્તુળ રચી દઈએ છીએ કે એમાં ઋજુતાને કોઈ સ્થાન જ નથી હોતું. ઉત્તેજનાભરી અશાંતિ આપણને કોઠે પડી જાય છે અને સ્વસ્થતાભરેલી શાંતિ આપણને અકારી લાગે છે – અજંપો જન્માવે છે!

'હું આ કરું છું, હું હતો તો આ થયું, હું આમ કરીને જંપીશ' – આવા કર્તરિ-પ્રયોગ જ આપણને ફાવે છે, 'પરમતત્ત્વની કૃપાએ મારી પાસે આ કરાવ્યું' એવો કર્મણિ-પ્રયોગ, પોતાની જાતનો મુખ્ય ચાલકબળને બદલે નિમિત્તરૂપે સ્વીકાર, આપણને ફાવતો જ નથી. પણ આ કર્તરિ-પ્રયોગ આત્મિક શાંતિને છિન્ન-ભિન્ન કરવાના પ્રયોગ બની રહે છે એ વાત આપણે ક્યારે સમજીશું?

* * *

સાધુ માટે એક પ્રચલિત શબ્દ 'ક્ષમાશ્રમણ' છે. ક્ષમા જેનો મુખ્ય ગુણ છે એ સાધુ એવી વિભાવના આ ઓળખાણના મૂળમાં છે. પ્રશ્ન એ થાય કે અહીં ક્ષમા જ કેમ કહી? કષાયો તો ચાર છે, તો ક્રોધના અભાવને જ મુખ્ય ગુણ કેમ ગણ્યો? સામાન્ય રીતે આપણે 'શાંતિ' શબ્દને પણ ક્ષમા સાથે જ વધારે સાંકળતા હોઈએ છીએ. ગમે તેટલા અભિમાની, માયાવી, પ્રપંચી, લોભ-લાલચુ માણસને પણ, માત્ર એ ક્રોધ ન કરતો હોય તો, સમાજ 'શાંત' જ ગણતો હોય છે. આવું કેમ?

વિચાર કરતાં એવું જણાય છે કે, બાકીના ત્રણે કષાયોનું પર્યવસાન પ્રાયઃ ક્રોધમાં જ થતું હોય છે. તેથી જો ક્રોધની નાબૂદી પર વિશેષ ધ્યાન આપવામાં આવે તો, આપોઆપ અન્ય કષાયો પણ નાબૂદ થવાના જ છે. જેમ કે, કોઈએ આપણા અભિમાનને છંછેડ્યું, કોઈએ આપણી માયાને ઉઘાડી પાડી, જેને માટે આપણને લાલચ જાગી હતી તે વસ્તુ આપણને ન મળી – બધામાં આપણને ક્રોધ જ આવવાનો. આમ, ક્રોધ એ તમામ વિકૃતિઓનું સંગમસ્થાન છે. અને એ કારણથી જ એના પર સવિશેષ ધ્યાન આપવાનું છે.

જોકે, વાસ્તવિક રીતે તો, ફક્ત ક્રોધ નહીં, પરંતુ આત્મગુણોના વિકાસમાં બાધક બનનારી, આત્મરમણતામાં ખલેલ પહોંચાડનારી સઘળીયે રાગ-દ્વેષાત્મક પરિણતિને રોકવાની છે, તો જ મન ખરેખર શાંત પડશે. ઉપાધ્યાયજી ભગવંતે પ્રસ્તુત શ્લોકથી પૂર્વના શ્લોકમાં શાંતિનાં અવરોધક તત્ત્વો આટલા ગણાવ્યાં છે – શોક, અભિમાન, વાસના, માત્સર્ય, કલહ, કદાગ્રહ, વિષાદ અને વૈરભાવના. આ બધાના વંટોળિયાને ખાળી શકીશું તો જ સમજણની જ્યોતિ ઝળકશે!

* * *

શાસ્ત્રનું ભણતર આપણને શું શીખવાડે છે? યાદ રાખવાની પ્રક્રિયા તો વ્યાવાહારિક ભણતર અને શાસ્ત્રીય ભણતરમાં સરખી જ છે. તો ફેર ક્યાં પડે છે? શાસ્ત્રનું જ્ઞાન મળી જાય, એનાથી આપણે આપણી જાતને વક્તવ્ય માટે તૈયાર કરી શકીએ એ એનું ફળ સમજવાનું? ભણતર જો અભિમાનનો બોજો વધારતું હોય તો બન્ને ભણતરમાં જ્ઞાનીઓની દૃષ્ટિએ કોઈ જ તફાવત નથી.

વાસ્તવમાં બન્ને ભણતરમાં મુખ્ય ફેર એ જ છે કે, વ્યાવાહારિક ભણતરમાં જેમ જેમ આગળ વધતાં જઈએ, સિદ્ધિનાં શિખરો સર કરતાં જઈએ, તેમ તેમ પૂર્ણતાનો ભાર વધતો જાય છે. મતલબ કે મૂળભૂત રીતે જે જે અપૂર્ણ છે, તેમાં સંપૂર્ણતાના મિથ્યાભ્રમમાં મન રાચતું જાય છે. જ્યારે ધર્મક્ષેત્રના ભણતરમાં જેમ જેમ આગળ વધતાં જઈએ તેમ તેમ પોતાની અપૂર્ણતાનું ભાન થતું જાય છે, ગર્વ ઓગળતો જાય છે અને મન શાંત પડતું જાય છે અર્થાત્, એકમાં અપૂર્ણતામાં પૂર્ણતાનો મિથ્યાભ્રમ અને બીજામાં અપૂર્ણતાના અનુભવ દ્વારા વાસ્તવિક પૂર્ણતા તરફ પ્રયાણ.

* * *

મનનું ચાંચલ્ય એ સાધનાપથનું સૌથી મોટું અવરોધક બળ છે અને શાંતિ એ પ્રેરકબળ છે. પણ શાંતિનો મર્મ ઘણી વખત ઝાંઝવાના જળ જેવી છેતરામણી અનુભૂતિ સુધી સીમિત રહી જતો હોય છે. નિમિત્તોના અભાવ વચ્ચે ઊભી થતી કામચલાઉ શાંતિને આપણે આધ્યાત્મિક શાંતિમાં ખપાવી દેતા હોઈએ છીએ. આપણને

એવો વ્હેમ પેસી જાય છે મારી ચંચળતા ઓછી થવા લાગી છે, મારું મન શાંતિ થઈ રહ્યું છે. અને આપણે આપણી જાતને સાધનાજગતમાં ઊંચી કક્ષાએ મૂકી દેતા હોઈએ છીએ. પણ આ શાંતિ કંઈ નક્કર નથી હોતી, દૂધ પર બાઝેલી મલાઈની તર જેટલી જ તરલ હોય છે. નિમિત્તોનો સામાન્ય સપાટો પણ એ શાંતિને રફેદફે કરી નાખવા માટે, આપણા સમગ્ર અસ્તિત્વને મૂળસોતું હમમચાવી મૂકવા માટે પૂરતું હોય છે. અને ત્યારે જ શાંતિનો ભ્રામક ખ્યાલ તૂટે છે. સાચો સાધક તો નિમિત્તોનાં ગમે તેવાં વાવાઝોડાં વચ્ચે પણ શાંતિને અકબંધ જાળવી શકતો હોય છે. એની શાંતિ કંઈ નિમિત્તોના અભાવની ઓશિયાળી નથી હોતી.

મૂળે, મનનો સ્વાભાવિક રસ તો હંમેશાં સંસાર તરફ જ વહેતો હોય છે. આત્મા તરફ તો આપણું ધ્યાન ત્યારે જ જાય છે જ્યારે સંસારની કડી ઉપલબ્ધ નથી હોતા. જુઓ, જ્યારે બંને વિકલ્પો ઉપલબ્ધ નથી હોતા. જુઓ, જ્યારે બન્ને સંસારની કડી ઉપલબ્ધ હોય ત્યારે પણ અજાણપણે જ, અનાદિની ટેવવશ આપણું મન તો પુદ્ગલ તરફ જ ખેંચાણ અનુભવતું હોય છે. જેમ કે, આત્મજાગૃતિ-પ્રેરક સદ્વાંચન આપણને ચોક્કસ ગમતું હોય તો પણ, ઉત્તેજનાભરેલા સમાચારોથી છલકાતું વર્તમાનપત્ર અને આત્મજાગૃતિ-પ્રેરક પુસ્તક બન્ને સાથે પડ્યાં હોય તો, આપણે હાથ પહેલાં કોની ઉપર જશે? આ જ દેખાડે છે કે આપણો અધ્યાત્મરંગ કેટલો કાચો છે! શાંતિ તથા જ્યોતિના ઉપાસકે બહુ વિશદતાથી જાતનું વિશ્લેષણ કરવું ઘટે.

* * *

સંતનો – શાંતિના શિખરે અડિંગો જમાવીને બેઠેલા એક મહાપુરુષનો મિજાજ એક શેરમાં આમ જણાવાયો છે –

'ચાહ ગઈ, ચાહત ગઈ, મનવા બેપરવાહ,<br>જિસે કછુય ન ચાહીએ, વો શાહન કા શાહ.'

આ શેરનો શબ્દાર્થ પકડીશું તો એમ જ લાગશે કે, સાધુને કોઈની ને કશાયની ન પડી હોય. એ પોતાનામાં જ મસ્ત હોય. તો એક અભિમાની માણસ, જે પોતાના ગુમાનમાં બધાને પોતાનાથી હેઠ સમજતો હોય, 'ગમે ત્યારે મને કોઈની પડી નથી, હું કોઈની સાડાબારી રાખતો નથી, જે મનમાં આવે એ સાચેચાચું મોઢે જ કહી દઉં' આવું આવું બોલ્યા કરતો હોય, એને આપણે 'સંત' ગણીશું ખરા? ના. તો આ શેરનું વાસ્તવિક તાત્પર્ય એ છે કે, કોઈની – કશાની જરૂરિયાત ન રહેવી એ ખરી 'શાંતિ' નથી, કેમ કે, એ વાત તો પરિસ્થિતિને આધીન છે. પરંતુ કોઈ હોય કે ન હોય, પોતાની મસ્તીમાં મસ્ત રહેવું, તમામ જીવો પ્રત્યે પ્રેમ અને સન્માન રાખવા છતાં એમનાથી નિર્લેપ રહેવું, સહજ પ્રસન્નતાને અકબંધ ટકાવી રાખવી – એ જ ખરી શાંતિ છે. આવા સંત જ દુનિયાના બેતાજ બાદશાહ હોય છે.

એ જ રીતે આપણી એક મોટી વિડંબના એ હોય છે કે, આપણે સહનશીલતા અને શાંતિ – બન્નેમાં ભેળસેળ કરી નાખીએ છીએ. કપરી પરિસ્થિતિને જીરવી જીવી, એમાં ટકી રહેવું એ સહનશીલતા ગણી શકાય, શાંતિ કે સમતા નહીં. રણમોરચે ઊભેલો એક સૈનિક પણ ઘણું ઘણું સહન કરતો હોય છે. એથી કોઈ એને સમતાધારી સંત નથી કહેતું. શૌર્ય સહનશીલતા આપે છે, જ્યારે સમજણ સમતા અર્પે છે. સમતાધારી આત્મા પ્રતિકૂળ પરિસ્થિતિને સહન નથી કરતો, સ્વીકારે છે. સહન કરવામાં 'મારે સહન કરવું છે' એવી ઇચ્છા ભાગ ભજવતી હોય છે. જ્યારે સમજણ અને સમતાથી સભર એવી શાંતિમાં કોઈ પણ પરિસ્થિતિને સહન નથી કરવી પડતી, એનો સહજ સ્વીકાર હોય છે. સ્વીકારનો અર્થ જ એ કે ઇચ્છા અને અનિચ્છા – ઉભયનું વિલીનીકરણ. સાધનાપથનું બીજું નામ જ સ્વીકારપંથ છે.

આ સહજ સ્વીકારયુક્ત માનસ કેળવવા માટે અનુકૂળતાનો રાગ કે પ્રતિકૂળતાનો દ્વેષ બાધક છે એ વાત તો આપણે સમજીએ છીએ. પરંતુ એની સાથે કોઈ વખત નવાસવા સાધકથી એ વાત વિસરાઈ જતી હોય છે કે, અનુકૂળતાનો દ્વેષ અને પ્રતિકૂળતાનો રાગ પણ સાધનાપથમાં બાધક તત્ત્વ બની શકે છે. સાધનામાર્ગમાં અનુકૂળતાનો રાગ સહજ રીતે છોડી દેવાનો હોય છે. એના પ્રત્યે તિરસ્કાર નથી કરવાનો. અને એ જ રીતે આવી પડતી પ્રતિકૂળતાઓને પણ સહજ રીતે જ સ્વીકારી લેવાની હોય છે, 'હું પ્રતિકૂળતાને અપનાવી લઉં છું' એવા અહંભાવથી નહીં.

* * *

**शान्ते मनसि ज्योतिः**... આ શ્લોક પાસેથી જે શીખ મળી તેમાંથી થોડીક અત્રે નોંધી છે. આવી વિચારણા થવા, પાછળ એક જ કારણ છે – આ નાનકડી જિંદગીમાં એવા મહાપુરુષોનાં દર્શનનો લાભ મળ્યો છે કે જેમના જીવનમાં શાંતિ, જ્યોતિ, પ્રીતિ, પ્રસન્નતા સિવાય કશું જ શેષ નથી બચ્યું હોતું. આવા દર્શન વખતે અંદરથી એક અવાજ ઉઠે છે કે, આવી શાંતિ અને સ્વસ્થતા મને કેમ સાંપડે? આ પ્રશ્ને દરેક વખતે આત્માને ઝંકોર્યો છે, અશાંતિનાં વમળોની

વચ્ચે પણ એનાં નિમિત્તોની ખોજ કરવા માટે ફરજ પાડી છે. આ મથામણે જે વિચારવલોણું સર્જ્યું તેમાં અશાંતિનાં કારણોની ઓળખ જ પ્રધાનપણે રહી છે. અને એ જ સૂર આ લખાણમાં મુખ્યત્વે ઘૂંટાયો છે.

અંદર સતત ચાલતાં જ રહેતા સત્ અને અસત્ના દ્વંદ્વમાં ક્યારેક એવું નીચોવાઈ જવાય છે કે આર્તનાદ ઊછળી પડે – 'મારા ઉરમાં ક્યાં લગી રહેશો? જાઓ તો અંધારાં!' સાવ નિરાશ થઈ જવાય. એમ થાય કે આનો કોઈ પાર જ નહીં આવે? પણ એ વખતે મારા જેવા પામર જીવો પ્રત્યેની અનન્ય કરુણાથી રસાયેલો ઉપાધ્યાયજીનો સ્વર સંભળાય કે – **शांन्ते मनसि ज्योति:...** 'વત્સ!' શાંત થા. થાકી ન જા. મનને શાંત પાડવાની તારી મહેનત ચાલુ રાખ. જ્યોતિ આપોઆપ જાગી જશે.'

અને એ જ્યોતિ કેવા નવલાં સ્વરૂપે ઝળકશે! પ્રેમ, સમજણ, વાત્સલ્ય, સમતા, પ્રસન્નતા, ઋજુતા, મુક્તિ. કેટકેટલાં સ્વરૂપો! કેટકેટલાં પરિણામો! અને પછી તો, 'જાત્યું જાગી રે ભ્રાંત્યું ભાગી રે...' ભ્રાંતિ – અવિદ્યા તો એ જ્યોતિમાં બળીઝળીને રાખ થઈ જશે. મોહનાં અંધેરાં તો ક્યાંય ઉલેચાઈ જશે!

અને ઉપાધ્યાયજીની આ વાતો માત્ર પટાવવા માટે નથી, આ કોઈ કોરીધાકોર કલ્પનાઓ પણ નથી, કોઈ વક્તાએ કરેલો વાણીવિલાસ પણ નથી. એમણે પોતે આમાં સહી કરી આપી છે – **अनुभव एवाऽत्र साक्षी न:** 'એમણે પોતાના અંગત અનુભવને સહિયારો બનાવવા માટે આ શ્લોક દ્વારા વહેંચ્યો છે. આપણને માર્ગ કંડારી આપ્યો છે. આપણે તો માત્ર એમના પગલે પગલે ચાલી નીકળવાનું છે. – પરમતત્ત્વની કૃપાની આંગળી પકડીને જ તો!

✦ ✦ ✦

# મ્યુઝિક થેરાપીથી રોગ મટી શકે છે, એ હમ્બક વાત છે!

**પ્રા. ગિરિરાજ જે. ભોજક**

**ભા**રતીય શાસ્ત્રીય સંગીતના ૧૨ વર્ષના અભ્યાસ અને ૨૮ વર્ષના અધ્યયનકાળ દરમ્યાન મારે ઉપરોક્ત શીર્ષક 'મ્યુઝિક થેરાપી' કેવી રીતે રોગ નિવારણ કરી શકે? આ તો સાવ વાહિયાત અને હમ્બક વાત છે. જો એવું જ હોય તો ડૉક્ટરો કે દવાની જરૂરિયાત જ શી છે?

હું ત્યારે આ પ્રશ્નના જવાબ આપવાનું ટાળતો, આ વાતમાં લોકોને કૂતુહલ કરતા અજ્ઞાન વિશેષ અને અમુક અહેસાસ તો અનુભવે જ થાય ને!

સંગીતના છ રાગ અને છત્રીસ રાગિણીઓનો પ્રભાવ જનસમુદાય માનસપટ પર વિશેષ રહેલો છે. તેમને થશે કે જે વ્યક્તિ સંગીત જેવા વિષયોથી અજ્ઞાન હોય અથવા તો ડાંગ જિલ્લાનો સામાન્ય માણસ જે ભૌગોલિક પરિસ્થિતિથી અને આબોહવાની વિષમ સ્થિતિમાં શ્વસે છે તે શાસ્ત્રીય સંગીતથી સાવ અજાણ છે કે પોતાને સંગીતની સમજણ નથી તેવા વ્યક્તિઓના વર્ગ સમુદાયને આ થેરાપી કેવી રીતે કારગત નીવડે?

મ્યુઝિક થેરાપીમાં રાગનું જ્ઞાન હોવું જરાય જરૂરી નથી. ધ્યાન હોવું જરૂરી છે.

– તમને મારે એક વાત યાદ કરાવવી રહી દરેક જનસમુદાય પોતાના પ્રાંતના પ્રચલિત એવા લોકગીત/લોકસંગીતથી વત્તે ઓછે અંશે જાણકાર હોય છે. અહીં લોકસંગીતની વ્યાખ્યાને લોકશાહીનાં અર્થમાં સમજીએ.

* લોકસંગીત : લોકો દ્વારા લોકો વડે, લોકો માટે લોક જનસમૂહમાં પ્રવાહિત થયેલ સંગીત એટલે 'લોકસંગીત'...!

આખી સમાજ વ્યવસ્થા અને કાર્યો સંગીતની કડીથી જોડાયેલ છે : ભારત દેશ કૃષિ પ્રધાન અને શ્રમિક દેશ છે જે દેશની ધરોહર નદી કિનારે પ્રકૃતિના ખોળે ઉછરેલી પાંગરેલી છે. એટલે જ ગ્રામ્ય સંસ્કૃતિમાં આજે પણ સવારના કાર્યો પ્રભાતિયાથી શરૂ થાય જેમાં છાશ વલોવતા વલોણા ગીતો, દયણું દળતા ઘંટી ગીતો; ખેતી કરતાં શ્રમિક ગીતો, પ્રકૃતિ ગીતો, ખેતરમાં કામ કરતાં વાવણી ગીતો, લણણી ગીતો, સાગર ખેડૂઓના હલેસા ગીતો, મત્સય ઉદ્યોગના માછી ગીતો વગેરે સાંપ્રત સમાજ સાથે ઓતપ્રોત થઈ ગયા છે.

આમ બાળકના જન્મના હાલરડાંથી, મૃત્યુ સુધીના ગવાતા મરશિયા આ તમામ દૈનિક દિનચર્યા સંગીતના માધ્યમથી વણાયેલ છે.

આખું બ્રહ્માંડ નાદના લયને આધીન છે :

**''नाद आधिनम् जगत सर्वम्**
**राग आधिनम् देवम सर्वम्''**

તારાઓ, નિહારિકા, સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ,

(પોતાના) લયમાં રિધમ્‌માં ફરે છે અને તેમાંથી પ્રાગટ્ય થતો ધ્વનિ અ-ઉ-મ્ = ૐ છે. ક્યાંય લય ભંગ નથી.

આપણા હૃદયનાં કે નાડી ધબકારા નિયમ લયમાં જ ચાલે છે; આ લય ભંગ એ જ રોગોનું મૂળ છે. લયભંગ એટલે જ વિસ્ફોટ.

જુઓ પુરાણનો શ્લોક :

**નાહં વસામિ વૈકુંઠમ, યોગીના હૃદય નચઃ**
**મદ્‌ભક્તા યત્ર ગાયન્તિ, તત્ર તિષ્ઠામિ નારદ**

અર્થ : નારદમુનિ પ્રજાજનોના પ્રશ્નના ઉત્તર માટે મહાદેવ પાસે જાય છે હે, ભોળાનાથ જનતા પૂછી રહી છે ભગવાન ક્યાં વસે છે? તેનો યોગ્ય પ્રત્યુત્તર આપશો. ત્યારે શિવજી કહે છે હે નારદ! હું વૈકુંઠ (સ્વર્ગ)માં વસતો નથી, હિમાલયમાં જ્યાં તપ કરે છે તે યોગીઓના હૃદયમાં વસતો નથી પણ જ્યાં મારો ભક્ત ગાડું– ઘેલું ગાન કરે છે ત્યાં હું હંમેશા નિવાસ કરું છું.

આ વાત સામાન્ય વ્યક્તિ નહીં પણ ખુદ આ સંગીતના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (અધિકારી દેવ) મહાદેવ કહે છે.

સંગીતના ઉપચારમાં રાગના જ્ઞાન કરતાં તેમાં વણાયેલી સ્વરલ્હેરીઓ (શ્રુતિઓનું સ્પંદન) જ થેરાપી સ્વરૂપે ઔષધીય કામ કરતું હોય છે એટલે રાગના જ્ઞાનની જરૂરિયાત રહેતી નથી. ઉલટાનું ક્યારેક જ્ઞાન જ બૌદ્ધિકવાદી પ્રશ્નો સર્જીને ભેખડે ભરાવી દેતું હોય છે.

માનવ સામાજિક અને બુદ્ધિશાળી તરીકે ઓળખાય છે તેને હંમેશા અરસ-પરસની લાગણી અને સંવેદનાઓની ભૂખ હોય છે. જેને વ્યક્ત કરવા માટે ભગવાને માણસમાં જબરદસ્ત કાકુ ભેદ મૂક્યો છે. આ (કાકુ એટલે અવાજ દ્વારા મનોભાવ વ્યક્ત કરવાની શક્તિ)નું શાસ્ત્રીય નામ 'કાકુ' છે.

સંગીતમાં રહેલ ઉપચારાત્મક શક્તિ : આપણે સામાન્યતઃ એવું સાંભળતા હોઈએ છીએ કે મોટાભાગે ૮૦% થી ૯૦% રોગો માણસના મગજમાં ઘર કરી ગયેલી માન્યતાઓને કારણે હોય છે. (મન સ્વસ્થ તો બધું મસ્ત!) હવે જે ૧૦% થી ૨૦% રોગો દવાના કે ઓપરેશન દ્વારા છેલ્લા ઉપાયના માધ્યમ તરીકે ઠીક થઈ જશે એવી એ પણ માનસિક શ્રદ્ધા જ અહીં કામ કરી જતી હોય છે.

અહીં જોઈ શકાય કે માણસના મગજમાં ઘર કરી બેસેલા રોગો જે ખરેખર રોગ નથી પણ તે રોગોના વિષચક્ર જેણે આખા મગજનો ભરડો લીધો છે, આ રોગો અને તેના ઉપચારાત્મક માધ્યમ તરીકે રાગ વિશેષતર તેની મધુર સ્વરલ્હેરી (શ્રુતિપંદનો) દ્વારા આ વિષચક્રને તોડવાનું કામ સંગીત અર્થાત્ (નાદબ્રહ્મ) કરે છે.

સૌપ્રથમ રોગનો જન્મ મનુષ્યના મનમાં ખોટા વિચારોની ભરમાળ માન્યતાઓને લીધે જન્મે છે અર્થાત્ રોગીને શારીરિક કરતાં માનસિક રોગ વધુ ભરડો લેતો હોય છે. શારીરિક વિજ્ઞાનના પાઠ્ય પુસ્તકમાં હું ભણ્યો હતો કે મોટાભાગના રોગ આપણું શરીર (body) પોતે જ તેને ઠીક થવાનો વિકલ્પ શોધી લેતો હોય છે.

સાદીભાષામાં કહીએ તો બ્રેઈનમાં થયેલા કેમિકલ લોચાને વ્યવસ્થિત કરવાનું કાર્ય સંગીત માત્ર કરે છે. ઉપરોક્ત શીર્ષકની વાત દોહરાવતા યાદ કરાવી દઉં કે મ્યુઝિક થેરાપીથી રોગ મટી શકે છે. એ હમ્બક વાત નથી પણ રોગના મૂળને ઓળખી માનવીના મૂલાધાર ચક્રથી માંડીને નાભિચક્ર સુધીના દરેક ચક્રને ઠીક કરવાનું કાર્ય સંગીતના ''નાદયોગ''થી સિદ્ધ બને છે. વર્ષોના પ્રાણાયમથી જે સિદ્ધ નથી થયું તે માત્ર સંગીતના માધ્યમથી સફળ થયું છે અરે... યોગી-મહાયોગીઓએ સ્વયંમ ૐકાર ઉચ્ચારણ દ્વારા નાદબ્રહ્મનો અદ્વિતીય મહિમા ગાયો છે. નાદયોગ અપરંપાર છે જેને ગુરુકૃપાથી પામી શકાય છે.

પ્રસ્તુત વાતને તમે નકારી નહીં શકો, મહાભારતનું ઉદાહરણ આપને યાદ હશે જ્યારે કુરુક્ષેત્રમાં પોતાના જ ભાઈ-ભાડુંઓ, સગા-સ્નેહી સાથે વિષાદ પામેલા અર્જુને શસ્ત્રો જ્યારે હેઠાં મૂકી દીધા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે યુદ્ધ માટે માનસિક તૈયાર કરવા માટે 'નાદયોગ' રચ્યો જેના સહારે શ્રીકૃષ્ણે અર્જુનને ગીતાના જ્ઞાન દ્વારા નહીં પરંતુ ગાન દ્વારા અર્જુનને માનસિક રીતે યુદ્ધ માટે તૈયાર કર્યો. અહીં આપને યાદ કરાવી દઉં ભગવાન કૃષ્ણે ગીતાના શ્લોક દ્વારા અધ્યાયનું પઠન નહીં પણ સંગીતરૂપી ગાન કરેલું (એટલે જ ભગવદ્‌ગીતાનો અર્થ થાય છે શ્રીકૃષ્ણ ભગવાનના મુખેથી ગવાયેલી ગાથા એટલે – ગીતા)

વિશ્વનું મહત્તમ સાહિત્ય અનુષ્ટુપ છંદમાં લખાયું છે વિશ્વના બે મહાકાવ્ય 'રામાયણ' અને 'મહાભારત' ચાર વેદો જેમાં સામવેદ પોતે સંગીતનો વેદ છે. અર્થાત્ સામગાન, વેદોની રૂચાઓ, અઢાર પુરાણો, મહત્તમ ભક્તિ સાહિત્ય અનુષ્ટુપ છંદમાં લિપીબદ્ધ છે. જ્યારે આટલું બૃહદ્ સાહિત્ય વારસો છંદોબદ્ધ હોય તો તેનો મતલબ એ જ થાય છે કે આ તમામ સાહિત્ય સૂર, તાલ અને લય સાથે સંપૂર્ણ નિબદ્ધ છે, એટલે એ તમામ સાહિત્ય ગવાયું છે. જે સાબિત કરે છે કે સાહિત્ય સંગીતથી પર નથી પરંતુ એકબીજાના પૂરક છે. છતાં **શબ્દબ્રહ્મ** કરતા **નાદબ્રહ્મ**નો મહિમા હંમેશા મોટો જ રહ્યો છે. એથી આગળ જોઈએ તો વિદ્યાની દેવીમાં સરસ્વતી એમની ચાર ભૂજામાંથી બે ભૂજામાં તૂંબડાવાળી વીણા ધારણ કરી છે. જે

સંદેશો આપે છે કે જો વિદ્યા મને ડુબાડશે તો કલા મને ચોક્કસ તારશે; આમ નાદબ્રહ્મના સેવક (કલાકાર)ને કલા હંમેશા ઉગારતી હોય છે. ટચલી આંગળીએ ગોર્વધન ઉપાડનાર ગિરધારીને વાંસની પોલી વાંસળી વગાડવા માટે બે હાથની જરૂરિયાત પડી હતી. આ અવતારી પુરુષે જાહેરમાં કીધું હતું જો વાંસળીના મધુર સ્વરલહેરીઓથી અર્થાત્ (પ્રેમથી) મહાભારત શમી જશે તો સંહાર માટે હું સુદર્શન જેવા શસ્ત્ર ધારણ નહીં કરું. દેવર્ષિ નારદ હંમેશા વીણા વાદન કરતા ત્રિલોકમાં પરિભ્રમણ કરતા હોય છે. ગણપતિજી મૃદંગ વાદનમાં પ્રવીણ છે. ખુદ નટરાજ અનાદિ પુરુષ શિવ તાંડવનૃત્ય તથા આદિ વાદ્ય ડમરુંમાં પ્રવીણ છે. આદ્યશક્તિમાં પાર્વતીજી લાસ્ય નૃત્યમાં પ્રવીણ છે. સ્વર્ગમાં પણ સંગીતગાન થાય છે. જ્યાં ગાનારાઓ ગાંધર્વ તરીકે ઓળખાય છે.

જ્યારે વાદ્યકારો કિન્નર તરીકે અને નૃત્ય માટે અપ્સરાઓ હોય છે. આ તો ભગવાનની વાત થઈ. ૧૨મી શતાબ્દીના ભક્તિયુગમાં થઈ ગયેલા કવિ જયદેવ જેમણે સંસ્કૃતમાં ગીતગોવિંદની રચના કરી જે સંગીતમય છે. ત્યારબાદ ત્યાગરાજ, મુથ્થુસ્વામી, સ્વાતિ તિરૂનાલ, મીરાંબાઈ અને સુરદાસે એકતારાથી જ્યારે નરસૈંયાએ કરતાલથી, સંત જ્ઞાનેશ્વર અને સંત તુકારામ અભંગ અને કીર્તનથી નાદબ્રહ્મ સાધના દ્વારા સાક્ષાત્ ઈશ્વરને પામી શક્યા છે. આ છે નાદની શક્તિ અને આ છે નાદનો મહિમા.

આખું બ્રહ્માંડ નાદને આધીન છે, નાદ એટલે જ એક ચોક્કસ લયનો સંગીત ઉપયોગી અવાજ. સજીવ-નિર્જીવ બન્નેને કંપનની અસર તો થતી જ હોય છે. મદારી પોતાના બીનની ધૂન વડે વિષધર નાગ/સાપને વશ કરે છે. અમુક તથ્યોમાં તો એમ કહેવાયું છે કે નાગ/સાપને કાન જેવું કંઈ હોતું નથી. એ માત્ર મદારીના બીનમાં વાગતી સ્વરલહરીઓના કંપનથી અને બીનના હલન-ડોલનથી નાગ-સાપ નૃત્ય કરતો હોય છે અને આ રીતે મદારીને તેને 'વશ'માં લેતો હોય છે.

વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝ સાબિત કર્યું કે વનસ્પતિમાં જીવ છે તે પછી સુમધુર સંગીત વગાડી ખેતરોમાં સારો પાક ઉગાડી શકવાના ઘણાં પ્રયોગો સફળ બન્યાં છે; બીજા અન્ય પ્રયોગોમાં સંગીત સાંભળતા-સાંભળતા ગાય-ભેંસ સારું દૂધ આપતા થયાના સફળ પ્રયોગો પૂરવાર થયા છે.

ખુદ વૈજ્ઞાનિકો એ સ્વીકાર્યું છે કે અમારા કરતાં પણ અતિ માઈક્રો વર્ક સંગીતજ્ઞો (વાગ્ગેયકારો) કરતાં હોય છે વૈજ્ઞાનિકો પાસે સાધનોથી સજ્જ પ્રયોગશાળા છે, માઈક્રો વર્ક કરવા માટે માઈક્રોસ્કોપથી પણ વધુ ડિઝીટલ શક્તિશાળી સાધનો ઉપલબ્ધ છે; જ્યારે સંગીતકારો પાસે આવું કંઈ જ નથી છતાં પણ વધુ બારીકાઈવાળું અને ચોક્કસાઈવાળું કામ તેઓ કરે છે. આમ સંગીતજ્ઞો પાસે ઈશ્વરદત્ત પ્રેરણા હોવાથી તેઓ ઘણાં કેસમાં દેવદૂત સાબિત થયા છે.

**જીવન સાથે વણાયેલું ત્રણ બાબતોનું સંયોજન :** (મ્યુઝિક થેરાપીમાં કેન્દ્ર સ્થાને છે.)

(૧) સ્વરિત્ (૨) કંપિત્ (૩) ગૂંફિત – પ્રાચીન સ્વરો ત્રણ હતા; સાત સ્વરો સંશોધન પછીની દેણ છે.

(૧) શુદ્ધ, (૨) કોમળ (૩) તીવ્ર – (સ્વરોની સ્થિતિ છે.)

(૧) વિલંબિતલય, (૨) મધ્યલય (૩) ધૃતલય – (લયકારીની સ્થિતિ છે.)

(૧) ઔડવ, (૨) ષાડવ, (૩) સંપૂર્ણ – (રાગની મુખ્ય ત્રણ જાતિ) છે.

(૧) શિયાળો, (૨) ઉનાળો, (૩) ચોમાસુ (મુખ્ય ઋતુઓ છે)

(૧) પ્રહરના રાગ, (૨) ઋતુરાગ (૩) મૌસમીરાગ

(૧) લાલ, (૨) પીળો, (૩) વાદળી – (મૂળરંગ કહેવાય) સ્વરોને પણ પોતાનો રંગ હોય છે.

(૧) વાત, (૨) કફ, (૩) પિત્ત – (ત્રણેયનું બેલેન્સ પ્રાણી માત્રમાં હોવું જરૂરી છે)

(૧) આધિ, (૨) વ્યાધિ (૩) ઉપાધી – ત્રિવિધના તાપ કહ્યાં છે.

(૧) માથુ, (૨) ધડ (૩) હાથપગ – શરીરના મુખ્ય અંગ કહ્યાં છે.

ઉપરની ત્રણેય બાબતોનું સંયોજન માનવીય જીવનમાં મુખ્ય ભૂમિકા ભજવે છે જેને સમજવા માટે એક અલગથી પ્રકરણ થાય તેમ છે એટલે અહીં માત્ર મૂળવાતને જ કેન્દ્રમાં લીધી છે.

✦ ✦ ✦

ભગવત્ ગીતા કહે છે, 'કર્મ નહીં કરવા કરતાં કર્મ કરવું ઉત્તમ છે. જીવ કર્મ ન કરે તો તેની શરીરયાત્રા સુદ્ધાં સંભવિત નથી.' આનો અર્થ એ થયો કે જીવનસાધનાનું કેન્દ્ર કર્મ છે. કર્મનું મહત્ત્વ બધા સ્વીકારે છે, પરંતુ કેટલાક ધર્મના લોકો આત્માને પણ કર્મરૂપ માને છે. એક બાજુ જીવનનું પ્રેરકતત્ત્વ 'કર્મ' અને બીજી બાજુ અજન્મા, નિત્ય, શાશ્વત, પૂર્ણ 'આત્મા' – આ અદ્વૈત સંદિગ્ધ લાગે છે.

# જૈન ભૂગોળ-ખગોળ અને બ્રહ્માંડ : વિચિત્ર સમસ્યાઓ અને સમાધાન

જૈન વિજ્ઞાની આચાર્ય શ્રીવિજયનંદિઘોષસૂરિજી મહારાજ

*(આજની નવી પેઢીની શંકાઓ દૂર કરી, જૈન ભૂગોળ-ખગોળ અંગેની પ્રાચીન સમજ આપી ડગમગતી શ્રદ્ધાને દૃઢ કરતી લેખમાળા)*

**લેખાંક - ૧**

**આ**જની નવી પેઢી, નવ યુવાનો તથા યુવતીઓ સમક્ષ મોબાઈલ, ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ, ટ્વિટર, વોટ્સએપ જેવા સોશિયલ મિડિયા દ્વારા નવી નવી માહિતી પ્રત્યેક મિનિટે રજૂ થતી રહે છે અને એ માહિતી જોઈ, વાંચી, તેના મનમાં અનેકાનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. અને તેમાં પણ જૈન ભૂગોળ-ખગોળ કે બ્રહ્માંડની પૂર્વ પ્રાપ્ત કે પૂર્વના મહર્ષિ દ્વારા પ્રરૂપિત માહિતી તરફ શંકાની નજરે જોવા લાગી છે. અલબત્ત, જૈન દર્શનનાં ગ્રંથોમાં પ્રાપ્ત લગભગ બધી જ માહિતી પૂર્ણતઃ વૈજ્ઞાનિક તો છે જ પણ સાથે સાથે તાર્કિક પણ છે. પરંતુ જૈન પરંપરા નિર્દિષ્ટ ચૌદ રાજલોકના સ્વરૂપને સમજવું અને સ્વીકારવું તેના માટે અઘરું થઈ ગયું છે. અને જૈનદર્શન પ્રત્યેની શ્રદ્ધા ડગમગવા લાગી છે. તે કારણથી આપણી શ્રદ્ધાના પાયા હચમચી ગયા છે.

નવી પેઢી જૈન સાધુઓ પાસે આના સમાધાન માટે જાય છે અને તેઓની સમક્ષ પોતાની વિચારધારા કે પ્રશ્નો રજૂ કરે છે. પરંતુ સૌથી મોટી વિડંબના એ છે કે નવી પેઢીના આ પ્રશ્નો સમજવાની શક્તિ જ તેમની પાસે નથી તો તેના સમાધાનની તો વાત જ ક્યાં કરવી? તો કેટલાક પ્રબુદ્ધ જૈન સાધુઓને જૈન ભૂગોળ-ખગોળની સાથે કોઈ જાતનો સંબંધ નથી. આમ છતાં, તેનું કોઈપણ જાતનું સમાધાન તેઓની પાસે પણ નથી. તે કારણે આ પ્રકારના જટિલ પ્રશ્નોના ઉત્તર આપવાનું ટાળે છે. અરે! આઠ-નવ વર્ષ પહેલાં સુધી હું પણ આ પ્રકારના નવી પેઢીના અને વિદ્વાન સાધુ ભગવંતોના પ્રશ્નોના ઉત્તર આપવાનું ટાળતો હતો.

બહુ નાની ઉંમરથી ગણિત અને વિજ્ઞાન મારા રસના વિષયો હતા અને તેમાં સૌથી વધુ ગુણ આવતા હતા. વળી અમારા પરિવારમાં પણ ગણિત અને વિજ્ઞાન અંગે પ્રોત્સાહક વાતાવરણ હતું. વડીલ મોટા ભાઈ શ્રી ભૂપેશચંદ્ર પણ હાઈસ્કુલમાં શિક્ષક હતા અને તેઓ પણ ગણિત, વિજ્ઞાન અને ઇતિહાસ જેવા વિષયો શીખવતા હતા. પરિણામે બાળપણથી જ ગણિત-વિજ્ઞાનમાં સંશોધન કરવાની તીવ્ર મહેચ્છા હતી. તે સાથે પરિવારમાં ધાર્મિક વાતાવરણ પણ સુંદર અને પ્રેરક હતું. અમારા માતા વિમળાબેને પણ પાંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, જીવવિચાર-નવ તત્ત્વ-દંડક-લઘુ સંગ્રહથી એ ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, પાંચ કર્મગ્રંથ વગેરેનો અભ્યાસ કરેલ. વળી તેઓ નિત્ય નવાં નવાં સ્તવન, સજ્ઝાય પણ કરતાં રહેતાં તેથી ધાર્મિક અભ્યાસ કરવાની પ્રેરણા પણ તેઓ તરફથી મળતી. તો નાની બહેન વિદુલાને પણ દીક્ષા લેવાની ભાવના હતી. તે બે બહેનોમાં નાની પણ મારા કરતાં મોટી હતી. તે કારણથી તેની દીક્ષા વહેલી થઈ અને સાધ્વી વિનીતપ્રજ્ઞાશ્રીજી તરીકે સંયમજીવનનું પાલન કરતાં કરતાં તેઓએ મને દીક્ષા માટેની પ્રેરણા આપી. જોકે દીક્ષાની પ્રેરણા તો તે ગૃહસ્થ અવસ્થામાં હતી ત્યારથી જ આપતી હતી અને અમારા બંનેની દીક્ષા સાથે જ થાય તે માટે તેણીએ ઘણા પ્રયત્નો કર્યા હતા. પરંતુ ભવિષ્યતા કાંઈક અલગ જ હશે, તેથી તેની સાથે દીક્ષા ન થઈ. મેટ્રિક પાસ થયા પછી વલ્લભવિદ્યાનગરમાં વી. પી. સાયન્સ કોલેજમાં એક વર્ષ અભ્યાસ કર્યા બાદ નવનિર્માણના તોફાનોના કારણે વડીલ બહેન સાધ્વીજી શ્રીવિનીતપ્રજ્ઞાશ્રીજીની પ્રેરણાથી મેં પ્રવજ્યા અંગીકાર કરી ત્યારે જૈનદર્શનનાં સિદ્ધાંતો આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં રજૂ કરવાની મહેચ્છા હતી, અને એ મારા જીવનનું ધ્યેય હતું.

દીક્ષા પૂર્વે વિ.સં. ૨૦૨૧માં પરમ પૂજ્ય ગુરુદેવ પંન્યાસ શ્રી સૂર્યોદયવિજયજી મહારાજ અમારા ગામ વેજલપુરમાં પધાર્યા ત્યારે તેમની પાસે જતાં આવતા મને પણ દીક્ષા લેવાની ભાવના થઈ અને વિહારમાં તેમની સાથે બે ત્રણ વખત વેજલપુરથી ગોધરા ગયો હતો. ત્યારબાદ પરમ પૂજ્ય પંન્યાસ શ્રી અભયસાગરજી મહારાજ પણ પધારેલ અને તેઓની સાથે સારો એવો સત્સંગ થયેલ. તેઓએ જંબૂદ્વીપના વિશાળ પટ દ્વારા જૈન ભૂગોળ-ખગોળ અંગેની સમજ આપેલ. વળી જૈન ભૂગોળ-ખગોળ સાચાં છે અને વર્તમાન ભૂગોળ-ખગોળ ખોટાં છે, તેવી તેમને ધારદાર રજૂઆત કરી હતી. ત્યારથી જૈન ભૂગોળ-ખગોળ મારા રસના વિષય રહ્યા છે.

છેલ્લા ૭૦-૮૦ વર્ષથી જૈન સમાજમાં જૈન ભૂગોળ-ખગોળના સ્વરૂપને સત્ય સિદ્ધ કરવા માટે પરમ પૂજ્ય પંન્યાસ શ્રી અભયસાગરજી મહારાજે ભૂભ્રમણ શોધ સંસ્થા નામની સંસ્થાની સ્થાપના કરાવેલ અને તેના ઉપક્રમે વિવિધ ગામ, નગર, શહેરોમાં જૈન સંઘો અને પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં આ અંગેના પ્રવચનો રાખતા

હતા. ઉપર દર્શાવ્યું તેમ એ પ્રવચનોની લોકો ઉપર ઘણી અસર થતી, તો કેટલાક આધુનિક શિક્ષણ મેળવેલ લોકો વર્તમાન ભૂગોળ-ખગોળને વૈજ્ઞાનિક દલીલો દ્વારા તેમને ચૂપ કરી દેતા. આ બધાની મારા મન ઉપર એવી પ્રગાઢ અસર થયેલી કે હું પણ તે વખતે આધુનિક ભૂગોળ-ખગોળના વિરોધમાં જોડાઈ ગયો હતો. ત્યાં સુધી કે નિશાળમાં ભૂગોળના શિક્ષક શ્રી બાબુભાઈ એન. પરમાર સાથે જૈન ભૂગોળ જ સાચી છે અને આધુનિક ભૂગોળ ખોટી છે, તેવી દલીલો ત્રણ ત્રણ તાસ (પિરીયડ) સુધી કરી હતી.

જૈન પરંપરાના આગમો તથા અન્ય સાહિત્યમાં બ્રહ્માંડ અંગેનું ઘણું સાહિત્ય પ્રાપ્ત થાય છે. જૈન દાર્શનિકોએ તેના ઉપર ઘણો જ વિચાર કરેલ છે, આમ છતાં, એ સાહિત્યને વર્તમાન બ્રહ્માંડ અંગેના વિજ્ઞાનીઓના ખ્યાલ અને પ્રાયોગિક માહિતી સાથે જરા પણ મેળ મળતો નથી, એ હકીકત છે. તે કારણે વર્તમાનમાં આપણા વિદ્વાન સાધુઓ અને પંડિતોને નવી પેઢીના પ્રશ્નો અંગે તેમની સમક્ષ લાચાર પરિસ્થિતિમાં મૂકાવું પડે છે. આ પરિસ્થિતિ આપણા સૌ માટે અસહ્ય છે. અલબત્ત, હજુ આજે પણ કેટલાક વિદ્વાન જૈન સાધુઓ, જેઓ આધુનિક વિજ્ઞાનની શોધોનો ભરપૂર ઉપયોગ કરે છે અને છતાં વિજ્ઞાનને વગોવે છે, અને માત્ર જૈનદર્શનના જ પક્ષપાતી છે અર્થાત્ કટ્ટર અથવા Orthodox છે, તેઓ ઘણી દલીલો દ્વારા જૈન દર્શન જ સાચું છે અને વિજ્ઞાન તદ્દન ખોટું છે જ છે તેવું સિદ્ધ કરવા ભરપૂર પ્રયત્નો કરે છે. આ પ્રકારના સાધુઓ અને જૈન શ્રાવકો માટે વિદ્વાન આચાર્ય વિજયશીલચંદ્રસૂરિજી મહારાજ લખે છે કે ''જો કે પરંપરાગત માનસમાં જલદી ન ઉતરે તો શક્ય છે. તેમાં પણ અમુક વ્યક્તિ કે અમુક સમુદાય-જૂથના માણસ છે તો તેની વાતને એકદમ તોડી પાડવામાં અને નાસ્તિક કે સુધારકનું લેબલ લગાડી દેવામાં પણ કેટલાક લોકો તત્પર અને હુંશિયાર હોય.'' પરંતુ તેમના આ પ્રયત્નોની તટસ્થ બુદ્ધિ ધરાવતા વિચારક મનુષ્યો અને સાધુ-સાધ્વી ઉપર કોઈ અસર થતી નથી. અને સંશોધન ક્ષેત્રમાં કોઈપણ પ્રકારની કટ્ટરતા બાધક બને છે. તેથી સાચા સંશોધકે આ પ્રકારની કટ્ટરતા રાખવી ન જોઈએ. જોકે તેઓ પોતાની આ કટ્ટરતાને સાચી શ્રદ્ધા કહે છે પરંતુ વાસ્તવમાં તે આભિનિવેશિક મિથ્યાત્વ છે. તે કારણથી ઘણા જૈન વિદ્વાન પંડિતો, આચાર્ય ભગવંતો તથા વિદ્વાન મુનિરાજોએ તેના સમાધાન માટે પ્રયત્નો કર્યા છે પરંતુ તે જોઈએ તેવા સફળ થયા નથી. હું પણ શરૂઆતમાં જૈન ભૂગોળ-ખગોળ જ સાચા છે તેમ માનતો હતો. અને તેને કઈ રીતે સત્ય સિદ્ધ કરવાં તેનો સતત વિચાર કર્યા કરતો હતો.

પરંતુ જેમ જેમ અભ્યાસ વધતો જાય અને બુદ્ધિ પરિપક્વ બનતી જાય અને સંશોધક દૃષ્ટિનો વિકાસ થતો જાય તેમ તેમ દરેકની વિચારધારા પણ બદલાતી જાય છે. વિ.સં. ૨૦૩૦માં વૈશાખ સુદ-૧૪, રવિવારે પરમ પૂજ્ય શાસનસમ્રાટ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમ પૂજ્ય સિદ્ધાંતમાર્તંડ આચાર્ય શ્રીવિજય ઉદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમ પૂજ્ય વાત્સલ્યનિધિ સંઘનાયક જ્યોતિષશાસ્ત્ર, શિલ્પશાસ્ત્રના નિષ્ણાત આચાર્ય ભગવંત શ્રીવિજયનંદનસૂરિજી મહારાજના શુભ હસ્તે મારી દીક્ષા થઈ તે પછી જૈન દર્શનનો વિસ્તારપૂર્વક અધ્યયન કરવાની અનુકૂળતા પ્રાપ્ત થઈ. શરૂઆતમાં આવશ્યક સૂત્રો, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ વગેરેનો અભ્યાસ અર્થ સાથે અમારા ગુરુદેવ પરમ પૂજ્ય આચાર્ય શ્રીવિજયસૂર્યોદયસૂરિજી મહારાજ તથા વડીલ ગુરુભાઈ પૂજ્ય આચાર્ય શ્રીવિજયભદ્રસેનસૂરિજી મહારાજ પાસે કર્યો ત્યારે લઘુ સંગ્રહણીનો અભ્યાસ કરતાં કરતાં મારા મનમાં ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા પરંતુ તેનું કોઈ તાર્કિક સમાધાન મળતું નહોતું. ત્યારબાદ અમરકોષ, સંસ્કૃત વ્યાકરણ વગેરેનો અભ્યાસ વડીલ ગુરુબંધુ પૂજ્ય આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિજી મહારાજ પાસે કર્યો. તે સાથે પ્રાચીન લિપીનો અભ્યાસ અને તે દ્વારા પ્રાચીન ગ્રંથોનું સંપાદન કઈ રીતે થાય તે પદ્ધતિ પણ શીખવા મળી અને પરમ પુજ્ય આચાર્ય શ્રીવિજયચંદ્રસુરિજી મહારાજ સંશોધિત ગ્રંથોના સંપાદનમાં પાઠાંતરો મેળવવાનો અનુભવ પણ મળ્યો. જોકે તે મારા રસનો વિષય નહોતો, પરંતુ કોઈપણ પ્રકારનું જ્ઞાન ક્યારેય નિષ્ફળ જતું નથી. ગમે ત્યારે તે ઉપયોગી બને જ છે. દીક્ષાના પ્રથમ વર્ષે જ દીક્ષાદાતા પરમ પૂજ્ય વાત્સલ્યનિધિ સંઘનાયક આચાર્ય શ્રીવિજયનંદનસુરીશ્વરજી મહારાજે મને બૃહત્ સંગ્રહણી અને ક્ષેત્રસમાસ જેવાં જૈન ભૂગોળ-ખગોળ અને બ્રહ્માંડને લગતાં મહત્ત્વનાં ગ્રંથો મને ભેટ આપ્યાં અને કહ્યું પણ ખરું કે ભવિષ્યમાં આ ગ્રંથો તને સંશોધનમાં કામ લાગશે. મને લાગે છે કે તેમનાં અદૃશ્ય દિવ્ય આશીર્વાદથી જ આ કાર્ય મારા હાથે થઈ રહ્યું છે.

સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કર્યા પછી આગમિક સાહિત્યમાં દશવૈકાલિક સૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર, આચારાંગ સૂત્ર, સૂયગડાંગ સૂત્ર નંદીસૂત્ર વગેરેનો અભ્યાસ પરમ પૂજ્ય આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિજી મહારાજ પાસે કર્યો. ત્યારે જૈન દર્શન સંબંધી ઘણા વૈજ્ઞાનિક કારણો, સંદર્ભો પ્રાપ્ત થતા, તેના આધારે વિવિધ પ્રકારના લેખો લખવાનો પ્રારંભ કર્યો.

કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્માએ તેમના ઉપદેશમાં જે કહ્યું છે તે તદ્દન સત્ય જ છે અને સત્ય જ હોય, પરંતુ પરમાત્માએ કઈ અપેક્ષાએ કહ્યું છે, તે આપણને ખબર નહીં હોવાના કારણે અસત્ય લાગે છે. વળી પરમાત્માની વાણીમાં મતમતાંતર આવે નહીં. તેમનો મત એક જ હોય. જો મતમતાંર આવે તો તેમના સર્વજ્ઞપણામાં શંકા પેદા થાય. આમ છતાં, બે ભિન્ન ભિન્ન આગમમાં એક જ વિષય અંગે બે ભિન્ન ભિન્ન વાત જોવા કે વાંચવા મળે ત્યારે તે કઈ અપેક્ષાએ છે તે સમજવું જરૂરી છે. પરમાત્મા કેવળજ્ઞાન દ્વારા બધું જ જાણે છે પરંતુ જ્યારે વાણી દ્વારા અભિવ્યક્ત કરવું હોય ત્યારે તે સંપૂર્ણ સત્ય કહી શકતા નથી કારણ કે શબ્દોની પણ એક મર્યાદા હોય છે. વળી તે એક કે કદાચ બે ત્રણ દષ્ટિકોણથી વાત સમજાવી શકે પરંતુ બધા જ દષ્ટિકોણથી કહી શકે નહીં. તેથી પરમાત્માની વાણી આંશિક સત્ય તથા સાપેક્ષ સત્ય હોય છે, તે વાત આપણે ભુલવી ન જોઈએ. તેથી પરમાત્માએ દશાવેલ બ્રહ્માંડના વર્ણનને તે સ્વરૂપમાં સમજવું જરૂરી છે. આ અંગે તેરાપંથના વિદ્વાન પ્રો. મુનિશ્રી મહેન્દ્રકુમારજી કહે છે કે ''जैन दर्शन में अभिव्यक्त सभी सिद्धान्तो का 'सापेक्षता' के आधार पर अर्थ-घटन करना आवश्यक है। 'श्रद्धा' से जब हम मानते हैं कि 'तमेव सच्चं निःशंकं जं जिणेहिं पवेइयं' तब भी जिनेश्वरदेव द्वारा प्ररूपित या प्रवेदित सिद्धान्त को हम 'सापेक्षता' के बिना कैसे समझ सकते है?'' (ક્રમશઃ)

✦ ✦ ✦

# દંભ અને અસત્ય મુક્ત જીવન એટલે જ આત્માની સત્ય સ્વરૂપતા

**તત્વચિંતક વી. પટેલ**

દંભનો અને અસત્યનો અર્થ એ છે, કે માણસ જેવો છે, તેવો તે સમાજ સમક્ષ વ્યક્ત થવાને બદલે જેવો આત્મિક સત્ય સ્વરૂપ હોવો જોઈએ. અથવા સત્ય સ્વરૂપ ભક્ત હોવો જોઈએ. સત્યવાન હોવો જોઈએ. પ્રામાણિક અને નીતિવાન હોવો જોઈએ. પણ જ્યારે તે અસત્યરૂપ, બનાવટ રૂપ ઢોંગી સમાજ સમક્ષ વ્યક્ત થાય, ત્યારે એના જીવનમાં દંભનું અને અસત્યનું પ્રાગટ્ય થાય છે.

આમ દંભનાં અને અસત્યના પ્રાગટ્ય સાથે જ આત્માનું જે અમૃતતત્ત્વ જે પોતાના સ્વભાવમાં, સ્વધર્મમાં, જાતમાં પરમાત્માએ શાશ્વત સ્વરૂપે સત્ય મુકેલ છે, તેનું જ મૃત્યુ થાય છે અથવા તેનો નાશ થાય છે.

પછી માણસ જીવનમાં જીવનમય અને ધ્યાનમય બનીને પોતાની જ અંતઃસ્ફુરણાના આધારે કે અણસારે આત્મિક સત્યની શોધ માટેની આંતર સાધના કરી પોતાના જ સત્યમાં સ્થિર થઈ શકતો જ નથી.

માણસ પછી તો પોતાને સમાજ તરફથી આદર મળે તેની પ્રાપ્તિ માટે પોતે પ્રમાણ ભાન ભૂલીને અસત્ય તરફ આગળ વધી જાય છે, ત્યારે માણસમાં આડંબર પ્રગટે છે. આમ આડંબર, અસત્ય અને દંભનું આચરણને કારણે માણસ ઢોંગી થઈ જાય છે. આમ ઢોંગી માણસ સૂક્ષ્મ અર્થે મૃત્યુ જ પામતો હોય છે.

માણસ માત્રને આત્મિક સત્ય ધર્મ પાળવો આવશ્યક અને જરૂરી છે, તે પાળ્યા વગર અનુસરણ અને આચરણ કર્યા વગર માણસને પોતાને જ પોતાના આત્માના આનંદની અને શાંતિની પ્રાપ્તિ થતી જ નથી અને સાથે સાથે આત્માને પણ શાંતિ મળતી નથી.

આમ માણસને પરમ શાંતિ અને આનંદ દેનાર મનને અને ચિત્તને સત્ય ધર્મ જ શાંતિ અને આનંદ આપી શકે છે. એ શાશ્વત ધર્મનો સિધ્ધાંત છે.

સત્ય ધર્મનો અર્થ એ છે કે, માણસે પોતાની રીતે પોતાના સ્વભાવને જાણીને સ્વભાવ અનુસાર આંતર ભક્તિમાર્ગ, નિષ્કામ કર્મનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા કે યોગનિષ્ઠા આ ચાર આંતર સાધનામાંથી કોઈપણને પોતાના સ્વભાવ અનુસાર એકને પસંદ કરી આંતર શુધ્ધિ માટે લાગી પડવું જ જોઈએ.

આમ સ્વસ્થ ચિત્તે સાધના પદ્ધતિ પસંદ કરીને આંતર સાધના કરી 'હું' પણાથી એટલે કે અહંકારથી મુક્ત થઈને તૃષ્ણાથી અને આસક્તિથી મુક્ત થઈને અસંગ બની અલિપ્ત બની ઉપયોગના ભાવમાં સ્થિર થઈને પોતાની જ પરમ ચેતના એટલે કે પોતાની જ પ્રજ્ઞામાં જાગૃતતાપૂર્વક સ્થિર થઈને સર્વજ્ઞ બની જીવન જીવવું એનું નામ જ સત્ય ધર્મનું અનુસરણ છે. આચરણ છે. આવું જીવન દંભ અને અસત્યથી મુક્ત જીવન બની રહે છે.

આવું જીવનમાં સર્વજ્ઞત્વ પ્રાપ્ત કરેલો આત્મા સૂર્ય જેવો પ્રભાવવાન હોય છે, જેથી તે જીવનમાં અસામાન્ય નિર્દોષ આનંદ સાધક અનુભવે છે.

આમ સર્વજ્ઞત્વ અપરોક્ષ જ્ઞાનની ઉપલબ્ધિ છે. આ જ્ઞાન એવું

છે કે જેની સાથે રાગાદી ભાવો જીવનમાં પછી ઉત્પન્ન થતાં જ નથી આ રીતે સર્વજ્ઞતાનું પર્યવસાન આત્મ જ્ઞાતામાં જ થઈ જાય છે જે સત્યધર્મના આચરણની સિધ્ધી છે.

આવો સત્ય ધર્મ કૃષ્ણ, મહાવીર, બુધ્ધ, ઈસુ અને મહમંદે અને વેદ અને ઉપનિષદોએ પ્રયોજ્યો છે અને તેને રાજચંદ્ર, મહર્ષિ, અરવિંદ, ગાંધીજી, તુલસી, રામતીર્થ વગેરેએ પુષ્ટ ઉજાગર કરેલ છે, તે સત્ય હકીકત છે. પણ આવી સિધ્ધી પ્રાપ્ત કરવા માટે મહા માનવોએ પ્રબોધેલા સત્ય ધર્મને અને આ મહામાનવો જેમાં બુધ્ધ, મહાવીર, ઈસુ, કૃષ્ણ વગરેને તો આજે આપણે ક્યારના હરાવી દીધા છે.

ચાલુ જમાનાના ગાંધી, રાજચંદ્ર, અરવિદ, રામતીર્થ, તુલસી વગરેએ પ્રબોધેલા સત્યધર્મને આપણે ગાંઠીએ એવા તો નથી.

આ પરિસ્થિતિમાં આપણે શું કરવું તે આપણે આપણી શુધ્ધ બુધ્ધિથી વિચારીને સત્ય ધર્મનું અનુસરણ કરવા લાગી જવાની આવશ્યકતા અને જરૂરિયાત છે, એ જ આપણો સત્ય ધર્મ બને છે.

માણસના મનને પરમ શાંતિ દેનાર સત્ય ધર્મ જ છે. માણસના તમામ દુઃખો, ચિંતાઓ, ઉદ્વેગો, તણાવો વગેરેને નાબૂદ કરનાર અને સુખની વૃધ્ધિ કરનાર જગતમાં માત્ર સત્ય ધર્મ જ છે, એટલું જાણો. જાણવું એટલે અંતસ્થ થઈને જાણવું ને આચરવું તેનું નામ જાણવું છે.

માણસની વાસના કામના, ઇચ્છા, તૃષ્ણા અથવા મનોવૃત્તિને સંકોચનાર, જ્ઞાન દેનાર, જીવનને ઉન્નત અને ઉત્તમ બનાવનાર જીવનને સદાચરણ યુક્ત બનાવનાર અને સાચા અર્થમાં માનવ બનાવનાર માત્ર ને માત્ર સત્ય ધર્મ જ છે.

આમ સત્ય ધર્મના આચરણ દ્વારા જ જીવન શુધ્ધિ અને જીવન સમૃદ્ધિ માત્ર ને માત્ર સત્ય ધર્મ દ્વારા જ પ્રાપ્ત થાય છે.

આમ જીવનમાં સત્ય ધર્મના આચરણ દ્વારા આત્મદર્શન કરીએ આત્મમંથન કરીએ આત્મનિયંત્રણ કરીએ અને તે દ્વારા આત્મ સુધારણાનો સંકલ્પ અને અભિપ્સા ચિત્તમાં કાયમ રાખીએ અને તેને પરિપૂર્ણ કરવા આત્મમંથન કરીએ તો સિધ્ધિ હાથવગી થાય એ છે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકીએ અને આ રીતે આપણે દંભ અને અસત્ય વ્યવહારોથી મુક્ત થઈ શકીએ છીએ.

આમ સત્ય ધર્મ જ જ્ઞાન પ્રદાન કરનાર છે, સત્ય ધર્મ જ, પ્રજ્ઞામય બ્રહ્મનો બોધ કરનાર સંસાર વ્યવહારમાં તેજપૂર્ણ કરનાર અને આજના ક્ષણિક જગતમાંથી આપણને તારનાર દુઃખિત જીવનમાંથી સુખમય ધામમાં આપણને સુખરૂપ પહોંચાડનાર સત્ય ધર્મ જ છે, એટલું સ્પષ્ટ જાણો.

આપણને પૂર્ણતામાં સ્થિર કરી પુનર્જન્મમાંથી બહાર કાઢનાર કર્મ વાસનાને જડમૂળથી ટાળનાર અજ્ઞાનાધિકારનો સંપૂર્ણ નાશ કરનાર અને સત્ય સ્વરૂપ આંતરિક ત્યાગ વૃત્તિમાં દોરનાર અને અસંગમાં અલિપ્તમાં સ્થિર કરી ઉપયોગના આંતરભાવમાં સ્થિર કરનાર માત્રને માત્ર સત્ય ધર્મ જ છે.

આપણને અનાસક્ત અને ઇચ્છા રહિત બનાવી મોક્ષના કેવલીના અને નિર્વાણના પદ પર પહોંચાડનાર તેમજ આપણને માયા, મોહ અને કષાયોથી બચાવનાર માત્ર ને માત્ર સત્ય ધર્મનું અનુસરણ છે આચરણ જ છે.

સત્ય સ્વરૂપ દયા, કરુણા, શીલ, મુદિતામાં સ્થિર કરનાર સત્ય ધર્મ દ્વારા આત્મિક સત્ય માર્ગમાં પ્રવેશ કરાવનાર આ લોકમાં અમૃતરૂપ જીવનમાં સ્થિર કરનાર સત્ય ધર્મ જ સર્વોપરી છે.

આપણી ઇન્દ્રિય જ્ઞાનથી પર બુધ્ધિને સંસ્કારી બનાવનાર તત્ત્વ તે છે. સત્ય ધર્મ આવા આત્મિક સત્ય ધર્મમાં સ્થિર થઈ અનુસારીએ એ જ સત્ય સ્વરૂપ જીવન જીવવાની રીત છે.

સત્ય ધર્મ એ કોઈ સંકુચિત ધર્મ નથી. તે તો વિશાળતા ધારણ કરીને ચાલનારો કેવળ બાહ્યાચારોમાં સ્થિર નથી.

સત્ય, ધર્મનો અર્થ મારે મન કેવળ હિન્દુ ધર્મ નથી, પણ ઉચ્ચત્તર સત્ય આધારિત ધર્મ છે. જે મહામાનવોએ પ્રયોજ્યો છે અને પરમ જ્ઞાનીઓએ તેને પોષો છે, તેનું નામ સત્ય ધર્મ છે.

જે સત્ય ધર્મ મનુષ્યના સમગ્ર સ્વભાવને પરિવર્તિત કરીને માણસને અંદરના સત્ય સાથે અખૂટ રૂપે સત્ય સાથે બાંધી દે તે જ મારે મન સત્ય ધર્મ છે. અને જે માણસને આત્મિક સત્ય સ્વરૂપ શુધ્ધ અને પવિત્ર બનાવે છે. તે જ સત્ય ધર્મ છે, એમ સ્પષ્ટ કહું છું.

આમ મારી દૃષ્ટિએ સત્ય ધર્મ માણસની પ્રકૃતિનું કાયમી સ્થાયી તત્ત્વ છે, જે પોતાની સંપૂર્ણ અભિવ્યક્તિ માટે સાધક કોઈપણ કિંમત ચૂકવવા માટે કાયમ તૈયાર હોય છે અને શુધ્ધ સત્ય ધર્મ જ પ્રમાણમાં સ્થિર હોય છે, જ્યારે રૂઢિગત બાહ્ય ધર્મમાં આરોહ અવરોહ સદાય આવ્યા જ કરતાં હોય છે, કારણકે તેમાં સ્થાયી તત્ત્વ સત્ય જ ગેરહાજર હોય છે.

સત્ય ધર્મના પાલનમાં સત્ય, પ્રેમ કરુણા, ઉદારતા, સહિષ્ણુતા અને ક્ષમા ભાવ હોવા અનિવાર્ય છે. સત્ય ધર્મનું પાલન એ ઉતાવળનો માર્ગ નથી. પણ પરમ ધૈર્યનો માર્ગ છે. તેમાં બાહ્ય ક્રિયા કાંડને કોઈજ સ્થાન નથી. આવા સત્ય ધર્મનું પાલન કરતાં મનને પરમશાંતિની

અનુભવ અને અનુભૂતિ થવી જ જોઈએ. જો સત્ય ધર્મના પાલન પછી પરમ શાંતિની અનુભૂતિ અને અનુભવ ન થાય તો તો માનવું કે ક્યાંક મારી આચરણમાં આત્મિય સત્યમાં સ્થિરતામાં ભૂલ છે, તે ભૂલ શોધી તેનું નિવારણ કરવું જ રહ્યું.

આવા જ સત્ય ધર્મમાં સ્થિર થઈ આત્મિક સત્ય સ્વરૂપ, સત્કાર્યોથી જીવન દિપાવીએ એજ મારી દૃષ્ટિએ સત્ય ધર્મ છે.

જીવનમાં નિસ્વાર્થ નિર્લોભ નિર્વાસના નિષ્કામ નિર્મળ અને સત્ત્વગુણી બની શુધ્ધ સાત્ત્વિક પવિત્ર ચારિત્ર શીલ સંસ્કારી માનવ બની, પોતપોતાનાં ગૃહસ્થા શ્રમને દિપાવીએ.

આમ આપણું પોતાનું ઘર જ જગતનું સૌથી મોટું પવિત્ર સત્યસ્વરૂપ તીર્થ સ્થાન બનશે. આનાથી આ જગતમાં બીજું કોઈ પવિત્ર તીર્થ સ્થાન હસ્તી ધરાવતું જ નથી.

એટલે આવી સત્ય સ્વરૂપ આત્મિક સ્થિતિ પ્રાપ્ત કરવી એ જ મારી દૃષ્ટિએ સત્ય ધર્મ છે અને આજ સત્ય ધર્મનો મુખ્ય ઉદ્દેશ છે. જેમાં વિચારમાં એકાગ્રતા વ્યવહારમાં શાલીનતા અને આચરણમાં સાત્ત્વિક્તામાં સ્થિર થઈને આપણે આત્મિક સત્યને દિપાવીએ અને જીવનને સમૃદ્ધ અને જીવનને શુધ્ધ કરીએ અને જેને આપણે પરિપૂર્ણ કરીએ એટલે કે પૂર્ણતામાં સ્થિત થઈએ છીએ.

આવી સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી, તમારે આ જીવનમાં ક્યાંય ભટકવાની જરૂર જ નથી તમારું ઘર એ જ તમારું જીવન એ જ સત્ય સ્વરૂપ પરમાત્માનું તીર્થ રૂપ બની રહેશે.

ચાલો આપણે આવા તીર્થ સ્થાનમાં પરમ તત્ત્વ પરમાત્માને ભેટીએ એટલે કે આત્મ સ્વરૂપ થઈએ અને આત્મ જ્ઞાન જીવનમાંથી જ ઉપલબ્ધ કરી. જીવન પ્રસન્નતાપૂર્વક આત્મિક સત્યમાં સ્થિર થઈને જીવીએ એ જ જીવન છે, જેને કહેવાય છે દંભથી અને અસત્યથી મુક્ત થઈને આત્માની સત્યતાપૂર્વક જીવવું.

✦ ✦ ✦

સંપર્ક : sarujivan39@gmail.com, અમેરિકા

**ગાંધી મનનયાત્રા**

# ન્યાયના બે પુજારીઓ : મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર

**સોનલ પરીખ**

**ગાં**ધીજીની હત્યા બાદ લંડન ટાઈમ્સે ગાંધીજીને ''પેઢીઓ પછી પ્રગટ થાય એવી પ્રતિભા'' શબ્દોમાં વર્ણવ્યા હતા. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં બ્રિટીશ રંગભેદ સામે અને ભારતમાં બ્રિટીશ સામ્રાજ્યવાદ સામે લડત ઉપાડી હતી. દક્ષિણ આફ્રિકામાં બ્રિટીશ સરકારને કાયદા બદલવાની ફરજ પડી હતી અને ભારતમાંથી તો નીકળી જ જવું પડ્યું હતું. તે છતાં ત્યાંના અખબારમાં એમને શ્રદ્ધાંજલિ આપતો સુંદર લેખ પ્રગટ થયો એ મહાત્મા ગાંધીના વ્યક્તિત્વનો હતો, એમની અહિંસાનો હતો, એમના સત્યાગ્રહનો પ્રભાવ હતો. સત્ય, અહિંસા અને સત્યાગ્રહ આ શબ્દો ખૂબ સાદા અને સરળ દેખાય છે, પણ તેનો અર્થ જેટલો વિરાટ તેટલો સૂક્ષ્મ છે.

સત્યાગ્રહ વિષે નારાયણ દેસાઈ લખે છે, ''સત્યાગ્રહનો સાચો અર્થ બહુ ઓછા સમજે છે. સત્યાગ્રહની મૂળ વાત સામા માણસનો વિચાર ફેરવવાનો છે. પોતે શુદ્ધ વિચાર કરવો, તેને અમલમાં મૂકવો અને સામા માણસને એ બરાબર સમજાવી તેને ગળે ઉતારવો. વળી તેની સાથે વિચારવિનિમય કરતાં આપણા વિચારમાં કોઈ દોષ દેખાય તો તેનું સંશોધન કરવું એ જ ખરા સત્યાગ્રહનું સ્વરૂપ છે. આદિમાં વિચાર, મધ્યમાં વિચાર અને અંતમાં વિચાર એ સત્યાગ્રહનું મુખ્ય અંગ છે.''

ગાંધીજીએ અહિંસાને ''ક્રાંતિકારી શક્તિ'' અને સત્યાગ્રહને ''અસહાય પ્રજાને સ્વતંત્રતા અપાવનાર સૌથી વધારે પ્રભાવક નૈતિક અને વ્યવહારિક પદ્ધતિ'' કહી છે. ગાંધીજીના અહિંસક સત્યાગ્રહને સમજનાર અને આચરનાર વ્યક્તિઓમાં માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરનું નામ સૌથી પહેલું આવે.

માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર ૧૯૨૯ની પંદરમી જાન્યુઆરીએ જન્મ્યા. એના બીજા વર્ષે એટલે કે ૧૯૩૦માં ભારતમાં મહાત્મા ગાંધીએ દાંડીકૂચ કરી અને બ્રિટીશ સરકારના અન્યાયી મીઠાના કાયદાનો ભંગ કર્યો. સત્યાગ્રહ દેશવ્યાપી બન્યો. લગભગ ૬૦,૦૦૦ લોકો જેલમાં ગયા. બ્રિટીશ સરકારે ગાંધીજી અને તેમના બે દીકરાને પણ જુદી જુદી જેલોમાં પૂર્યા હતા. કસ્તૂરબા આશ્રમ સંભાળતાં, સાથે પતિ-પુત્રોને મળવા જેલોના ધક્કા ખાતાં. એક વર્ષની લડત પછી ગાંધી-અરવિન મંત્રણા થઈ અને ગાંધીજીએ અસહકાર આંદોલન પાછું ખેંચ્યું. આખી દુનિયાનું ધ્યાન ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ પર ખેંચાયું હતું. યુરોપ-અમેરિકાથી પત્રકારો ભારત

જતાં અને ગાંધીજીને મળતા. ગાંધીજી પોતાની સાદાઈ, સ્પષ્ટતા, મક્કમતા અને સિદ્ધાંતપ્રેમ વડે વિશ્વસ્તરના ક્રાન્તિપુરુષ બનતા જતા હતા.

૧૯૪૮માં ગાંધીજીની હત્યા સમયે માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરની ઉંમર ઓગણીસ વર્ષની. ત્યારના અમેરિકામાંથી ગુલામી નાબૂદ થઈ હતી, પણ સેગ્રીગેશન એટલેકે ભેદભાવ પુષ્કળ હતો. શ્યામ પ્રજાના રહેણાકનાં વિસ્તારો, શાળા-કોલેજો, ચર્ચો, બાંકડા, હોટેલો, થિયેટરો બધું જ અલગ. ઠેકઠેકાણે "ફોર બ્લેક્સ" એવા પાટિયાં ઝૂલે. ગાંધીજીની હત્યા થઈ એ જ વર્ષે માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર એક પ્રતિષ્ઠિત નિગ્રો ઇન્સ્ટીટ્યુશનમાંથી સ્નાતક થયા.

૧૯૫૦માં એક થિયોલોજિકલ સેરિમનીમાં ડૉ. કિંગે હોવર્ડ યુનિવર્સિટીના વડા શ્રીમાન જોન્સનનું પ્રવચન સાંભળ્યું. શ્રીમાન જોન્સન ભારત ગયા હતા અને ગાંધીજીને મળ્યા હતા. પ્રવચનમાં તેમણે ગાંધીજીના અસહકાર, અહિંસા અને સત્યાગ્રહ વિષે વાતો કરી એ સાંભળી ડૉ. કિંગને થયું કે ઈસુએ જે માર્ગ ચીંધ્યો છે તેના પર ગાંધીએ ચાલી બતાવ્યું છે એટલું જ નહીં, તેની અસરકારકતા પણ સાબિત કરી બતાવી છે.

૧૯૫૧માં એમણે થિયોલોજી સાથે બી.ડી. એટલે કે બેચલર ઓફ ડિવીનીટીની ડિગ્રી મેળવી. ૧૯૫૫માં ડૉક્ટરેટ મેળવ્યું સાથે અમેરિકાની પહેલી મહત્ત્વની નિગ્રો મુવમેન્ટ "બસ બોયકોટ"નું નેતૃત્વ, ગાંધી-સિદ્ધાંતોને પાયામાં રાખીને સ્વીકાર્યું. ત્યાં સુધીમાં એક ખૂબ બુદ્ધિમાન અને ક્લાસંપન્ન યુવતી કોરેટા સ્કોટ સાથે એમનાં લગ્ન થઈ ગયાં હતાં અને મોન્ટગોમેરી, અલાબામાના એક ચર્ચમાં તેઓ ધર્મોપદેશક બની ચૂક્યા હતા.

"બસ બોયકોટ" આંદોલન ૩૮૨ દિવસ ચાલ્યું. ડૉ. કિંગે જેલ ભોગવી, અપમાનો વેઠ્યાં, એમના પર, એમના ઘર પર ખતરનાક હુમલા થયા. સાથે જ તેઓ પ્રથમ પંક્તિના નિગ્રો નેતા સ્થાપિત થઈ ચૂક્યા. ૧૯૫૬ના ડિસેમ્બરમાં અમેરિકામાં નિગ્રો અને ગોરાઓને બસમાં બેસવાનો સમાન અધિકાર આપતો કાયદો બન્યો. માત્ર પાંત્રીસ વર્ષની ઉંમરે ડૉ. કિંગ શાંતિ માટેના નોબેલ ઈનામના સૌથી નાની વયના હકદાર બન્યા. મહાત્મા ગાંધીની હત્યા પછી બરાબર વીસ વર્ષે ડૉ. કિંગની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી. મૃત્યુ સમયે તેઓ ૩૯ વર્ષના હતા.

ગાંધીજીને વાંચીને અને ૧૯૫૯માં ભારતયાત્રા કરીને ડૉ. કિંગે ગાંધીજીને અને એમના સિદ્ધાંતોને પચાવ્યાં હતા. ગાંધીજી કહેતા કે અહિંસા એટલે દુશ્મન પર પ્રહાર ન કરવો એટલું જ નથી. અહિંસામાં સત્યનું, પ્રેમનું અપાર બળ છે. સત્યાગ્રહ કરવો એટલે અન્યાયને તાબે થવાનો ઇનકાર અને જુલમગારને પ્રેમ અને સત્યને બળે પરિવર્તિત કરવાની કોશિશ. અહિંસક અસહકાર એટલે આ. માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરને ખાતરી થઈ હતી કે સમાજ પરિવર્તન માટે ગાંધીનો માર્ગ જ શ્રેષ્ઠ છે. તેમણે ગાંધીજીના વિચારો અને કાર્યોનું અનુસંધાન ઈસુના દુશ્મનને પ્રેમ કરવો અને અત્યાચાર કરનાર માટે પ્રાર્થના કરવી એ વચનમાં જોયું હતું અને એટલે જ ૧૯૬૨માં તેમણે ગાંધીજીને "ધ ગ્રેટેસ્ટ ક્રિશ્ચિયન ઓફ ધ મોર્ડન વર્લ્ડ" કહ્યા હતા.

જો કે ગાંધીજી અને ડો. કિંગ બન્નેના અહિંસક સંઘર્ષનું મૂળ હેન્રી ડેવિડ થોરો અને રાલ્ફ વાલ્ડો એમર્સન જેવાં અમેરિકન ચિંતકોમાં જોઈ શકાય. આ બન્ને સમકાલીન હતા, મિત્રો પણ હતા. એમર્સન થોરો કરતા ૧૪ વર્ષ મોટા. અમુક બાબતમાં તેમણે થોરોનું ઘડતર પણ કર્યું. તેઓ દેખીતા નિયમો ઉપરાંતની નીતિમત્તામાં માનતા, ગુલામીની વિરુદ્ધ હતા અને અન્યાયી કાયદાનો વિરોધ કરવો તેને પોતાનો ધર્મ ગણતા. ગાંધીજીએ આ બન્નેને વાંચ્યા હતા. ગાંધીજીથી પરિચિત થતા પહેલા માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરે પણ આ બંનેને વાંચ્યા હતા. ન્યાય અને સમાનતા માટેની પોતાની લડતમાં, ગાંધીજીએ જુલ્મોનો ભોગ બનેલાઓને આપેલો સત્ય અને પ્રેમના શસ્ત્રથી પ્રતિકાર કરવાનો મંત્ર એમને ખૂબ કામનો લાગ્યો હતો. અને એટલે તેમને "બસ બોયકોટ" લડત વખતે તેનો સફળ પ્રયોગ કર્યો હતો. તેઓ કહેતા, "હિંસાનું અવલંબન લીધા વિના અને દુષ્ટ લોકોને ધિક્કાર્યા વિના દુષ્ટતાનો પ્રતિકાર અને શક્ય છે. અહિંસાનો આશ્રય લેનારે બદલો લેવાની વૃત્તિ છોડી સહન કરવાની ઇચ્છા રાખવાની હોય છે. અહિંસક લડાઈનો સૈનિક દુશ્મનને મારતો તો નથી, પણ તેને ધિક્કારવાનો પણ ઇનકાર કરે છે."

ગાંધીજીએ સાબિત કર્યું કે અહિંસા તેના ઉચ્ચ રૂપમાં માનવમાત્ર માટેનો પ્રેમ છે. આ પ્રેમ જ લોકોના હૃદયને સ્પર્શવાનો અને તેમને ન્યાયસંગતતાને પોતાનું ધ્યેય સમજતા કરવાનો રસ્તો છે. ગાંધી માર્ગે નેશવિલેનો પ્રખ્યાત સત્યાગ્રહ કરનારા જ્હોન લેવીસે લખ્યું છે કે "જો તમે અત્યાચારોની વચ્ચે રહીને પણ એટલું સમજી શકો કે હુમલો કરનાર પણ તમારી જેમ એક શિકાર છે ને એ જે બળોનો શિકાર છે તેણે જ તેનામાં આટલી હિંસા અને આવેશ ઉત્પન્ન કર્યા છે તો તમે અહિંસાના માર્ગે છો એમ કહેવાય."

એક મહિનાની ભારતયાત્રા દરમ્યાન ડૉ. કિંગ ગાંધી પરિવારના થોડા સભ્યોને મળ્યા હતા, મુંબઈના મણિ ભવનમાં રહ્યા હતા. દિલ્હીમાં ગાંધીજીની સમાધિ પર પુષ્પો ચડાવ્યાં હતાં. અમેરિકા

પાછા ફર્યા બાદ એમણે લખ્યું હતું, ''ભારતમાં મેં જોયું કે સદીઓની ગુલામી અને ભાગલા વખતની હિંસાને લોકો બહુ ઓછા સમયમાં ભૂલી શક્યા છે. બીજે ક્યાંય આવું થયું હોત તો જખમ ભરાતા, નફરતને દૂર થતાં ઘણો વધારે સમય લાગત. હું તેનું કારણ અહિંસક સ્વાતંત્ર્યસંગ્રામમાં જોઉં છું.''

દરેક ગાંધીજયંતીએ, દરેક ગાંધીનિર્વાણ દિને ગાંધીના ભારતની હવા કંઈક ધૂંધળી થતી જતી હોય છે. વિચાર-વર્તનની સાચી દિશા પકડી તેને ચોખ્ખી કરવાની કોશિશ કરવી એ જ રાષ્ટ્રપિતાનું ખરું તર્પણ, એ જ ખરો રાષ્ટ્રપ્રેમ.

✦ ✦ ✦

# તિરૂકકુરળ ચિંતનિકા-૩

**પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ.સા. (બેન મ.સા.)**

## ધર્મ કોને કહેવાય?

**धर्मात् साधुतरः कोऽन्यो,**
**यतो विन्दन्ति मानवाः ।**
**पुण्यं स्वर्गप्रदं नित्यं,**
**निर्वाणं च सुदुर्लभम् ।।**

(परिच्छेद: ४, गाथा-१)

**મા**નવની સર્વશ્રેષ્ઠ સંપતિ મન છે. મનના કારણે માનવ સર્વોપરિ છે. મન જ માનવને સર્વ માટે કાર્ય પ્રેરે છે. રાજા હોય કે રંક, હોય. સૌની પાસે મન છે. મન દ્વારા માનવ મોક્ષનો અધિકારી બની શકે છે. મન દ્વારા જ નિમ્નગમન કરે છે.

**॥ મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયોઃ ॥**

વિશ્વમાં એવી કેટલીય વસ્તુ છે – પદાર્થ છે જેનો સદુપયોગ કરીએ તો ઉર્ધ્વગમન થાય છે અને દુરુપયોગ કરીએ તો અધઃપતન થાય છે.

રામ પૂજ્ય બન્યા – રાવણ તિરસ્કૃત બન્યા. કારણ શું? આપણે પણ ક્યારેક રામના વારસદાર બનીએ છીએ તો ક્યારેક રાવણની સંતતિ બની જઈએ છીએ. પદાર્થનો સદુપયોગ અને દુરુપયોગની કલા સમજવી જોઈએ. પ્રત્યેક પદાર્થના ગુણ-ધર્મ જાણવા જોઈએ. એટમ બોમ્બના શોધક વૈજ્ઞાનિકનું મનન-ચિંતન કેટલું વિશાળ હતું, પણ તેમણે સાર-અસારનો વિવેક કર્યા વિના અસાર માર્ગનો રસ્તો લીધો. વિશ્વમાં હાહાકાર વર્તાવી દીધો. લાખો-કરોડો લોકોનો સંહાર કર્યો. તેની સંહારલીલા વર્ષો સુધી ચાલે છે. આજે પણ તેવા હાહાકારથી પૃથ્વી પર માનવો ત્રસ્ત છે. મનમાં કંઈક અહમ્ જાગે છે. અહંના એરૂથી અભડાયેલ માનવ કુકર્તવ્ય કરી બેસે છે.

આપણી આંખ સમક્ષથી હજી પણ મુંબઈની તાજમહલ હૉટલની કરુણાંતિકા ખસતી નથી. વ્યક્તિએ કામ કર્યું. એક ભયંકર ઇતિહાસ સર્જ્યો. વર્ષો ગયા પણ તેના સ્મરણો – રૌદ્ર સ્વરૂપ નજર સામેથી ખસતું નથી.

''ભલા ભાઈ! ભૂતકાળ પાસેથી તું ભવ્યતા અને અભવ્યતાના પાઠ શીખ. સદ્ અને અસદ્નો વિચાર કર.''

પ્રત્યેક ધર્મના શાસ્ત્રો આપણને અનુપમ માર્ગદર્શન કરે છે. સદ્કાર્યોમાં પ્રેરણા કરે છે. અસદ્કાર્યોથી નિવારણ કરવાનું કહે છે. જૈન ધર્મનું શ્રી દશવૈકાલિક સૂત્ર હોય કે હિંદુ ધર્મની પવિત્ર ગીતા હોય કે તમિલભાષાનું તિરૂકુરળ હોય – સર્વ ગુરુ ભગવંતોનો વિશ્વને એક જ સંદેશ-પૈગામ છે. ઉપદેશ છે કે,

**''સન્માર્ગ – સત્કર્તવ્ય જ કરણીય છે,**
**અસત્ માર્ગ – અસત્ કર્તવ્ય ત્યાગનીય છે.''**

વિદ્વાનો બહુ લાંબુલચક ભાષણ આપતાં નથી. શોર્ટ અને સ્વીટમાં સમજાવે છે. કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચંદ્રાચાર્ય ફરમાવે છે – **''આશ્રવઃ સર્વથા હેય, ઉપાદેયશ્ચ સંવરઃ ॥''** અઢાર પુરાણ શાસ્ત્રોમાં મહાત્માએ બે જ વાક્ય ફરમાવ્યા હતા – **''પરોપકાર પુણ્યાય, પાપાય પરપીડનમ્''** તિરૂવલ્લુવર મહાત્મા પણ એક મહાન ચિંતક-લેખક હતા. તેઓએ પણ તિરૂકુરળમાં એક જ સત્ય પ્રકાશ્યું છે કે, **''સત્કર્તવ્ય કર, અસત્ કર્તવ્યથી દૂર રહે.''** – એ જ ધર્મ છે. એ જ આદરણીય અને ઉપાસનીય માર્ગ છે.

સોશાણાના – બુદ્ધિમાનના ઉપદેશમાં, વાતમાં, વિચારણામાં એ જ મત હોય છે. સત્ય સમજનારમાં વાદ-વિવાદ, ઝઘડા હોતા નથી. ઝઘડા ટંટા-ફિસાદ, હુંસાતુંસી આદિ તો અજ્ઞાનીના મગજની તુચ્છ બબાલો છે. વિશ્વનો કોઈપણ વ્યક્તિ ઇતિહાસ-સર્જક બને તો કહેવું જ પડશે કે કોઈ મહાત્માના માર્ગને અનુસર્યો છે. મહાત્માના ઉપદેશને જીવનનો સર્વોત્તમ પંથ બનાવ્યો છે.

કર્તવ્યો એક નહીં, અનેક નહીં, અનંત છે. અનંતના માર્ગે પ્રસ્થાન કરવાથી સત્કર્તવ્યો થાય છે. સત્કર્તવ્યો જ કરણીય છે. પ્રત્યેક વ્યક્તિના વિચાર અલગ હોવાથી જે માર્ગ માનવને આનંદ આપે છે, તે માર્ગે અવિરત ચાલ્યા જ કરે છે. **સન્માર્ગમાં સ્થિર બની સત્કર્તવ્યોની આચરણમાં હાર્યા વિના, થાક્યા વિના, ચાલ્યા કરવું એ સાચો ધર્મ છે.**

સત્કર્તવ્યથી પીછેહઠ કરવી નહીં. સત્ માર્ગના મુસાફરને નમન કરવા, વંદન કરવા જોઈએ.

માનવ! વિચાર કરજે. તું શુભનો, શુદ્ધનો મુસાફર બન. આ માર્ગ સહેલો નથી. સરળ નથી. જિંદગીમાં કપરા ચઢાણ આવશે. ભૂલભૂલામણી આવશે. પણ તું તો શ્રેષ્ઠ મુસાફર છો. તેં અસિધારાવ્રત લીધું છે. ગભરાયા વિના, મુંઝાયા વિના, સાહસિક હિંમતવાન બની આગળ વધ. સત્કર્તવ્ય, સત્ પ્રવૃત્તિ એ જ ધર્મ છે. એ જ સત્ય ધર્મ છે. સત્ય ધર્મને અનુસરનાર સદા સ્તુત્ય છે. બાકી બાહ્ય આડંબર છે. ધર્મ નથી. જે કાર્યો કરવાથી આપણા આત્માને ખુશી થાય અને જેના માટે કરાય તે પણ ખુશ થાય. તેને સન્માર્ગ કહેવાય. **તે જ સાચો ધર્મ.**

✦ ✦ ✦

Email : 2yash89@gmail.com

# વૉશ બેસીનથી થોડેક છેટે

**ગુલાબ દેઢિયા**

**એ** ચિત્ર મનનો કબજો લઈને બેઠું છે. મનમાંથી ખસતું નથી. કચ્છી ભાષાના બુઝુર્ગ કવિ માધવ જોશી અમારે ઘરે પધાર્યા હતા. કાવ્યશાસ્ત્રવિનોદ અવિરત ચાલતો રહ્યો, આનંદ આનંદ થઈ ગયો.

મધ્યાહ્ને ભોજન માટે અમે ઊભા થયા. ગામના અમારા ઘરમાં હજી સુધી વૉશ બેસીન નથી. અમને એની ખોટ નથી સાલતી. ઘર નાનું ને આંગણું મોટું. એટલે કળશિયો લઈને આંગણામાં હાથ ધોઈ લઈએ. મહેમાનને સાદર હાથ ધોવરાવીએ. હું પાણી ભરેલો કળશિયો અને નૅપકીન લઈને ઊભો હતો.

કવિને હાથ ધોવા વિનંતી કરી. કવિ હાથ લંબાવે અને હું પાણી રેડું એટલી જ વાર હતી ત્યાં તો માધુ બાપા મને કહે :

'મારી એક વાત માનશો?'

'ચોક્કસ. એમાં તે કંઈ પૂછવાનું હોય? કહો શું આજ્ઞા છે?' વિચારમાં પડી મેં પૂછ્યું.

'આ લોટો મને આપો. આજે હું તમને હાથ ધોવડાવું.'

યજમાન હું હતો. એ તો મારી ફરજ હતી. માત્ર ફરજ નહીં, આનંદ, ગૌરવ, બહુમાન, વિનય બધું જ હતું.

પરંતુ માધુ બાપાના અવાજમાં જે અનનુનય હતો, તે જીતી ગયો. કોઈ પણ તર્કવતર્ક કર્યા વગર હું માની ગયો. આ પ્રસંગ મનમાં જાગ્યા કરે છે.

હાથ ધોવા, ધોવરાવવાની એ પળો ચિર સ્મરણીય બની ગઈ છે. હાથ નમાવી ઊભા રહીએ. હાથ ધોવરાવનાર સાચવીને પાણી હળવે હળવે રેડે. છાંટા ન ઊડે તેનો ખ્યાલ રાખે. આદરની મહેંક આપ્યા કરે. બન્ને ચહેરા પર સ્મિત ફરક્યા કરે. વૉશ બેસીનમાં જાતે હાથ ધોતાં આ અમૂલખ અનુભવ થોડી થવાનો!

વાજતે ગાજતે ગુરુગ્રંથ સાહેબની યાત્રા નીકળી હતી. ખૂબ મોટી શોભાયાત્રા હતી. અનેક ભક્તો ભક્તિભાવે પદયાત્રામાં જોડાયા હતા. ગુરુગ્રંથ સાહેબના રથની આગળ એક કૌતુક દીઠું. રથ આગળ વધે છે, તેની પહેલાં સાત આઠ સુખી પરિવારની ગૃહિણીઓ અડવાણે પગે ચાલતી હતી અને રથનો મારગ મોટી સાવરણીઓથી વાળતી જતી હતી. રસ્તો સાફ હતો પણ હજારો માણસોની વચ્ચે આ સન્નારીઓ ઉમંગ-હોંશ ને ભક્તિભાવપૂર્વક રથયાત્રાનો માર્ગ ચોખ્ખો કરતી હતી. આપણે ત્યાં ભક્તિ પ્રગટ કરવાની, નમ્ર બનવાની કેવી કેવી રૂડી રીતો જીવે છે! હર્ષાશ્રુ આવી જાય એવું દૃશ્ય હતું!

જૈનોમાં એક પરંપરા છે. કોઈ શ્રાવક મોટા પૂજનનું આયોજન કરે ત્યારે પોતાનાં સ્નેહી-સ્વજનોને પૂજનમાં સહભાગી થવા નિમંત્રણ આપે. મહેમાનો આવે ત્યારે યજમાન પરિવાર દ્વારા બારણે, જાહેરમાં એમના પગ ધોવરાવે. આ વિધિમાં સ્વાગત છે, ભક્તિ છે, વિનંતી

છે અને અનેરો આનંદ છે. તમે પધાર્યા તેનો ઉપકાર એ ભાવનાનું દર્શન છે.

મને ખબર પડી ગઈ, તમને હમણાં શું યાદ આવ્યું છે? 'પગ મને ધોવા દ્યો રઘુરાય' રામલક્ષ્મણજાનકીને ગંગા પાર કરાવતી વખતે ગુહ રામના પગ ધોવાની વિનંતી કરે છે. એ નાવિકને પૂછવામાં આવે છે, 'શું ઉતરાઈ લેશો?' નાવિક કહે છે : તમને હું ગંગા પાર કરું, પ્રભુ અમને ઉતારો ભવ પાર.

નાવની ઉતરાઈ નવ લઈએ, આપણે ધંધાભાઈ.

કવિશ્રી દુલાભાયા કાગની અદ્ભૂત રચના છે.

આપણા જીવનમાં અહંકાર, અભિમાનના વટના પ્રસંગો તો ડગલે ને પગલે આવે છે. આવા નમ્રતાના, સરળતાના, સહજતાના, આદરમાનના અવસરો ઓછા આવે છે.

તમે અમારા કચ્છના ઘરે આવશે ત્યારે હું તમારા હાથ જરૂર ધોવરાવીશ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૦૬ ૧૧૮૫૨

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

## જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦,૦૦૦/- | બંસરીબેન પારેખ |
| ૧૦,૦૦૦/- | રમાબેન જે. મહેતા |
| ૫,૦૦૦/- | મીના જોશી |
| ૫,૦૦૦/- | અમીતા ટિંબડિયા |
| ૧,૦૦૦/- | કલ્પના મારડિયા |
| ૨,૦૦૦/- | શ્રી યોગિની શેઠ |
| ૨,૦૦૦/- | મધુમીતા સંચેત |
| ૨,૦૦૦/- | છાયા શાહ |
| ૨,૦૦૦/- | નિલીમા મશરૂ |
| ૨,૦૦૦/- | મમતા સાનવાલ |
| ૨,૦૦૦/- | પ્રિતી ભગત |
| ૧,૦૦૦/- | નેહા ઝવેરી |
| ૧,૦૦૦/- | જિજ્ઞા સોની ઝવેરી |
| ૧,૦૦૦/- | સુચિતા રવેશિયા |
| ૧,૦૦૦/- | અમલા મહેતા |
| ૧,૦૦૦/- | સરોજ સંઘવી |
| ૧,૦૦૦/- | કલ્પના મારડિયા |
| ૧,૦૦૦/- | મીના શાહ |
| ૧,૦૦૦/- | પ્રતિભા સિંઘવી |
| ૧,૦૦૦/- | હીમા નાણાવટી |
| ૧,૦૦૦/- | સંગીતા અજમેરા |
| ૧,૦૦૦/- | નયના ધાનકી |
| ૧,૦૦૦/- | દીના શાહ |
| ૧,૦૦૦/- | પ્રીતિ ગાંધી |
| **૯૫,૦૦૦** | |

## જરનલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦,૦૦૦/- | બંસરીબેન પારેખ |
| ૨૫,૦૦૦/- | શૈલજાબેન સી. શાહ |
| ૨૫,૦૦૦/- | એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૩,૦૩૫/- | શાહ જેઠાલાલ રતનશી |
| ૧૧,૦૦૦/- | નીનાબેન એન. શાહ |
| ૧૦,૦૦૦/- | જે. કે. શાહ ફાઉન્ડેશન |
| ૪,૦૦૦/- | ઈન્દ્રવદન સી. શાહ |
| ૨,૦૦૦/- | શીલ્પા બુદ્ધદેવ |
| ૨,૦૦૦/- | શ્રી હેમાંગ બુદ્ધદેવ |
| ૧,૦૦૦/- | શ્રી ચારૂ બુદ્ધદેવ |
| **૧,૪૩૦૩૫/-** | |

## પુસ્તક વેચાણ ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૯૨૦/- | મિસીસ લીનાબેન શાહ |
| ૪૦૦/- | વૈભવ ગાલા |
| **૧,૩૨૦/-** | |

## એજ્યુકેશન રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૩૦,૦૦૦/- | ઈંદિરાબેન નગીનદાસ શાહ |
| **૩૦,૦૦૦/-** | |

ફરીએ તો વિસ્તરીએ-૧૬ :

# ડૅન્યૂબને કાંઠે

જેલમ હાર્દિક

ફિલ્મનો ઈન્ટરવલ આપણે પૂરો કર્યો, ને હવે શરૂ થ્યો' એનો બાકીનો ભાગ. કેમ, 'ચેકિયા ટુ હંગેરી' ફિલ્મમાં વચ્ચે સ્લોવાકિયામાં ડોકું ન કાઢી લીધું? અત્યારે વિચારું છું તો લાગે છે કે જોગાનુજોગ કેવું ગોઠવાઈ ગ્યું' કે ફરવાની શરૂઆત કરી આપણે વિયેનાથી ને પ્રાગ-બ્રાતિસ્લાવા થઈ પહોંચીએ છીએ હવે બુડાપેસ્ટ; ઑસ્ટ્રિયાથી હંગેરી. એનો અર્થ એ કે આપણે ચક્કર મારી લીધો પહેલાં વિશ્વયુદ્ધ સુધીના ઑસ્ટ્રો-હંગેરી. સામ્રાજ્યના એક ખાસ હિસ્સામાં, એની બંને રાજધાનીઓ વચ્ચેના હિસ્સામાં! ને આ બધુંય આપણી ફ્લિક્સના સથવારે; શાનદાર સવારી, જાનદાર સવારી. હા, આ વખતે બસની ટિકીટને બીજો ખર્ચ અમે રોકડમાં જ કરતાં'તાં, કરવો પડતો'તો, કેમ કે ચેકિયાને હંગેરી જેવા દેશો યુરોઝોનમાં ન હોવાને લીધે ત્યાં યુરો નો'તા ચાલતા, એમની કરન્સી લેવી પડતી, જે દેશ છોડીએ એ પહેલાં શક્ય એટલી અમે વાપરીય નાખતાં.

તો એમ, ઉતર્યા અમે બુડાપેસ્ટ. ઉતરતાં જ એક ગરબડ થઈ. આસપાસ બધું હંગેરિયન ભાષામાં લાખ્યું'તું, અંગ્રેજીમાં કાંઈ જ નહીં. અરે, એવાં લોકોય ન મળ્યાં જે અંગ્રેજી જાણતાં હોય! એટલે ક્યાં ઉતર્યાં છીએ ને ક્યાં જવાનું છે એ સમજવા ખૂબ મથ્યાં, પણ કાંઈ મેળ ન પડ્યો. છેવટે તમને કહ્યું'તું એમ બાર કલાકની પબ્લિક ટ્રાન્સપોર્ટની ટિકિટ ખરીદી, ને ચાલ્યાં અંડરગ્રાઉન્ડ ટ્રેન તરફ. ટ્રેનમાં બેસતાં પહેલાં ગાર્ડને હૉટેલનું એડ્રેસ બતાવીને પૂછ્યું કે આના માટે ક્યાં ઉતરીએ? તો કે'કે આ જ સ્ટેશન છે એના માટે! તમને કદાચ હસવું આવી ગ્યું' હશે, પણ મારી તો જે હાલત થઈ. એટલો ગુસ્સો ચડ્યો જાત ઉપર કે ન પૂછો વાત. મૂળ તો થાક્યાં હશું ને એમાં ઉમેરાયો ઘવાયેલો અહમ્ કે આટલું ફર્યાં તોય આવી મુર્ખાઈ થઈ જ કેમ! પૈસા તો બગડ્યા જ, ને સાથે લોહી બળ્યું એ ખોટમાં. નફામાં તો કેમ કહું? ને અત્યારે એવું થાય કે આટલું ફરવામાં આટલી ભૂલ ન થાય! બધું મોડું જ સમજાય સાલ્લું! ખેર. આવા અનુભવો જ ઘડે છે ને? અને તમને કહેવાનું કારણ એટલું જ કે અમારી સાથે થયું એ તમારી સાથે ન થાય. બસ, પછી તો ત્યાંથી માંડ્યાં ચાલવા ને થોડીવારમાં જ દેખાઈ આઈબિસ હૉટેલ.

રિસેપ્શનમાં દાખલ થયાંને જોયું તો દીવાલો રંગબેરંગી ચિત્રોથી ભરેલી હતી. આગળ એક બાજુ જૂનું વૅસ્પા મૂકેલું હતું ને બીજી અવનવી મજાની વસ્તુઓ. એવું સરસ લાગ્યું બધું જોઈને. ચેક ઈન માટે પહોંચ્યાં કે, ડ્યુટી પરના સ્ટાફે ઈસ્ટર એગ ચોક્લેટ્સ આપીને પ્રેમથી આવકાર્યાં. મન મીઠું થઈ ગ્યું', એટલે પછી નીંદર પણ મીઠી જ આવે ને? સવારે થોડાં નિરાંતે ઉઠી, તૈયાર થઈ, બૅકપેક લઈને નાસ્તો કરવા પહોંચી ગ્યા'. અપેક્ષા તો ચા, કૉફી, બ્રેડ, બટર, જામ, ચીઝને કાપેલાં ફળોની જ હતી, એમાં સાથે દહીં, મધ, આખાં સફરજનને બાફેલા કઠોળ જોયા એટલે તો ગદ્‌ગદ્ થઈ ગ્યાં'. આનાથી વધુ તો કોઈ શું આપે. ને જોઈએ પણ શું! લોકોથી ચિક્કાર ભરેલા એ ઓરડામાં અમે મોજથી નાસ્તો કરતાં'તાં, ત્યાં બે ભારતીય છોકરીઓ દેખાઈ. એ લોકોનીય અમારા પર નજર પડી, ને સ્વાભાવિક રીતે એ અમારી તરફ આવી. પ્રાગમાં નોકરી હતી બેયની, અહીંયાં અમારી જેમ ફરવા આવી'તી. ખૂબ ખુશ હતી બેય પ્રાગમાં. હા, ક્યારેક ઘરનું ખાવાનું યાદ આવી જતું. મનેય અમારા બોલોન્યાના દિવસો યાદ આવી ગ્યા'. હું રૂમમાં જઈ એ લોકો માટે થોડાં થેપલાં, સેવ ને ગોળપાપડી લઈ આવી. રામબાણ વાગ્યાં હોય એ તો જાણે જ ને! બસ, પછી એમને 'આવજો' કહી, ઉપડ્યાં અમે બુડાપેસ્ટ ગામ જોવા. એ જ બુડાપેસ્ટ કે જે અત્યારે હંગેરીની રાજધાની છે, ને પહેલાં વિશ્વયુદ્ધ સુધી ઑસ્ટ્રો-હંગેરી સામ્રાજ્યની બેમાંની એક રાજધાની રહી ચૂક્યું છે. એનું આ મજાનું નામ છે મૂળે બુડા ને પેસ્ટનું જોડકું, હંગેરિયન ઉચ્ચાર પ્રમાણે 'બૂદા'ને 'પેશ્ટ'નું જોડકું. હંગેરીનાં આ બે ઘણાં મહત્ત્વનાં શહેરો ઓગણીસમી સદીના બીજા ભાગમાં જોડાયાં, જેમાં ભળ્યું ઓબુડા, હંગેરિયનમાં ઓલ્ડ બૂદા, ને ત્રણેય મળીને જન્મ્યું બુડાપેસ્ટ, જે બન્યું હંગેરીની રાજધાની. એમાં પણ આપણી બે'નપણી ડૅન્યૂબનો માભો ભારે. એના જ તો પશ્ચિમને પૂર્વ કાંઠા છે બુડા ને પેસ્ટ, જેના વચ્ચેથી એ વટ્ટથી વહે છે. ચાલો, ત્યાંથી જ કરાય ફરવાની શરૂઆત.

તો પહોંચ્યાં અમે સીધાં ડેન્યૂબના એક કાંઠે ઉભેલાં પાર્લામેન્ટ હાઉસે. મૂળે સફેદ રંગનું ને મરૂન ગુંબજોવાળું ગોથિક અને બારોક શૈલીમાં બંધાયેલું આ વિશાળ મકાન શું ઠાઠથી ઉભું'તું ડૅન્યૂબને કિનારે કે શેના કારણે શું શોભતું'તું એ કે'વું મુશ્કેલ થઈ જાય! વીસમી સદીની સાથે ઉઘડેલું આ મકાન એટલું તો વિશાળ છે કે એની માહિતી આપવા બેસું તો લેખ એમાં જ પૂરો થઈ જાય. તો એ આખું જોવાનો તો પ્રશ્ન જ ક્યાં રે'! તમે સમજી ગ્યાં' હશે. પણ એને અનુભવવું ચોક્કસ હતું, જે કામ ઘણુંખરું એની જાજરમાન

હયાતીએ જ કરી નાખ્યું. એક રાજવી છાંટ હતી આપણી નજર ફરે ત્યાં સુધી ફેલાયેલા એના આખા વિસ્તારમાં. મારા તમારા જેવા મુસાફરોનાં ટોળેટોળાં ઉમટી પડ્યાં'તાં એ માણવા. કેટલાંક લોકો સાઈકલ લઈને નીકળી પડ્યાં'તાં, તો કેટલાંક વચ્ચેથી સરકી જતી ટ્રામમાં ચડતાં-ઉતરતાં દેખાતાં'તાં. મજાનો માહોલ હતો. વસંતનો સમય હોવાને લીધે અજવાસ પણ ખીલેલો હતો. હાર્દિકે ફોટા પાડવા માંડ્યા, 'અત્યારે જોઈ લઈએ બધું. ફોટામાં સમય શું કાઢવો?'ની મારી કાયમની રકઝક પર ધ્યાન ન આપીને. ને સારા ફોટા આવ્યા પછીની આ કાયમની કે 'કેટલું સારું કર્યું એ દિવસે તેં ફોટા પાડીને. યાદગીરી તો રહી આપણી પાસે!' પર ધ્યાન આપીને.

ને એમ હંગેરીનાં પાર્લામેન્ટ હાઉસને બહારથી, આ બાજુથી ને પે'લી બાજુથી, આંખમાં ને કૅમેરામાં ઉતારતાં-ઉતારતાં અમે ખૂબ ફર્યાં. એની અંદરના એક ભાગમાં પણ ચક્કર માર્યો. હવે તડકો થોડો આકરો થવા માંડ્યો'તો, એને લીધે બહાર ચાલવુંય આકરું લાગતું'તું, એટલે ચડી ગ્યાં' અમે ટ્રામમાં ને 'તડકો ને થાક ન ઉતરે ત્યાં સુધી આપણેય ન ઉતરવું'ના નિશ્ચય સાથે બેસી ગ્યાં' એક બારી પકડીને. જોતજોતમાં જોઈ નાખી ગામની આખી પેસ્ટ બાજુ! એવું કહેવાય છે કે નદીનો આ તરફનો વિસ્તાર 'હેપ્પનિંગ' છે, એટલે એમાં આ રીતે એક ચક્કર મારીને જે જગ્યાઓ ગમી ત્યાં આવશું ફરી એવું નક્કી કરીને પહોંચી ગ્યાં' અમે 'ચેઇન બ્રિજ' પાસે. ઓગણીસમી સદીના વચગાળામાં બંધાયેલો આ પુલ ખૂબ મહત્ત્વનો, કેમ કે એ લઈ જાય આપણને ડેન્યૂબ પાર; પૂર્વથી પશ્ચિમ બાજુ, પેસ્ટના સમથળ વિસ્તારથી બુડાના ડુંગરાળ વિસ્તાર બાજુ.

ચડી ગ્યાં' અમે બસમાં. ટ્રાન્સપોર્ટ પાસ લીધેલા હોય એટલે આ બધાંની ચિંતા તો હોય નહીં, એટલે કે પહેલાં પૂરી થઈ ગઈ હોય. ને બસ એટલે લીધી કે એ જ પુલિયો પાર કરાવતી'તી. એમાં ડૅન્યૂબ ઓળંગતાં આવી પહોંચ્યાં અમે બુડા. ટેકરીઓના ઢાળ ચડતી-ઉતરતી અમારી બસ ફરી વળી બુડાના પે'લ્લાથી છેલ્લા છેડે. બસમાંથી જોતાં જ બહુ સુંદર, 'ક્લાસિક' લાગ્યો આખો વિસ્તાર. હવે નીચે ઉતરીને બધું જોવાનું મન થઈ ગ્યું'તું. સૂરજે પણ ડાહ્યા થઈને નમતું જોખ્યું, એટલે ઉતરી પડ્યાં અમે ખૂબ આકર્ષક દેખાઈ એવી એક જગ્યાએ! નામ હતું એનું ફિશરમેન્સ બાસ્ટિઅન. આપણી ગઢરાંગ પર સૈનિકો જ્યાંથી દુશ્મનો પર નિશાન તાકે એવી શંકુ આકારની બાંધણીવાળી એ જગ્યા. છોકરાંઓએ દરિયાકિનારે રેતીમાં બાંધેલા કિલ્લા જેવી જ, જોઈ લ્યો! પોતે તો અત્યંત સુંદર જ, ત્યાંથી એ યને સામે ડૅન્યૂબ પાર દેખાતું પેસ્ટ અને પાર્લામેન્ટ હાઉસ પણ એવાં! ખરેખર, અદ્‌ભૂત! એટલાં બધાં લોકો હતાં ત્યાં કે એવું લાગે જાણે બુડાપેસ્ટ ફરવા આવેલાં બધાં એકસાથે અહીંયા જ ઉમટી પડ્યાં હોય. અરે, સવારે હૉટેલમાં મળી'તી એ બે ભારતીય છોકરીઓ ત્યાં અમને પાછી મળી. સાચ્ચે! કોણ કેટલું ફર્યાંની વાત કરી, ને સાથે ફોટા પડાવી અમે વધ્યાં આગળ.

બાજુનું મજાનું ચર્ચ જોઈને પહોંચ્યા બુડા કાસલ. લગભગ બધે જ હોય, ને પ્રાગમાં હમણાં જોઈ આવ્યાં એવું આ અહીંનું રૉયલ કૉમ્પ્લેક્સ. વિસ્તાર બદલ્યો એટલે બાંધણીય થોડી બદલતી'તી, પણ મજાય એની જ હોય ને? બસ, આ બધું જોતા-જોતાં સાંજ ઢળવા માંડી'તી, જેની અમે ક્યાં...રની રાહ જોતાં'તા. હા, હતું કૈંક ખાસ. મળીએ પાછાં એના માટે.

✦ ✦ ✦

સંપર્ક : jelamhardik@gmail.com

## જૈન સંઘ માટે ગૌરવપૂર્ણ ક્ષણો

### ૯ જાન્યુઆરી ૨૦૨૨, રવિવાર

જૈન શ્રમણ સંઘના ડબલ M.A., Ph.D., ડિગ્રીધારક સુપ્રસિદ્ધ વિદ્વાન પૂ. પંન્યાસજી ડૉ. અરૂણવિજયજી મહારાજ સાહેબને AIPPHS-Delhi University દ્વારા D. Lit. (Director of Literature)ની વિદ્યાકીય ઉપાધિથી નવાજવામાં આવશે ત્યારે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ખૂબ ખૂબ આનંદ સાથે શુભેચ્છા પાઠવે છે.

આપ જ્ઞાનવિશ્વના વિશિષ્ટ તારક છો અને આપના જ્ઞાન મહોદધિમાંથી આવનારા સમયમાં વધુ ને વધુ જ્ઞાનતેજ અમને મળતું અને આપના આશીષથી અમે સમ્યક્‌દર્શન પામતા રહીએ, એવી નમ્ર કામના વ્યક્ત કરીએ છીએ.

આપ વિદ્યાવ્યાસંગી, આત્મજ્ઞાનના ઉલ્લાસી, સદા જ્ઞાનમાં મગ્ન હો છો, નિરંતર સ્વાધ્યાયનું તેજ આપને પ્રાપ્ત થતું રહે છે. આપને ખૂબ ખૂબ વંદન અને અભિનંદન.

શ્રી મુંબઈ યુવક સંઘના સર્વ સભ્યો વતી વંદન અને અભિનંદન.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

# જ્ઞાન-સંવાદ

## સુબોધી સતીશ મસાલિયા

**તત્ત્વજ્ઞાન વિષયક સવાલ-જવાબ :**

**સવાલ : ત્રિપદી શું છે? જેના પરથી ગણધર ભગવંતો આગમોની રચના કરે છે?**

**જવાબ :** ગણધર ભગવંતો તીર્થંકર પરમાત્માને એક પ્રદક્ષિણા આપીને પૂછે છે કે ''भंते किं तत्तं?'' ત્યારે ભગવાન કહે છે કે ઉપનેઈવા, બીજી પ્રદક્ષિણા આપીને ફરી પૂછે છે કે ''भंते किं तत्तं?'' ત્યારે ભગવાન કહે છે કે 'વિગમેઈવા'ને ત્રીજી પ્રદક્ષિણા ફરીને પાછું પૂછે છે કે ''भंते किं तत्तं?'' ત્યારે ભગવાન કહે છે કે 'ધુવમેઈવા'. આ ત્રણ પદ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એને ત્રિપદી કહે છે. આ ત્રિપદી પરથી ગણધર ભગવંતો આગમોની રચના કરે છે. વિચાર કરો. આ ત્રણ પદમાં કેટલો ભાવાર્થ સમાયેલો હશે. આ ત્રણ પદ ઉપર જ આખું જગત ખડું છે. શું ઉત્પન્ન થાય છે? શું નાશ પામે છે? અથવા વિસર્જન થાય છે? ને શું ધ્રુવ છે? કાયમ રહે છે, નિશ્ચલ છે. જેનો ઉત્પાદ વ્યય નથી. તે શું છે તો એ આત્મા છે જે હંમેશ માટે ધ્રુવના તારાની જેમ નિશ્ચલ છે. પણ એની પર્યાય. ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે. દેવ છે, નારકી છે, મનુષ્ય છે, તીર્યંચ છે, ઝાડપાન છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય બધી જ આત્માની પર્યાય છે એટલે અલગ અલગ રૂપમાં ઉત્પન્ન થાય છે ને નાશ થાય છે. પર્યાયનો નાશ થાય છે. આત્માનો નહીં. તો કોને મેળવાનો કોને પામવાનો પ્રયત્ન કરવો જોઈએ? કોનું સ્વાગત કરવું જોઈએ? કોની સરભરા, સારસંભાળ કરવી જોઈએ? ડાહ્યો માણસ સમજુ માણસ કોને મેળવવાનો પ્રયત્ન કરે? જે ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે એને મેળવવાનો પ્રયત્ન કરશે કે જે કાયમ રહે છે, જે ધ્રુવ છે, જે નિશ્ચલ છે એને પામવાનો પ્રયત્ન કરશે? આપણે શું કરીએ છીએ? જિંદગીભર કોને સાચવાનો પ્રયત્ન કરીએ છીએ? ધ્રુવ એવા આત્માને કે વિનાશી એવા પુદ્ગલને? જેમ સોનામાંથી માળા બનાવો, એ માળાને પીગાળીને બંગડી બનાવો એ બંગડીને પીગાળીને કુંડલ બનાવો. આ માળા, બંગડી, કુંડલ બધા સોનાના પર્યાય છે જે બનાવીએ છીએ, પીગળીને નવા સ્વરૂપે પાછા બનાવીએ છીએ પણ એમાં ધ્રુવ શું છે? ધ્રુવ સોનું પોતે છે. એના સ્વરૂપ કેટલા પણ બદલાય પણ સોનું તો એનું એ જ રહે છે. એમ આ જગતમાં આત્મા હંમેશ માટે રહે છે તે ધ્રુવ છે. હે મહામાનવ તું એને પામવાનો પ્રયત્ન કર. સાધના કર. નાશવંત એવા પુદ્ગલને પામવા માટેની તારી સરભરા એક મુર્ખામી છે.

કહે છે કે 'જે પીંડે તે બ્રહ્માંડે!' આ કહેવત ઉત્પાદ, વ્યય અને ધ્રુવની દષ્ટિએ સમજો. બ્રહ્માંડમાં, જગતમાં પણ એ જ દષ્ટિ ગોચર થાય છે કે દા.ત. પર્વત પળે પળે તૂટતો તૂટતો રેતીમાં રૂપાંતર પામે છે એ જ રેતી દરિયામાં જમા થતી થતી કરોડો વર્ષે પછી પર્વતમાં રૂપાંતર પામે છે. આમ ત્રણેય લોકની એકેએક ભૌતિક વસ્તુને પણ દષ્ટિગોચર કરતાં એ સ્પષ્ટ જણાઈ આવે છે કે દરેક ચીજમાં સૂક્ષ્મપણે કે બાદરપણે ઉત્પાદ અને વ્યયનું કાર્ય સતત ચાલુ જ છે. હવે જુઓ તમે ત્રણે લોકનો આકાર પણ કમ્મરે હાથ મુકીને ઊભેલા પુરુષ જેવો છે. મનુષ્ય જેવો છે અને જે ઉત્પાદ, વ્યય બ્રહ્માંડમાં થઈ રહ્યો છે તે જ મનુષ્યના શરીરમાં સતત ચાલી રહ્યું છે. આંખના એક પલકારામાં શરીરમાં રહેલા કરોડો સેલ ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે. દર સાત વર્ષે શરીરના બધા જ સેલ બદલાઈ ગયા હોય છે. આ બધું આપણા શરીરમાં સતત બનતું હોવા છતાં આપણે એને અનુભવી શકતા નથી કારણ કે આપણું મન બહાર ભટકતું બાદર મન છે. તેથી અનુભવી શકાતું નથી. પરંતુ જે વ્યક્તિવિશેષ ધ્યાનસાધના દ્વારા આગળ વધે છે, ઘણું આગળ વધતા વધતા એક મુકામ એવો આવે છે કે જે પોતાના આખા શરીરને એક Waves તરીકે અનુભવ કરી શકે છે. એવા Waves કે પ્રતિપલ ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે. આ શરીર કે જે આપણને ઠોસ લાગે છે તે બિલકુલ ઠોસ નથી, ફક્ત અને ફક્ત Waves છે એવું એ ધ્યાનમાં અનુભવી શકે છે. જેમ કે T. V.ના પડદા પર આવતું picture આપણને ઠોસ દેખાય છે પણ એ બિલકુલ ઠોસ નથી. આપણે જાણીએ છીએ કે એ ફક્ત તરંગો જ છે. એવી જ રીતે ધ્યાનમાં આગળ વધતા સાધકને જ્યારે જાત અનુભવથી જાણે છે કે અરે આ હાથ-પગ શરીર કાંઈ જ ઠોસ નથી. અરે આ તો તરંગો જ છે. પળે પળે ઉત્પન્ન થતાં ને નાશ પામતા મોજાઓ છે, Waves છે. અને ત્યારે એ ધ્યાનસ્થ વ્યક્તિ સાચા અર્થમાં વિરક્ત બને છે. એનું અંતર પોકરી ઉઠે છે અરે આ પળે પળે ઉત્પન્ન થતા ને વ્યય થતાં તરંગોને શું રાગ કરું? શું દ્વેષ કરું? મારે તો એને જ પામવો છે જે આ શરીરમાં ધ્રુવ રહેલો આત્મા છે. ઉપનેઈવા ને વિગમેઈવાનો જાત અનુભવ થયા પછી એ સાધકને શરીરનો કોઈ મોહ રહેતો નથી. જાતે ધ્યાન સાધનામાં ઉતર્યા વગર જાત અનુભવ કર્યા વગર

ગમે તેટલી વાતો કરો વૈરાગ્યની, ગમે તેટલા ભાષણો આપો. પણ સાચા અર્થમાં અંતરંગ વૈરાગ્ય પામી શકાતું નથી. ઘણી વાર સાંભળ્યું હશે આ શરીર વિનાશી છે. ક્ષણભંગુર છે. પણ આ ક્ષણભંગુરતાનો, ઉપનેઈવા, વિગમેઈવાનો જાત અનુભવ કર્યા વગર શરીર પરની આસક્તિ તૂટતી નથી કે ધ્રુવનેઈવાને પામવાની તાલાવેલી લાગી શકતી નથી. આમ આ ત્રણ શબ્દમાં ઘણા ગૂઢાર્થ છુપાયેલા છે.

✦ ✦ ✦

સંપર્ક: ૮૮૫૦૦ ૮૮૫૯૭, મુંબઈ

# જ્ઞાન-સંવાદ – ૧૩

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

**સુ**જ્ઞ વાચકગણ,

ગયા અંકમાં બારમા દ્વાર પર્યાપ્તિનું વર્ણન કર્યું એની થોડી વિશેષતા જાણીએ.

**પર્યાપ્તિની વિશેષ સમજણ –** આ જગતમાં કોઈ પણ શરીર બને છે એનું એક વિશેષ બંધારણ હોય છે. એની એક સિસ્ટમ હોય છે, શરીર કેવી રીતે નિર્માણ થાય છે એની પ્રક્રિયા હોય છે એને પર્યાપ્તિ કહે છે. દા.ત. કારની ફેક્ટરી હોય એમાં કારનો પહેલા પ્લાન થાય પછી એના દરેક પાર્ટ બનીને કાર તૈયાર થાય છે. એમ અહીં સૌથી પહેલા જીવ આહાર – Digestive System માટે પુદ્ગલ ગ્રહણ કરે છે. પછી એના આધારે શરીર (D.N.A.) કેવું થશે, નબળું કે બળવાન તે નક્કી થાય છે. એ પ્રમાણે શરીર એટલે કે Nervous System'. 'Circulatory System' તૈયાર થાય છે. શરીર પ્રમાણે નક્કી થયેલી ઈન્દ્રિય 'Sensory-5 Organs' મળે છે. જેને જેટલી મળવાની હોય એટલી તૈયાર થાય છે. પછી શ્વાસોચ્છ્વાસ (Breathing System)ના પુદ્ગલો લેવા મૂકવાની પ્રક્રિયા થાય છે. ભાષા બધાને ન મળે. બેઈન્દ્રિયથી ભાષા મળે. બેઈન્દ્રિયને સૌથી ઓછી મળે તેનાથી તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેંદ્રિયને ક્રમશઃ વધારે મળે. જેની જેટલી કેપીસીટી હોય એ પ્રમાણે Speech System મળે છે. જેમ કે કૂતરો ભાઉ ભાઉ બોલે, કાગડો 'કા કા' બોલે મનુષ્યને આખી બારાખડી આવડે. એ જ રીતે મન પણ બધાને ન મળે જેને મળે એને પણ એની કેટેગરી પ્રમાણે મળે છે. જેમ મોબાઈલમાં વન-જી, ટૂ-જી, થ્રી-જી આદિ જુદી જુદી કેટેગરી હોય છે. એ પ્રમાણે Mind System પણ અલગ અલગ હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયમાં ભુજપરિસર્પનું મન વિકસેલું હોય એનાથી ક્રમશઃ ખેચર, સ્થળચર, ઉરપરિસર્પ અને જલચરનું મન વિકસેલું હોય, એટલે ભુજપર બે નરક સુધી અને જલચર સાતમી નરક સુધી જઈ શકે છે. સૌથી વધારે મનુષ્યનું મન વિકસેલું હોય છે.

આમ પર્યાપ્તિ શરીર બનાવવાની ફેક્ટરી છે એના છ ફેક્ટર છે. જો કે સાંયન્સ એમાંથી ત્રણને જ શોધી શકી છે. આહાર, શરીર ઈન્દ્રિયના ડૉક્ટર મળે છે. પણ શ્વાસ, ભાષા, મનના નથી મળતા વર્તમાને શ્વાસ કે સ્પીચ થેરપીના ડૉક્ટર જે જાણે છે એ પણ માત્ર બોડી ઓરગન (શરીર અવયવો)ને આધારે જ જાણે છે. એટલે વર્તમાને શ્વાસ, ભાષા, મનની જે વાત છે. એ આપણા શાસ્ત્ર કરતા અલગ છે. માત્ર શરીરલક્ષી જ છે.

જીવ એક ભવનું આયુષ્ય પૂરું કરીને બીજા ભવમાં ઉત્પન્ન થાય છે ત્યાંના પુદ્ગલો લઈને પર્યાપ્તિની પ્રક્રિયા ચાલુ કરે છે. એમાં પહેલા તૈજસ શરીર દ્વારા જ આખા ભવ દરમ્યાન ચાલે એટલા આહારના પુદ્ગલો ગ્રહણ કરી લે છે જેને ઓજ આહાર કહેવામાં આવે છે. ઓજ આહાર એક જ સમયમાં ગ્રહણ કરી લે છે. આ આહાર આખા ભવ દરમ્યાન પર્યાપ્ત થઈ રહે એટલા પ્રમાણનો હોય છે (ઓજ આહાર વિશેની વિશેષ વિગત આહાર દ્વારમાં આવશે.) પછી એ આહારનું પરિણમન રસ, રક્ત, અસ્થિ આદિમાં થવા લાગે છે. માણસ હોય તો એના કિડની, લંગસ, લીવર, હૃદય વગેરે બનશે. પૃથ્વીકાય આદિમાં આવું નથી તો ત્યાં જરૂર નથી ત્યાં જે પ્રમાણેના શરીરની જરૂર હશે એ પ્રમાણેનું શરીર બનશે. એ માટેની ડીઝાઈન આગલા ભવમાં જ નક્કી થઈ જાય છે. કિડની, આદિ બધા અવયવો (Organs) તિર્યંચ અને મનુષ્ય પાસે જ હશે. આપણી પાસે બ્લડ છે, માટે પંપીંગ માટે હૃદય, નિકાલ માટે કિડનીની જરૂર પડે છે. નવું બ્લડ બનાવવા હાડકાની જરૂર છે એના માટે ખાવું જરૂરી છે. ખાઈએ એ પચાવવા લીવર વગેરે જરૂરી છે. માટે એ પ્રકારનું શરીર બને છે. જે સાત ધાતુરૂપ છે. સાત ધાતુ આ પ્રમાણે છે. રસ, રક્ત, માંસ, ચરબી, હાડકા, મજ્જા (પ્યાઝમા, ટીસ્યુ, ઈલસ્ટીસ્ટી) અને વીર્ય. રસ કરતા લોહી સૂક્ષ્મ એનાથી માંસ એમ ક્રમશઃ બધા સૂક્ષ્મ સૂક્ષ્મી છે. એમાં વીર્ય બધાથી સૂક્ષ્મ છે. અહીં વીર્ય શક્તિના અર્થમાં લેવાનું છે. આપણે જે ખાઈએ એ પ્રથમ રસમાં પરિવર્તિત થાય છે પછી ક્રમશઃ રક્ત આદિમાં પરિવર્તિત

થાય છે. એટલે રસમાંથી રક્ત બને પછી એમાંથી માંસ એમ ક્રમ સમજવો. છેલ્લે વીર્ય બને છે જે સર્વથી સૂક્ષ્મ છે. એ આખા શરીરની અંદર ફેલાઈને શક્તિ આપે છે. એ સાતે ધાતુ એમનું જે પ્રમાણ હોય એ પ્રમાણે રહે ત્યાં સુધી શરીર નિરોગી રહે છે. તેજવાળું રહે છે. પણ એમાં વધઘટ થાય તો રોગને આધીન થાય છે. માટે યોગ્ય આહાર, વિહાર, વિરામ કરીએ તો નિરોગી રહેવાય.

આ રચના ઔદારિક શરીરવાળા જીવો અનુસાર છે. જ્યારે વૈક્રિય શરીરવાળા જીવો એમના શરીરનું બંધારણ હશે એ પ્રમાણે શરીરની રચના કરશે પછી એ પોતાના શરીર પ્રમાણે ઈન્દ્રિયની રચના કરશે. પ્રથમની ત્રણે પર્યાપ્તિ સંલગ્ન પરસ્પર સંબંધવાળી છે એટલે કે આહારથી શરીરમાં, શરીરથી ઈન્દ્રિયમાં પરિણમે છે માટે જ એ ત્રણ પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલા કોઈ જીવ મરતો નથી માટે જ એને અમર પર્યાપ્તિ કહેવાય છે. પછીની ત્રણ પોતાને પ્રાયોગ્ય પુદ્ગલોથી પૂર્ણ થતી હોવાથી સ્વતંત્ર છે. ગર્ભ જ જીવ ઉત્પન્ન થાય ત્યારે તરત ને તરત શરીર, ઈન્દ્રિય આદિના આકાર નથી બનતા પણ શરીર કેવું બનશે. કાન, નાક, આંખનો બાહ્ય આકાર કેવો બનશે એ નક્કી થઈ જાય છે. અર્થાત્ એની આખી ડીઝાઈન નક્કી થઈ જાય છે. પછી જીવનો વિકાસ થતો જાય એમ એમ ક્રમશઃ આકાર બનતો જાય છે. એટલે કે, શરીર અને ઈન્દ્રિય પર્યાપ્તિ પૂરી થતા જીવ પર્યાપ્તો થઈને એકદમ વિકાસ પામે છે એમ નથી સમજવાનું. ગર્ભજ જીવનો વિકાસક્રમ પર્યાપ્તો થયા પછી પણ અલગ હોય છે. ગર્ભમાં પહોંચવામાં પ્રથમ સમયે જીવ માતાનું રૂધિર અને પિતાનો વીર્યથી મિશ્રિત પુદ્ગલનો આહાર કરે છે. પછી ક્રમશઃ અંતમુહૂર્તમાં છએ પર્યાપ્તિ પૂર્ણ કરે છે અને પર્યાપ્તો થાય છે. ત્યારે એનું શરીર એકદમ નાના ટપકા જેવું હોય છે પછી ક્રમશઃ વિકસતા એક મહિનાનો થાય ત્યારે બોરના ઠળિયા જેવડો હોય, બીજે મહિને કાચી કેરી જેવો, ત્રીજે મહિને પાકી કેરી જેવો, ચોથે મહિને કણકના પીંડા જેવો, પાંચમે માસે એ પીંડમાં પાંચ અંકુરા ફૂટે છે. તેમાં બે હાથ, બે પગ, મસ્તક નીકળે પછી ક્રમશઃ આંખ, નાક, કાનના આકાર પ્રગટવા લાગે છે. આ રીતે વિકાસ થતા થતા પર્યાપ્ત વિકાસ થઈ જાય પછી ગર્ભમાંથી બહાર આવે છે. આમ ગર્ભજ જીવનો વિકાસક્રમ ધીમો હોય છે. પરંતુ સંમૂર્ચ્છિમ જીવો, નારકી અને દેવના જીવોને આ નિયમ લાગુ પડતો નથી. આ જીવો તો પોતપોતાને જે પર્યાપ્તિ મળી હોય એ પર્યાપ્તિ પૂર્ણ થતા પર્યાપ્તા થાય ત્યારે જ પૂરેપૂરા અવયવો સાથે જ ઉત્પન્ન થાય છે. ત્યાં ક્રમથી વિકાસ હોતો નથી કારણ કે એમના શરીરની રચના જ એવી હોય છે. એમાં જીવોની જેટલી સૂક્ષ્મતા એટલી એની પર્યાપ્તિ જલ્દી પૂરી થાય છે. મનવાળા જીવોને સૌથી વધારે વાર લાગે છે. એકેન્દ્રિય કરતા બેઈન્દ્રિયના જીવોને વધારે વાર લાગે. બેઈન્દ્રિય કરતા તેઈન્દ્રિયને એમ પંચેન્દ્રિય સુધી સમજી લેવું.

એ જ રીતે એક જ જાતિના જીવોની પર્યાપ્તિઓ પૂર્ણ થવાનો સમય અલગ અલગ હોઈ શકે. દા.ત. સંમૂર્ચ્છિમ મનુષ્ય અપાર્યપ્તા અવસ્થામાં જ કાળ કરે છે, છતાં પણ એક જ સમયે ઉત્પન્ન થયેલા બે સંમૂર્ચ્છિમ મનુષ્યની પ્રથમની ત્રણ પર્યાપ્તિ એક જ સાથે પૂર્ણ થાય એ જરૂરી નથી, તેમજ આયુષ્ય સાથે જ પૂર્ણ થાય એ પણ જરૂરી નથી. થોડા સમય આગળ-પાછળ થઈ શકે છે માટે પર્યાપ્તિ એક જ સમયે પૂર્ણ થાય એમ ન મનાય.

પર્યાપ્તા થયા પછી આપણું શરીર સતત આકાશમાંથી, ક્વલમાંથી પુદ્ગલો ગ્રહણ કરીને એનું ડેવલપ કરે છે. શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન માટે આકાશમાંથી પુદ્ગલો ગ્રહણ કરે છે. આહાર, શરીર, ઈન્દ્રિય માટે ક્વલમાંથી અને આકાશમાંથી બંને રીતે ગ્રહણ કરે છે.

પ્રથમની ત્રણ પર્યાપ્તિમાં ગ્રહણ અને પરિણમ થાય છે, પરંતુ નિઃસરણ (વિસર્જન) નથી નથી થતું, બાકીની ત્રણ પર્યાપ્તિમાં ગ્રહણ, પરિણમન, આલંબન અને નિઃશરણ એ ચાર થાય છે. એટલે કે શ્વાસોચ્છ્વાસ ભાષા અને મનના પુદ્ગલો જીવ સાથે રહેતા નથી. તેનું આલંબન (આધાર) લઈને છોડી દેવા પડે છે.

પર્યાપ્તિમાં નામ કર્મ ભાગ ભજવે છે. નામ કર્મને કારણે ક્યા ક્ષેત્રમાં કઈ જગ્યાએ જન્મ લેવો એ નક્કી થઈ જાય છે. આપણે જે પણ એક્ટિવીટી કરીએ છીએ એમાં આખું વિશ્વ રિલેટેડ છે. (સંકળાયેલું છે.) આપણે જે પણ નિર્ણયો લઈએ એ પણ કર્માનુસાર જ છે. આમાં લૉ ઑફ યુનિવર્સલ કનેક્ટિવીટી કામ કરે છે.

વિવધ આકાર, વર્ણ, સુગંધ, રસ આદિ પર્યાપ્તિ બાંધતી વખતે જ નક્કી થઈ જાય છે. જો કે એનો પ્લાન નામ કર્મના આધારે જન્મપૂર્વે જ નક્કી થઈ જાય છે. અર્થાત્ આગલા ભવમાં આયુષ્ય બાંધતી વખતે જ નક્કી થઈ જાય છે. પછી એ પ્રમાણે જ પર્યાપ્તિમાં પુદ્ગલો ગ્રહણ કરવાની પરિણમન કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે. જેનો જેવો ભવ હોય એ ભવમાં એને યોગ્ય પર્યાપ્તિ પ્રાપ્ત થાય છે. જેમ કે એકેન્દ્રિયને ચાર. વિક્લેન્દ્રિયમાં પાંચ અને સંજ્ઞી પંચેંદ્રિયમાં છની પ્રાપ્તિ થાય છે.

જીવોને જીવવાની જીવન શક્તિ તે દ્રવ્ય પ્રાણ અને એ શક્તિને ઉપયોગમાં લેવાનું સાધન એ પર્યાપ્તિ છે. એટલે છએ પર્યાપ્તિ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ ભાષા અને મન એ છ કાર્ય

કરવા માટેના અનિવાર્ય સાધન છે. જે પૂરી થયા વગર એ કાર્ય ન થઈ શકે. એટલે કે આહાર પર્યાપ્તિ પૂરી થયા વગર આહારનું પરિણમન ન થઈ શકે. આહારના પરિણમન વગર પર્યાપ્તિ શરૂ ન થઈ શકે. શરીર પર્યાપ્તિ પૂરી થયા વગર શરીર કાર્ય ન કરી શકે. ઈન્દ્રિય પર્યાપ્તિ પૂરી થયા વગર ઈન્દ્રિય કાર્ય ન કરી શકે. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થયા વગર શ્વાસ લઈ મૂકી ન શકાય. ભાષા પર્યાપ્તિ પૂરી થયા વગર ભાષા વર્ગણાના પુદ્ગલ ગ્રહણ ન થાય અર્થાત્ બોલી ન શકાય. મન પર્યાપ્તિ પૂરી થયા વગર મનના પુદ્ગલો ગ્રહણ ન કરી શકાય. વિચાર ન કરી શકાય. આમ છ પ્રકારના કાર્ય કરવાની શક્તિની પ્રાપ્તિ તે પર્યાપ્તિ છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

# શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

**ગાથા - ૩૭**

**વિઘ્નહારક**

**ઈત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર!**
**ધર્મોપદેશન - વિધૌ ન તથા પરસ્ય ।**
**યાદૃક્ પ્રભા દિનકૃત : પ્રહતાંધકારા**
**તાદૃક્ કુતો ગ્રહગણસ્ય વિકાશિનોઽપિ? ॥૩૭॥**

ભાવાર્થ : જેમ સૂર્યની પ્રચંડ પ્રભાથી અંધકારનો સમૂહ નાશ પામે છે, જે આકાશમાં રહેલાં બીજા અન્ય ગ્રહ-નક્ષત્રાદિથી નાશ પામી શકતો નથી. તે જ રીતે હે તીર્થંકર પરમાત્મા! ધર્મોપદેશ આપતા સમયે (સમવસરણમાં) આપનો વિભૂતિયોગ અદ્વિતીય અને બેજોડ છે. તેવા ઉપદેશની આશા અન્યત્ર રાખી શકાતી નથી.

વિવેચન : પ્રસ્તુત શ્લોકમાં પ્રભુના મહિમા પ્રવાહમાં પ્રાતિહાર્યોની પ્રભુતાનું વર્ણન કર્યા બાદ આચાર્યશ્રીએ બીજી કેટલીક વિશેષતાનું આખ્યાન કર્યું છે. વિશ્વમાં જે કાંઈ માનવીય ઇતિહાસ રચાયા છે. અને આવતારી પુરુષોએ કે વિભૂતિયોગવાળા ધર્મગુરુઓએ જે ધર્મતંત્ર સ્થાપિત કર્યા છે, તેમાં પ્રધાન કારણ તેમનો ઉપદેશ હોય છે. ઉપદેશ એ સમગ્રશાસ્ત્ર કે ધર્મતંત્રનું મૂળભૂત કારણ છે. ઉપદેશના આધારે જ સમાજરચના કે પછી માનવજાતિની ઉત્ક્રાંતિ થાય છે. તેથી જ કહ્યું છે કે, 'पूज्योपदेष्टाः ।' અર્થાત્ ઉપદેશ કરનારા જ પૂજાયા છે. ઉપદેશ જેટલો પ્રભાવશાળી, તત્ત્વજ્ઞાન પર આધારિત હોય, તે અનુસાર ધર્મનું સામ્રાજ્ય ફેલાય છે. કવિશ્રી પણ પ્રસ્તુત શ્લોકમાં પ્રભુની ઉપદેશ શક્તિનો અહેસાસ કરીને પ્રભુના તથા તેમની વાણીના મહિમાનું આખ્યાન કરે છે. પરંતુ આંતરદષ્ટિથી જોતાં આત્મ તત્ત્વમાંથી નીકળતી જે સ્વાભાવિક દિવ્ય ધ્વનિ છે, તે ધ્વનિ ફક્ત ચૈતન્ય તત્ત્વની પરિશુધ્ધિ થયા પછી સ્વતઃ આંતરિક ઉપદેશ રૂપે પરિણામ પામે છે. આ ઉપદેશની ચોટ એટલી તીવ્રતમ હોય છે કે તિમિર રૂપી અજ્ઞાનનો નાશ કરવામાં અદ્વિતીય હોય છે.

કવિશ્રી શ્લોકના પ્રથમ પદમાં પ્રથમ શબ્દ 'इत्थं' દર્શાવે છે. કે જે ઘણાં ગંભીર અને મર્મપૂર્ણ ભાવોને વ્યક્ત કરે છે. 'इत्थं' અર્થાત્ આ રીતે. એટલે કે ભૂતકાળ અને વર્તમાનકાળમાં પ્રાતિહારિક અતિશયોની જે પરંપરા ચાલી આવી છે, તે જ ક્રમમાં દેવાધિદેવો વિશેષરૂપે પૂજાયા છે. કારણ કે ત્રણે લોકમાં પરાભવ ન પામે તેવી અલૌકિક પ્રવચનની ધારા સમવસરણમાં ચાલતી હોય છે. આ વાણી પણ એવી અદ્ભુત હોય છે કે જેમાં વિભૂતિયોગ સ્પષ્ટરૂપે ઝળકે છે. પ્રસ્તુત ગાથામાં કવિશ્રી પણ કહે છે, હે પ્રભો! તીર્થંકરોની આ પરંપરામાં આપનો આ વચનાતિશય પણ બેજોડ છે. સાંસારિક જીવાત્માઓની જે કાંઈ માનસિક અશાંતિની ગૂંચ છે, જે કાંઈ કર્મની જંજાળ છે, તેમાંથી મુક્ત કરાવે તેવી ઉપદેશમય વાણી છે. એટલું જ નહીં સ્તુતિકારે દેવાધિદેવને 'જિનેન્દ્ર'ની પદવીથી સંબોધન પણ કર્યું છે. કારણ કે 'અરિહંતની પદવી' – 'જિનપદ' વિશ્વમાં સર્વ શ્રેષ્ઠ પદ છે. અરિહંત જેવા પુણ્યોદય કોઈની પાસે હોતાં નથી. તેઓના પૂર્વભવના ઉત્કૃષ્ટ શુભભાવનું જ આ અલૌકિક ફળ હોય છે.

ત્યારબાદ આચાર્યશ્રીએ પ્રસ્તુત ગાથાના બીજા પદમાં (૧) ધર્મ, (૨) ઉપદેશ અને (૩) વિધિ. આ ત્રણે શબ્દનો ગંભીર અર્થ પ્રગટ કર્યો છે. ધર્મની સ્થાપના કરનાર અનેક સંપ્રદાય, દર્શન વગેરે હોય છે. પરંતુ તેમાં ધર્મનું વિશુદ્ધ રૂપ હોવું શક્ય બનતું નથી. તેમાં આંશિક સત્ય હોય છે. મિશ્રિત ધર્મનો પરિહાર કરવા માટે ઉપદેશનું અવલંબન લેવામાં આવે છે. જોકે ધર્મની સાથે બીજા ઘણાં પ્રકારના ઉપદેશ પ્રવાહ ચાલતા હોવાથી આવા ઉપદેશ વિશેષ ભાવોને પ્રગટ કરી શકતા નથી. વળી તેમાં વિધિનો અભાવ હોવાથી બધી સામગ્રી હોવા છતાં અવિધિના કારણે તે ઉપદેશ પણ લાભદાયી કે કલ્યાણકારી બની શકતો નથી. એટલા માટે જ આચાર્યશ્રીએ અહીં આ ત્રણ શબ્દો મૂકીને ત્રિવિધ પ્રભુના ઉપદેશની વિશુદ્ધિકરણનો ભાવ વ્યક્ત કર્યો છે. અર્થાત્ ધર્મ, તેનો ઉપદેશ અને ઉપદેશની વિધિ. આ ત્રણે

તત્ત્વમાં પ્રભુ અજોડ છે. બીજા કોઈ પણ ધર્મોપદેશ કે તેની વિધિ પ્રભુની બરાબરી કરી શકે તેમ નથી. જેમ કે ધર્મ તત્ત્વનો પરિચય કરાવે છે, તે પણ યથાર્થ હોવો જોઈએ. યથાર્થ સ્વભાવને જાણવા માટે શબ્દો અને વાણી પણ યથાર્થ હોવા જોઈએ. ત્યાર પછી આ બન્ને અમલમાં લાવવા માટે વિધિ પણ યથાર્થ હોવી જોઈએ. યથાર્થ દ્રવ્ય, શબ્દ અને ક્રિયા તથા ધર્મ ઉપદેશ અને વિધિ, આ ત્રણેય યથાર્થ હોવા જોઈએ. પ્રભુ પાસે પૂર્ણ જ્ઞાન, પરમ વીતરાગતા હોવાથી તેમના દ્વારા પ્રરૂપિત ધર્મોપદેશની વિધિ વગેરે યથાર્થ, નિરાળી છે, એવું સૂચન આ પદમાં કરી સ્તુતિકારે પ્રભુની વાણી સર્વોત્તમ બતાવી છે.

ત્રીજા પદમાં પ્રભુની ધર્મોપદેશની વિધિની તુલનામાં કવિશ્રીએ પુનઃ સૂર્યને – દિનકરને જ યાદ કર્યો છે. જેવી રીતે ગાઢ અંધકારનો નાશ કરવામાં સૂર્યના કિરણોની પ્રભા સમર્થ છે. તેવી રીતે સાધારણ ગ્રહ કે નક્ષત્ર, તારાઓની પ્રભા ક્યાંથી સમર્થ થાય? અર્થાત્ થઈ શકે નહીં. જોકે આ કથન કાવ્યદૃષ્ટિ અને દર્શનિક દૃષ્ટિ નજરમાં રાખીને અભિવ્યક્ત કર્યું છે. તારાની જ્યોતિ અંધકારને આંશિક રીતે દૂર કરી શકે છે, એવો ભાવ પ્રગટ થયો છે. જૈનદર્શન પણ કોઈ પણ સિદ્ધાંતની નિરવકાશ સ્થાપના કરતો નથી, સાપેક્ષ કથન હોય છે. આમ અહીં આ ઉપમા અલંકાર દ્વારા સૂર્ય અને ગ્રહ ગણનો ઉલ્લેખ કરીને સાપેક્ષભાવ પ્રગટ કરી આચાર્યશ્રીએ કાવ્યપ્રતિભાનો પણ સુંદર પરિચય કરાવ્યો છે.

એવી જ રીતે આચાર્યશ્રીએ સૂર્યને દિનકર કહીને તેના પ્રકાશ સાથે પ્રભુના જ્ઞાનપ્રકાશની તુલના કરવાનો પ્રયાસ કર્યો છે. જોકે આ દ્રવ્યપ્રકાશ જોઈ શકાય છે, જ્યારે જ્ઞાનપ્રકાશ અનુભવી શકાય છે. એટલું જ નહીં આવો જ્ઞાન પ્રકાશ અન્યનો નથી. એવું કહીને જિનેન્દ્રરૂપે પ્રભુને સંબોધન કરીને તેમની વિભૂતિને સ્થાયીરૂપ આપ્યું છે. આ વિભૂતિ નિરંતર જિનેશ્વરોની સાથે રહે છે, અને તેનો ઉપયોગ ધર્મના વિલક્ષણ ઉપદેશમાં જ કરવામાં આવે છે. આમ તીર્થંકરોની એક સાત્ત્વિક ઉપદેશ પરંપરાનો ઉલ્લેખ કર્યો છે.

પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ આધ્યાત્મિક ભાવોને પણ બખૂબીપૂર્વક ગૂંથ્યા છે. ધર્મ કહેતાં શુદ્ધ આત્માનો બોધ થાય છે. ધર્મ છે, તે આત્મા છે, અને આત્મા છે તે ધર્મ છે. ચૈતન્યના ભાવો શબ્દ દેહરૂપે રૂપાંતર પામે છે. ત્યારે તે ઉપદેશ રૂપ પ્રવાહિત થાય છે. પરંતુ આ ઉપદેશને ગ્રહણ કરવા માટે વિશેષ વિધિનું કથન સાધનાશાસ્ત્રમાં છે. જેને બ્રહ્મનાદ કહેવામાં આવે છે. બ્રહ્મનાદને ગ્રહણ કરવા માટે જિનેન્દ્ર ભગવાનની જે સાધના – શ્રેણી છે, તે સર્વોપરિ છે. સંપૂર્ણશ્લોક આંતરદેશથી ઉત્પન્ન થતો શબ્દ દેહ જે ચૈતન્યશક્તિની એક વિશિષ્ટશક્તિ છે. તે શક્તિનો મહિમા વર્ણવી કવિશ્રી પણ લોકોત્તરભાવ જગતમાં પ્રવેશ કરવા માટે આગળ વધી રહ્યા છે.

**ઋદ્ધિ :–** ॐ ह्रीं अर्हं णमो सव्वोसहि-पत्ताणं।

**મંત્ર :–** ''ॐ नमो भगवते अप्रतिचक्रे ऐं क्लीं ब्लूं ॐ ह्रीं मनोवंछित-सिध्ध्यै नमो नमः अप्रतिचक्रे ह्रीं ठः टः स्वाहा।।''

**વિધિ-વિધાન :** સ્નાન કરી, સફેદ વસ્ત્ર ધારણ કરી, ઉત્તર દિશા તરફ મુખ રાખી યંત્ર સ્થાપિત કરવું, તેની પૂજા-અર્ચના કરવી. ત્યાર પછી સફેદ આસન પર બેસી એક હજાર-આઠ વાર ઋધ્ધિ-મંત્રના જાપ કરી. મંત્રારાધનથી સિધ્ધિ પ્રાપ્ત કરવી.

**ફલાગમ :** યંત્ર પાસે રાખવાથી તેમ જ ૩૭મી ગાથા, ઋધ્ધિ-મંત્રથી એક્કવીસ વાર જળને મંત્રિત કરી મુખ પર છાંટવાથી દુષ્ટ પુરુષોના વચન સ્તંભન થઈ જાય છે. (બોલી શકે નહીં.) અને દુર્જન પુરુષ વશમાં થઈ જાય છે. કીર્તિ-યશની વૃધ્ધિ થાય છે.

શ્રી ભક્તામર સ્તોત્રની ૩૭મી ગાથાનું સ્મરણ કરવાથી શું લાભ પ્રાપ્ત થાય, તે દર્શાવતી એક પ્રાચીન કથા –

**શેઠ જિનદાસની કથા :**

ભગવાન પદ્મપ્રભુના ગર્ભ / જન્મ કલ્યાણક હોવાથી કૌશાંબી નગરી જૈન સંપ્રદાયમાં ખૂબ વિખ્યાત છે. ત્યાં જિનદાસ નામના એક ધનવાન શેઠ રહેતા હતા. એક વાર એમને વ્યાપારમાં ખૂબ મોટી નુકશાની થઈ. બધી જ સંપત્તિ ગુમાવી દીધી. આવી પરિસ્થિતિ થતાં તેઓ બેબાકળા બની ખૂબ જ રુંદન કરવા લાગ્યા. એટલું જ નહીં હવે શું કરવું? એવું કાંઈ પણ તેમને સૂઝતું ન હતું.

તેમની આવી દશા સાંભળીને તેમના મિત્ર શેઠ સુદત્તજીએ શેઠ જિનદાસજીને પોતાના ઘરે બોલાવ્યા. એટલું જ નહીં ખૂબ જ આશ્વાસન આપી ધીરજ બંધાવી. તેઓએ એવું પણ કહ્યું કે, તમે કાંઈ અનાચારમાં ધન ગુમાવ્યું નથી, જુગાર અને વેશ્યા વગેરે ગેરમાર્ગે પણ ગુમાવ્યું નથી. વ્યાપાર કર્યો છે, એમાં જ નુકશાન થયું છે, તો પછી આટલી બધી ચિંતા ક્યાં કરવાની? ફરીથી કમાવી લેજો. આ પ્રમાણે કહીને સારી એવી રકમની મદદ પણ કરી.

શેઠ જિનદાસજીએ ફરીથી વ્યાપાર-ધંધો શરૂ કર્યો. પરંતુ વિધાતાએ એમને ફરીથી ફટકો આપ્યો. તેઓને ફરીથી વ્યાપારમાં ખોટ આવી. ઉધાર લીધેલ પૂંજી પણ ખોઈ બેઠા. આવી કપરી સ્થિતિમાં તેમને એક દિવસ મુનિ ભગવંત યાદ આવ્યા. તેઓ તરત જ મુનિરાજ અભયચંદ પાસે ગયા, અને ભક્તિપૂર્વક વંદન-નમસ્કાર કરી ઊભા રહ્યા. મુનિરાજે ધર્મલાભ આપી. કુશલ-મંગલ પૂછી,

બેસવાનું કહ્યું અને સારો એવો ધર્મોપદેશ આપ્યો.

શેઠ જિનદાસે પણ અવસર જોઈને મુનિભગવંતને પોતાના મનની વ્યથા સંભળાવી તેમ જ વ્યાપાર સંબંધી બધી જ વાત કરી. શેઠની બધી વાત સાંભળી, મુનિરાજે 'इत्थं यथा' વગેરે ભક્તામરની ૩૭મી ગાથા શીખવાડી દીધી. એટલું જ નહીં ઋધ્ધિ, મંત્ર વગેરે સિધ્ધ કરવાની સંપૂર્ણ વિધિ બતાવી.

શેઠ જિનદાસે ઘરે આવીને ગાથા તેમ જ મંત્રની વિધિપૂર્વક સાધના કરી. તેમ જ ૧૦૦૮ વાર જાપ આરાધના કરી. અડધી રાત વીતી હશે, ત્યાં જ શાસનદેવી પ્રગટ થઈ અને બોલી, ''હે જિનદાસ શેઠ! તેં શા માટે મારું સ્મરણ કર્યું છે? તારા મનમાં જે ઇચ્છા હોય તે માંગી લે?''

શેઠ જિનદાસ બોલ્યા, ''હે માતા! હું ખૂબ જ દરિદ્ર છું, મને આ સંકટમાંથી બચાવો.''

ત્યારે દેવીએ જિનદાસને એક અંગૂઠી આપી, અને બોલી, ''આ અંગૂઠીના પ્રસાદથી તારી બધી જ મનોકામના પૂરી થશે''. દેવી તો એટલું બોલીને ચાલી ગઈ. બીજે દિવસે જિનદાસજી, મુનિરાજ પાસે ગયા અને રાત્રિમાં થયેલ સારો વૃત્તાંત કહી સાંભળાવ્યો.

એક વાર શેઠ જિનદાસજી વ્યાપાર અર્થે પરદેશ જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં તેમને ચોર મળ્યા, જેઓ રાજાનો ભંડાર ચોરીને લાવ્યા હતા, તેમની સાથે હીરા-મોતી, આભૂષણોની પોટલીઓ હતી. શેઠને જોતાં જ ચોર બોલ્યા, ''શેઠજી! આ બધો જ માલ ખરીદીને અમને રોકડા રૂપિયા આપી દો.'' શેઠજી સમજી ગયા કે આ માલ ચોરીનો જ છે એમાં કોઈ શંકા નથી તેઓએ ચોરોને પોતાની પાસે રહેલ દૈવી અંગૂઠી બતાવી અને હિંમતપૂર્વક સામનો કર્યો. બન્યું એવું કે દૈવી અંગૂઠીના લીધે ચોર ગભરાઈને માલ-મિલકત છોડીને ભાગી ગયા. સત્યવક્તા શેઠ જિનદાસજી જોકે દરિદ્રતાથી લાચાર બની ગયા હોવા છતાં તેઓએ સત્ય-નીતિમત્તા વગેરે ગુણોને છોડ્યા ન હતા. જેને લીધે ગરીબાઈમાં પણ તેમની આ અમીરાઈ ઝળઝળી રહી હતી. જેથી તરત જ ચોરોએ છોડેલ સારી ધન-સંપત્તિ લઈને કૌશાંબીના નરેશ ધરમપાલના દરબારમાં પહોંચી ગયા. અને ત્યાં જઈને રાજાજીને સારો વૃત્તાંત સંભળાવ્યો. રાજાએ પણ પોતાના રત્ન-આભૂષણ આદિને ઓળખી લીધા. એટલું જ નહીં શેઠ જિનદાસજીની ઈમાનદારીથી પ્રસન્ન થઈ તે સર્વ સંપદા શેઠને ઈનામ તરીકે આપીને તેમની ખૂબ પ્રશંસા કરી.

જુઓ! શ્રી ભક્તામરના એક માત્ર ગાથાના પ્રભાવથી શેઠ જિનદાસજી ફરી પાછા વિપુલ સંપત્તિના અધિકારી તો બન્યા, સાથે સાથે ઉચ્ચપદ પણ પ્રાપ્ત થયું. અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : khimji_chhadwa@yahoo.com

પ્રાસંગિક :

# સિંધુતાઈ સપકાળ

## ધૃતિ પટેલ

**ભા**રતભરમાં ઘણા લોકો ગરીબી રેખા નીચે જીવી રહ્યા છે. આવા સમયમાં પ્રેમ-કરુણાના મૂર્તિ સમા 'સિંધુતાઈ સપકાળ' ઘણા ગરીબ બાળકોને માતાનો પ્રેમ આપનાર, જેમનો અક્ષરદેહ ૪ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ પંચમહાભૂતમાં વિલીન થયો.

સિંધુતાઈ સપકાળ અનાથ બાળકો માટે કાર્ય કરનાર ભારતના એક સામાજિક કાર્યકર્તા હતા. એમણે એમના જીવનમાં અનેક સમસ્યાઓ હોવા છતાં અનાથ બાળકોને સંભાળવાનું કાર્ય કર્યું. એમના સામાજિક કાર્યો માટે વર્ષ ૨૦૨૧માં ભારત સરકારે એમને પદ્મશ્રીથી સમ્માનિત કર્યા.

સિંધુતાઈનો જન્મ ૧૪ નવેમ્બર ૧૯૪૮ના રોજ મહારાષ્ટ્રના વર્ધા જિલ્લાના 'પિંપરી મેઘે' ગામમાં થયો. એમના પિતાનું નામ 'અભિમાન સાઠે' છે, તેઓ પશુ ચરાવવાનું કામ કરતા હતા. સિંધુતાઈના માતા શિક્ષણ વિરુદ્ધ હતા, પરંતુ તેમનાં પિતા સિંધુતાઈને ભણાવવા ઇચ્છતા હતા. માતાના વિરોધ અને આર્થિક સીમાઓના કારણે એમના ભણતરમાં અનેક મુશ્કેલીઓ આવતી રહી અને એમનું ભણતર માત્ર ચાર ધોરણ સુધી જ થયું.

માત્ર દસ વર્ષ વયમાં સિંધુતાઈના લગ્ન ૩૦ વર્ષીય 'શ્રીહરી સપકાળ' સાથે થઈ ગયા. ૨૦ વર્ષની ઉંમરે તેમને ત્રણ બાળકો થઈ ગયા. સિંધુતાઈએ જિલ્લા અધિકારીને ગામના લોકોને તેમની મજૂરી ન આપતા સરપંચની ફરિયાદ કરી. સરપંચે શ્રીહરિને સિંધુતાઈને ઘરની બહાર કાઢવા તૈયાર કર્યા. તેમના પતિએ એમના ઉપર અનૈતિક સંબંધનો આરોપ લગાવી, એમને મારીને ઘરથી કાઢી નાખ્યા. આ સમયે તેઓ નવ મહિનાના ગર્ભવતી હતા. તેઓએ છોકરીને જન્મ આપ્યો અને ત્યારબાદ તેઓ એમની માતાના ઘરે ગયા, એમની માતાએ તેમને ઘરમાં રાખવા માટે નકારી દીધા. સિંધુતાઈ એમની છોકરી સાથે રેલ્વે સ્ટેશન પર રહેવા લાગ્યા. પેટ

ભરવા માટે ભીખ માંગતા અને રાત્રે પોતાને અને છોકરીને સુરક્ષિત રાખવા માટે સ્મશાનમાં રહેતા. એમના આ સંઘર્ષમય કાળમાં એમણે અનુભવ કર્યો કે દેશમાં કેટલા બધા અનાથ બાળકો છે, જેને એક માતાની જરૂર છે, ત્યારથી એમને નિશ્ચર્ય કર્યો કે જે કોઈ અનાથ એમની પાસે આવશે તેઓ એમની માતા બનશે. એમણે એમની પોતાની છોકરીને 'दगडुशेठ हलवाई, पुणे, महाराष्ट्र ट्रस्ट्र'માં દત્તક આપી, જેથી તે બધા અનાથ બાળકોની માતા બની શકે.

સિંધુતાઈએ પોતાનું પૂરું જીવન અનાથ બાળકો માટે અર્પણ કર્યું. માટે તેમને 'माई' કહેવામાં આવે છે. એમણે ૧૦૫૦ અનાથ બાળકોને દત્તક લીધા છે. એમના પરિવારમાં આજે ૨૦૭ જમાઈ અને ૩૬ વહુઓ છે. ૧૦૦૦થી પણ વધારે પૌત્ર-પૌત્રીઓ છે. એમની પોતાની પુત્રી વકીલ છે. અને એમણે દત્તક લીધેલા ઘણા બાળકો આજે ડૉક્ટર, ઇન્જીનિયર, વકીલ છે. અને એમાંથી ઘણા પોતાના અનાથ આશ્રમ પણ ચલાવે છે.

સિંધુતાઈને કુલ ૨૭૩ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયા છે. જેમાં 'अहिल्याबाई होळकर' પુરસ્કાર છે, જે સ્ત્રીઓ અને બાળકો માટે કાર્ય કરનાર સમાજસેવકોને મહારાષ્ટ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે. પુરસ્કારમાં મળતા ધનનો તેઓ અનાથ આશ્રમ માટે ઉપયોગ કરતા. એમના અનાથ આશ્રમ પુણે, વર્ધા, સાસવડ (મહારાષ્ટ્ર)માં સ્થિત છે. વર્ષ ૨૦૧૦માં સિંધુતાઈના જીવન પર આધારિત મરાઠી ફિલ્મ 'मी सिन्धुताई सपकाळ' બનાવવામાં આવી.

સિંધુતાઈના પતિ જ્યારે ૮૦ વર્ષના થયા ત્યારે તેઓ એમની સાથે રહેવા આવ્યા. સિંધુતાઈએ પોતાના પતિને એક પુત્રના રૂપમાં સ્વીકાર્યા. એમ કહેતા કે, હવે તેઓ માત્ર એક માતા છે. સિંધુતાઈ કવિતા પણ લખતા અને એમની કવિતાઓમાં જીવનનો સાર હોય છે. તેઓ પોતાની માતાનો આભાર વ્યક્ત કરતા કહે છે કે, જો તેમની માતાએ એમના પતિના ઘરથી નીકળ્યા બાદ ઘરમાં આશ્રય આપ્યો હોત તો આજે તેઓ અનેક બાળકોની માતા નહીં બની શક્યા હોત.

સિંધુતાઈએ અન્ય ઘણી સંસ્થાઓની સ્થાપના કરી છે જેમ કે, 'बाल निकेतन हडपसर, पुणे', 'सावित्रीबाई फुले लडकियों का वसतिगृह', 'चिखलदरा', 'अभिमान बाल भवन, वर्धा', 'गोपिका गाईरक्षण केंद्र, वर्धा', 'ममता बाल सदन, सासवड' અને 'सप्तसिंधु महिला आधार बालसंगोपन व शिक्षण संस्था पुणे'. સિંધુતાઈએ બે પુસ્તકો પ્રકાશિત કર્યા છે, 'आत्मचरित्र' અને 'मी वनवासी'.

જાન્યુઆરી ૨૦૨૨ની ૪થી તારીખે સુદ બીજ ચંદ્રદર્શનના શુભ દિવસે તેમનો અક્ષરદેહ પંચમહાભૂતમાં વિલીન થયો. અનાથ બાળકોના જીવનમાં ઝળહળતાં તેજસ્વી તારાની જેમ તેઓ ઊગ્યા હતા અને આથમી ગયા.

◆ ◆ ◆

## Few Other Jain Thinkers :
# Vidyananda, Prabhachandra, Abhaydev, Vadideva

**Dr. Kamini Gogri**

Vidyananda is the last of the great Digambara philosophical triad of the age of Logic, his predecessors being Samantabbadra and Akalanka. Samantabhadra had clinched the most crucial point that the Jainas of this age had to elaborate, viz. the all-out importance of Anekantavada as the central criterion for evaluating the contemporary non-Jaina philosophical systems. He had also offered valuable hints as to the lines on which the systems like Buddhist, Sankhya, Nyaya-Vaisesika had to be assailed. But be heardly went beyond offering mere hints. The credit for waging such a battle goes to Vidyananda who had thoroughly mastered both the contemporary systems of philosophy and the legacy left by Akalanka. Certainly, in some sense Vidyanandas Tattvarthaslokavartika and Astasahasri represent the biggest achievement of the Jaina camp in the field of philosophical speculation. But the precise meaning of this statement has to be grasped.

In Astasahasri Vidyananda remained confined to the framework devised by Samantabhadra and scrupulously followed by Akalanka, but even here his examination of the rival philosophical views, as also his presentation of the corresponding Jaina views, was extremely thorough. It was, however, in Tattvarthasloka – vartika that Vidyananda so developed his argument that he could do full justice to the multifarious sides of the Jaina vs. non-Jaina

duel on philosophical questions. Thus in this text he logically argued - and at length - in support of the traditional Jaina philosophical views, in support of the doctrine of Anekantavada, in support of the doctrine of pramanas worked out by Akalanka, in each case incidentally coming out with an evaluation of various non-Jaina philosophical views. Of course, there are cases when Vidyanada's incidental reference to a non-Jaina view seems to be farfetched but even here his examination of the view referred to is as searching as elsewhere. But such cases are not very many and on the whole his references to non-Jaina views are strikingly illuminating. For instance, Vidyananda's commentary on the first aphorism of Umasvati is preceded by a long introductory discussion in the course of which the Buddhist, Sankhya and Nyaya-Vasesika views on the question of the supreme religious preaching are examined in details. This part of the discussion throws interesting side-light on the historical circumstance under which the Jaina doctrine of moksamarge was first formulated. We know that the old Agamic texts did not raise the problem of moksamarga in the manner of Umasvati and we know that near about this time of Umasvati the Buddhist, Sankhya and Nyaya-Vaisesika schools were disputing among themselves as to the nature of moksamarga. In this disputation the questions boiled down to determining as to how many and which are the constituents of moksamarga, a procedure essentially similar to that adopted by Umasvati in this connection. Now Umasvati himself does not refer to the Buddhist, Sankhya, Nyaya-Vaisesika etc. in the course of his discussion on moksamarga but his commentators like Pujyapada and Akalanka began to do so. It was however left for Vidyananda to bring the process to a culminating point by undertaking consideration of the whole question; (to be precise, the present part of Vidyananda's discussion manages to take into consideration only the Sankhya and Buddhist views on moksamarga – a rather different aspect of the matter being touched upon in the case of Nyaya-Vaisesika). Similarly, in the course of his explanation of the seven tattvas Vidyananda emphasizes that five of them, viz. bandha, asrava, samvara, nirjara, and moksa are supposed to stand for bandha and bandhakarama, moksa and moksakarana an emphasis which again is illuminating. For the tradition of putting together these five elements and them alone is not very old and Vidyananda's mode of arguing clearly suggests that it was supposed to counterblast to the Buddhist talk of duhkha and duhkhahetu, duhkhanirodha and duhkhanirodhaheuu. Lastly Vidyananda argues that the Jaina list of seven tattvas, viz. the five just mentioned plus jiva and ajiva represents an all-comprehensive enumeration of the reals which is not the case, say, with the Nyaya list of sixteen padarthas or the Vaisesika list of six padarthas. This shows that some need formulating a list of a definite number of tattvas was felt by way of competing against systems like Nyaya, Vaiseika etc., a circumstance that partly explains why a list like this does not appear in the old Agamic texts. But let us be clear about one point. Vidyananda himself would not believe that the doctrines in question originated in the circumstances surmised by us, for he must have been of the view that they are eternal. Again, being a Digambara he would not care to see where the available Agamic texts stood vis-a-vis these doctrines. But all this does not affect our point; nay, it rather confirms it. For it shows the direction in which a logician of Vidyananda's calibre would move when looking for the non-Jaina views comparable to the Jaina doctrines in questions. And on the basis of an independent study it can be shown that these views came into existence at a particular period in the history of Indian philosophy; then the absence of the Jaina doctrines in question in the old Agamic texts would prove that these texts were composed at a period when these non-Jaina views had not yet come into existence-at least, at a period when they had not yet attracted the attention of the Jaina theoreticians. Be that as it may. Vidyananda's Tattvarthaslokavartika is the maturest and most comprehensive text useful for

undertaking a comparative study of the Jaina and non-Jaina views on the most burning philosophical questions. We know that in its chapters II, V, and VIII, Tattavarthasutra mostly presents a defence of the traditional Jaina views and the corresponding parts of Tattvarthaslokavartika too are on the whole free from controversies against rivals. This is so because such controversies have already been entered into in the course of commenting on the chapter I, for otherwise one can easily imagine how Vidyananda would have argued against this or that rival in this or that part of these later chapters. But even as they stand these chapters of Tattvarthaslokavartika deserve serious study, For they are written in a language that a logician of the period – and so also a modem student who specialises in that period – would find most easy to follow; (the process of so putting things bad already started in Akalanka – to some extent in Pujyapada even – but it found its consummation in Vidyananda). However, Vidyananda's real services were in the field of Anakantavada, the doctrine of pramanas and an evaluation of the non-Jaina philosophical views; and these we take up next.

### (ii) Anekantavada

Naturally Vidyananda's most outstanding treatment of Anekantavada came in Aatasahasn. For in this work he undertook a detailed examination of certain one-sided views on certain most burning philosophical questions. And here these views are clearly identifiable as those upheld by certain well-known schools of Indian philosophy. A note-worthy new addition in this connection was the doctrine of Brahmavada which had already been taken note of by Akalanka but was subjected to an elaborate criticism for the first time by Vidyananda. Till the time of Akalanka Buddhists were treated as the main rivals by the Jaina scholars and in a way Vidyananda too continued the tradition. For Buddhism remains the largest single target of his criticism, But Vidyananda also took into serious consideration his various non-Buddhist rivals. Thus he frequently criticised Brahmavada on the basis of an independent study made of it by himself and almost as frequently pointed out to the Vijnanavadi and Sunyavadi Buddhists that so far as their repudiation of the reality of the empirical world was concerned they were being one with the Brahmavadi Vedandist. Similarly his criticism of Sankhya, Nyaya-Vaisesika, Mimamsa, Sabdadvaitavada, attvopaplavada, Bhutacaitan-cyavada was based on a study that was thoroughest possible. All this makes Vidyananda's studies in Anekantavada – for the most part preserved in Astasahasri – a most solid Jaina contribution to the treasure-house of philosophy. Anekantavada is a much misunderstood doctrine and its defence at the hands of incompetent persons only makes matters worse. But Vidyananda's competence was of the higher order and so his elaboration of the essentials of Anakantavada deserves serious study by those who harbour genuine misgivings against this typical Jaina philosophical doctrine. Certainly, the doctrine took its rise in the atmosphere surcharged by the Buddist vs. Brahmin controversies as to the nature of change and the ontological status of universals. For these provided two of the most conspicuous fields for the application of Anekantavada, fields of which there was little inkling in the old Agamic texts. Thus it was no regular theme of Agamic discussions as to what it means when we say that a thing undergoes change or when we say that two things share a feature in common. But in course of time the Buddhists tended to argue that a thing becomes altogether different every next moment and they were criticised by the Brahmanical philosophers like Nyaya-Vaisesikas and Mimamskas; similarly these Brahmanical philosophers tended to argue that an universal is an independent entity standing over and above the particulars subsumed under it and they were criticised by the Buddhists. This precisely was the period when the Jainas began to talk of dravyarthikanaya and paryayarthikanaya – the former diametrically opposed to Buddhist momentarism, the later identical with it; similarly

this was the period when the doctrine of seven nayas was so explained that the first three nayas came to mean an advocacy of the mechanical juxtaposition of universals and particulars, an advocacy of the reality of universals at the cost of particulars, an advocacy of the reality of particulars at the cost of universals. Soon afterwards the Buddhist and the various Brahmanical schools were made an independent subject of study and it was shown how this or that from among them represented the standpoint of this or that naya. In the begining the result of the endeavour was rather crude but with the passage of time much refinement was introduced therein. And the process of refinement reaches its pinnacle in Vidyananda who has given us not only a critique of the one-sided views pertaining to the problems like that of change and permanence, that of universals and particulars but also an exposition of the traditional doctrines of naya and niksepa, doctrines which played a significant role in the evolution of Anekantavada. Vidyananda's account of nayas and nik1epas occurs in his commentary on the relevant aphorisms of Umasvati but his critique of the one-sided views in question occurs in - both Astasahasri and Tattvarthaslokavartika, for in the latter text too Vidyananda has so argued his case that occasions for such a critique are created rather frequently. For instance while dealing with the item sthiti in the course of his commentary on the aphorism related to the Anuyogadvaras, nirdesa, svamitva, etc. Vidyananda undertakes a criticism of Ksanabhangavada, in the course of his commentary on the aphorism related to pramana and naya he takes exception to Buddhist contention that a composite is nothing over and above its component parts. And these instances are not isolated, for the whole of Tattvarthaslokavartika is strewn with criticisms 'directed against rival philosophical views and good many of them pursue the theme of Anekantavada.

With Vidyananda comes to an end the second stage of Logic and, the fact needs being estimated soberly. For Vidyananda was not only the last representative of the stage in question he was also its most learned representative. Certainly it is in his writings that this memorable period in the history of Indian philosophy stands reflected in an adequate manner. Those who came before him made way for him and in this sense they did what nobody else did, but it was he who really proved equal to the task of the hour. However, Vidyananda was not followed - at least not in immediate future - by authors who surpassed him in sweep or depth of insight. In the Digambara camp there now came Prabhacandra who was a diligent student of Akalanka and Vidyananda and wrote useful commentaries, one on Akalanka another on another author. In the Svetambara camp there came Abhayadeva who, making ample use of the material provided by his Digambara predecessors, wrote a commentary on Sanmati; he was followed by Vadideva who, leaning heavily on Prabhacandra and through him on Akalanka and Vidyananda, wrote Syadvadaratnakara. All these authors we will meet in the third stage of the age of Logic and all of them are more or less significant. But none was a genius of the type of Vidyananda.

## (A) PRABHACHANDRA

The post-Vidyananda phase in the history of Jaina philosophical speculation bear certaia specific marks of its own. The Digambaras were now no more in ascendency while the Svetambaras were now once more in ascendencey. On the other hand, for Indian philosophy as a whole the era of new creative advance was now almost at an end. The reasons responsible for this complex situation remain to be investigated into, but a few things can be said even now. The gradual collapse of Hindu rule all over the country by Muslim rule was one reason why Indian philosophy as a whole entered the period of relative decline. Another reason for the same must have been the gradual disappearance from the scene of the Buddhists whose ever bolder speculations had since long been providing the Brahmin scholars of all hue with food for thought. Then the specific

stimulation that now emerged within the Jaina camp has to be accounted for. Thus in this period the Digambaras who were chiefly concentrated in the southern part of the country gradually grew weaker in face of the opposition, violent and otherwise, they had to encounter from the side of their Hindu rivals. Contrariwise, the Svetambaras who were chiefly concentrated in the western part of the country somehow found the current atmosphere more congenial for advance and made significant advance. This explains why the last titan among Digambara philosophers was Vidyananda but a fairly long stretch of time divides him from Yalovijaya the last titan among Svetambara philosophers. Again, this explains why the Digambara Prabhacandra who followed Vidyanada was a lesser author than the latter also why Abhayadeva who was the first great Svetambara philosopher of the period was followed by Vadideva who was a greater author than he while Vadideva was followed by Yasovijaya who was a greater author than both Abhayadeva and Vadideva, Be that as it may, what we call the third stage of the age of Logic in the history of Jaina philosophical speculation produced Prabhacandra among the Digambaras, Abhayadeva, Vadideva and Yasovijaya among the Svetambaras. We take up these authors one by one.

Prabhacandra is the author of two fairly long commentaries on two fairly important texts. One of these texts is Akalatika's Lagh1yastraya, the other Manikyanandin's Parikamukha. Now Laghiyastraya, inspite of its title, is a collection of two works which are the earliest among Akalanka's independent writings. And as we know Akalanka only gradually reached clarity on the questions of epistemology which is the central subject-matter of his independent writings. This means that in the form of Laghiyastraya Prabhacandra had before him a rather raw work on epistemology, even if a work coming from the pen Akalanka. In this respect Pariksamukha was just the opposite of Lagh1yastraya, for the former lucidly and systematically summarises Akalanka's final epistemological findings as perfected by his followers like Anantavirya and Vidyananda. However, the programme of Prabhacandra being what it was this difference in character between two works he chose to comment on was rather immaterial. For he had made it a point to introduce in his commentaries an exhaustive and systematic discussion of the major philosophical issues of his times. And an occasion for such a discussion was not difficult to find out – not only in the Pariksamukha but also in the rather unsystematic Laghiyasyasiraya. The result is that barring exceptions the same questions are discussed in Nyayakumudacandra, the commentary on Laghiyastraya, and Prameyakamalamartanda, the commentary on Pariksamukha. Two things are noteworthy in this connection: first, that most of these questions had been discussed also by Vidyananda; secondly, that Prabhacandra's level of discussion is decidedly less advanced than that of Vidyananda. Of course, two questions are somewhat new in Prabhacandra. Thus in Nyayakumudacandra there occurs a detailed refutation of the six Vaisesika padarthas and the sixteen Nyaya padarthas, the former which is more important being repeated in Prameyakamalamartanda; (in Vidyananda such a refutation was just hinted at). Similarly, in both Nyayakumudacandra and Prameyakamalamartanda there occurs a detailed treatment of the theories of error maintained by diverse philosophical schools; (Vidyananda is unfamiliar with this problem). For the rest what Prabhacandra says in connection with his treatment of this or that problem had already been said by Vidyananda most tersely and precisely and as a matter of fact Prabhacandra's writings should serve as a good introduction to those of Vidyananda; (Prabhacandra's writings have the advantage that they contain one discussion at one place).

In the body of Prabhncandra's writings the above discussions are loosely joined to what is directly said by way of commenting on the text concerned. This is particularly true of Nyayakumudacandra which was supposed to throw light on Akalanka's

difficult (often obscure) utterances but which did not do much of the sort. A glaring example is Prabhacandra's commentary on Akalanka's famous verse jnanam adyam matih sanjna cinta cabhinibodhikam, etc.' Her matih' was a wrong reading for 'smrti'. (Vidyananda has the correct reading) and yet Prabhacandra had no difficulty in commenting on it and in the course of it in attributing an arbitrary meaning to the phrase 'jnanam adyam'. As a matter of fact, the part of Nyaya-kumudacandra directly explaining the meaning of Laghiyastraya is a very small part of the whole. Of course, to some extent the same sort of high-handedness was exhibited by Vidyananda while commenting on Tattvarthasutra, but then Tattvarthasutra was after all an old work and on the whole Vidyananda's comments were true to the spirit of the original text. In any case, Nyayakumudacandra is to be studied not so much for the sake of light it throws on Akalarika's words as for that of the independent philosophical discussions it incorporates. As a matter of fact, this feature distinguishes Nyayakumudacandra from the commentaries on other works of Akalanka composed by other authors. These latter too contain a lot of incidental discussion but it is Jess systematic; similarly, their authors evince great keenness to get at the meaning of Akalanka's words – one reason for it being that the works they commented on were definitely more difficult than Laghiyastraya. As for Pariksamukha its wording was crystal-clear in its import, though in the course of commenting on even it Prabhacandra bad to employ some ingenuity while introducing this or that piece of independent philosophical discussions. But that again is not an important point. For Prameyakamalamartanda is virtually a collection of certain independent philosophical discussions Prabhacandra has chosen to undertake and from that point of view it matters little as to which of them occupies which part of the text.

## (B) ABHAYADEVA

Abhayadeva was the first Svetambara author who seriously realised the need for doing something that might stand comparison to the performance of his great Digambara predecessors. The striking point is that the realisation did not occur to an earlier Svetambara author but let us not pursue it further. Abhayadeva in essence did to Siddhasena's Sanmati what Prabhcandra did to Akalanka's Laghiyastraya, viz. to use the original text as a pretext for undertaking certain independent philosophical discussions. That is why Abhayadeva, like Prabhacandra, has not much to say by way of explaining the words of the original text. But a difference that obtains between the two cases is worth noting. Akalanka was recent author who had himself done much to mould the thinking of the contemporary Jaioa authors interested in philosophical problems. Thus most of the questions that Prabhacandra takes up for discussion had come to the notice of Akalanka in practically the same form in which they did to the notice of Prabhacandra. But Siddbasena was a pretty old author to whom philosophical questions did not occur in the same form in which they did to Abhayadeva. As a matter of fact, Abhayadeva broadly shared with Prabhacandra the general framework in which to arrange his philosophical cogitations and yet he chose to express himself by way of commenting on Sanmati. The result is that the distance separating the atmosphere of Sanmati1ka from that of Sanmati is greater than that separating the atmosphere of Nyayakumudacandra from that of Lagh1yastraya. For the rest most of the discussions that occur in Sanmatiuka also do in Nyayakumudacandra (and Prameyakamalamartanda) and what remains to be done is to see what new points Abhayadeva raises in connection with them. One thing, however, is noteworthy and that about Abhayadeva's epistemological discussions. At one place Abbayadeva creates an occasion for an elaborate treatment of epistemological problems but here he makes almost no use of Akalanka's specific innovations, e. g. his classification of pramanas. This naturally is a conspicuous difference between Abhayadeva and Prabhacandra, for the

latter is a more enthusiastic exponent of Akalanka's new contributions in the field of epistemology. Of course, in his criticism of the Buuddist, Nyayavaisesika, Mimamsa and Sankhya positions as also in his defence of a traditional position such as that the visual sense-organ cognises its object without coming in contact with it Abbayadeva has much in common with Prabhacandra. Abhayadeva concludes his discussion by referring to Gandhahasti (i.e. Siddhasena) whose commentary on the relevant aphorisms of Umasvati is supposed to convey all necessary basic information on the subject – thus suggesting that Siddhascna is for him what Akalanka is for Prabblicandra. In any case Abhayadeva's Sanmati1ka is the first Svetambara text in which the post-Dharmakirti philosophical scene of the country is subjected to an extensive survey and criticism from the Jaina standpoint. And that is symptomatic, for it signifies that the Svetambaras were now eager to outcome the lag that separated them from the Digabambaras whose ideas on the subject were most upto date. But even Abhayadeva can be said to have taken only the first step in this direction, even if this step was considerably big. For the author who so argued his case that almost nothing remained to distinguish him from his Digambara camp-followers was Vadideva whom we consider next.

**(C) VADIDEVA**

Vadideva wrote his Syadvadaratnakara consciously and closely imitating Prameyakamalamartanda of Prabhacandra. As we have noted Prameyakamalamartanda was a commentary on Pariksamukha which in its tum was a systematic summary in an aphoristic form of the whole of Akalanka's teaching on the questions of epistemology. Vadideva himself wrote the corresponding aphorisms, calling them Pramananayatattvaloka and of course the commentary thereon, calling it Syadvadaratnakara. This stylistic similarity between Prameyakamalamartanda and Syadvadaratnakara is as significant as was between Nyayakumudacandra and Sanmatitika. For it indicates that the Svetambaras were now not content with a piecemeal borrowing of the contemporary Digambara achievements in the field of philosophy. And that is of immense value. For as a result of a performance like that of Vadidev the whole of the Jaina camp could now speak an essentially identical language on the questions of philosophy. Of course Vadideva had studied not only Prabbacandra but also Vidyananda as is evident from his borrowing of certain discussions directly from Vidyananda. Moreover, he had made an independent study of important non-Jaina philosophies as is evident from his frequent quoting from them directly. As a result of a lose study of Syadvadaratnakara it should be possible to determine as to how far the unique features of this text owe their origin to a reading of Prabhacandra, how far to that of Vidyananda and how far to that of non-Jaina philosophers. But that will be a secondary piece of research work. For the most striking thing in this connection is the essential identity of the general framework used by Prameyakamalamartanda and Syadvadaratnakara for arranging their respective materials. And not only that, even the materials in question are essentially identical. The result was that from now onwards there was going to be no discrepancy between a Svetambara author and his Digambara counter-part so far as their consideration of the contemporary philosophical problems was concerned. As has already been hinted now was the period when the Digambaras were a comparatively declining sub- sect of the Jainas while the Svetambaras a comparatively rising sub-sect. Hence Vadideva's wholesale borrowing of the Digambara philosophical achievements opened the possibility of their enrichment in an atmosphere that was congenial for such an enrichment. This was more or less evident in the case of all Svetambara authors coming after Vadideva but it was most evident in that of Yasovijaya, the last of them. For through a mere study of Syadvadaratnakara Yasovijaya was in a position to

get at whatever there was of value in the Digambara masterpieces of the preceding centuries. Of course Yasovijaya was not content with just what Syadvadaratnakara provided him. For he also made an independent and thorough study of the pre-Vadideva Svetambara authors, the series going as far back as the author of Anuyogadvarasutra. This enabled him to incorporate in his writings a discussion of even such questions as were important and were discussed in early texts but were absent in Syadvadaratnakara simply because the Digambaras bad no tradition of taking them up. But all this is a different matter. For what is to be noted is the great role of Syadvadaratnakara as the first Svetambara masterpiece to assimilate all that was of value in the philosophical discussions of the Digambaras of the preceding few centuries.

✦ ✦ ✦

Contact: 96193 7958

## Nirjara Bhavna :

# Molt the preceding karmas

**Prachi Dhanvant Shah**

***"Grace your repentance with candor because that is the only route to deliverance!"***

Jain philosophy has very significantly explained and emphasized on implementing the said process, that once you realize your mistakes that lead to adding your karmas, you then decide to not indulge in the same again by blocking them, and then there is repentance. Such that you would route your life on the path of shedding off the past accumulated karmas. This is what Jain Philosophy has defined as **"Nirjara Bhavna".** To be precise, contemplation of **Samvar Bhavna** (when you identify and realize the inflow of karma into your soul) and **Asrav Bhavna** (When you decide to stop the further inflow of karma to be attached to your soul), one should then contemplate on Nirjara Bhavna (When you practice to shed off all past accumulated karmas on your soul). The word Nirjara itself explains it all, where Nir is an affix and Jara means shedding off. I wouldn't stop saying that Jain philosophy is truly very aristocratic and decisive. Because, if it explains to us the fact to identify our karmas and the determinants of those indulged karmas, it also gives us the illustration and prospects on coming out of your bundled up karmas of the past. It opens the door to repentance and gives us a second chance in life to lead it the right way on the path of liberation.

**Nirjara Bhavna** in other words is simply the shedding off of past karmas. Contemplation of this bhavna influences our subconscious mind and kindles the urge of molting off previously seized karma through austerity, penance, and meditation. As illustrated in my previous article through the example of a hole in the wall, the analog of **Ashrav Bhavna** being represented by an inflow of dirt, insects, etc. (Karmic Particles) through the hole, and **Samvar Bhavna** being depicted by blocking off that hole in the wall, the same illustration can be used to similitude **Nirjara Bhavna**. If the dust, dirt, insects etc. gets accumulated through the hole in the wall, no matter even if you then block it and seal it, you would certainly want to clean the accumulated dust or insects, correct? No way one can leave it as it is and keep your room infected. Hence, when we comprehend the fact of karmic particles being infused on our soul as contemplated by **Ashrav Bhavna,** and then also envisage **Samvar Bhavna** by blocking the inflow of those karmic particles, the next step is to maneuver cleaning up of those accumulated karmas through contemplation of **Nirjara Bhavna.**

Karma particles are like physical substances (Pudgal) that are present all around us in this universe. Based on our deeds these karma particles are attracted by the soul. Hence eah and every action of our life leads to the attachment of Karmin particles to our soul. These Karmin particles could be good or bad based on the actions the soul

indulges in. A soul hence acquires both good as well as bad Karmin particles. The soul carries Karma particles from last birth and hence the kind of life we lead in every birth is determined by the kind of Karma particles our soul adheres to. All the sufferings and pains are the cause of bad karma and all the peace, pleasure and happiness, luxuries, etc., are the cause of good Karma. There is no escape from bearing the results of bad karmas but at the same time, good deeds can also overcome bad karmas and thus lead to shedding off of bad Karma. As per Jain philosophy and religion, good karma can be attained by the contemplation of Nirjara bhavna through austerities, saadhana, meditation. If one has a very luxurious life in this birth and enjoys every comfort, but while leading this happy life, if he forgets his Jain principles, values and does not indulge in any kind of spiritual activities, he is just temporarily enjoying the good Karmas of his past life, but not adding on good Karmas to shed off his bad Karma. Hence the weightage of his bad Karma would eventually elevate leading to suffering and pain. Similarly, while indulging in austerities and going through extreme pain and suffering, if there are complaints and fret, then there is no essence to Nirjara. Jain philosophy explains and enhances a lot on Bhavna, the innervation behind every action. If your spirit is not pious and auspicious, there is no meaning and purpose to any action. Hence the more persuasive the Nirjara, the swifter, the soul's attributes will shine. Eventually, through Nirjara when all the bad karmas are sheded off, the soul would attain liberation. To be more precise and in reference to quantitative shedding off, Nirjara is grouped into two types:

**1) Desh ( limited ) Nirjara ; 2) Sarva ( total ) Nirjara.**

**1) Desh Nirjara -** is a distinctive shedding of karmas. Whoever endures extremity or performs austerities, intense sadhana & meditation, or any other spiritual activities, would experience Desh Nirjara. During all the stages of Guanashtanaks, Desh Nirjara is undertaken.

2) **Sarva Nirjara -** is complete shedding off of all the karmas and this befalls right before the soul is liberated. In the process of shedding karmas, when the soul becomes a kevali, it sheds off all the Ghati Karmas but is yet adhered to Aghati Karmas. These Aghati karmas will be sheded off eternally just before the soul is liberated and attains Moksha. Thus when the soul is free of both Ghati & Aghati karmas the soul becomes Siddhas.

Further, explaining the process of shedding karmas, Jain philosophy has divided Nirjara into two types. 1) Akam Nirjara & 2) Sakam Nirjara. As per Jain philosophy, when the right time comes bad Karmas mature and they show off their results and when these results are accomplished, one would achieve the shedding off of those karmas.

1) **Akam Nirjara -** refers to the shedding of karmas naturally without putting any extra effort. As explained, bad Karams show their results in terms of suffering at the right time when they are due to maturity. One has to bear the consequences of bad karma no matter what and we have no control over it's time and intensity of suffering. Once we bear off the suffering, karmas shed off naturally. For instance, a person deprived of food due to his financial and social status suffers from hunger without any choice due to his past bad karmas. At this point when he accepts his suffering without any complains, he lands up shedding off his bad karmas.

2) **Sakam Nirjara -** refers to the process of Nirjara by bringing Karma to maturity before their due time willingly and bearing its consequences deliberately. In this case, in contradiction to Akam Nirjara, one decides to shed off the attached bad karma way before its natural time and not wait for it to occur naturally. For instance, undertaking austerities through penance and staying hungry by choice despite the availability of food, and enforcing the suffering would shed bad karmas sooner than it's destined to.

Life is a process of adding karmas and shedding karmas. But depending upon the kind of bad Karmas one indulges in, the intensity and process of Nirjara could be simpler or more complicated or rather

impossible. In the situation when bad karmas are strongly adhered to the soul and can never be shed off, those karmas stick to the soul forever and there is no choice but to bear its consequences & sufferings. These kinds of karmas are called Nikachit Karma. For instance, as mentioned when the dust particles enter through the hole in the wall, if you decide to clean it right away, it would be easily cleaned using just a duster or a groom. But if you wait for a few more days, those dust particles might get stubborn only to be removed with a mop or vacuum. If you wait a few more days, the dust particles would be more stubborn and might need scraping and rubbing off to get rid of it. Although, if you still wait for long long days or months, it might get impossible to remove the dust and would stain your floor, and the only way to remove the stain would be to change the flooring and discard the stained floor. Hence it is up to us to realize what kind of process of Nirjara we would wish to indulge in to shed off all the bad karmas and if it needs to be at the earliest or would like to stain our soul to eternity making it next to impossible to shed off welcoming Nikachit Karma. This human birth is the only chance we have to decide and set limitations to indulging in bad Karmas, and work on shedding them off because you never know what would be your next birth which might not be human and that would draw limitations to your activities of shedding off karmas.

So to enhance the process of accumulated bad karma, the question then arises what could be the process of Nirjara. As mentioned earlier, Nirjara can be undertaken willingly by conducting austerities and spiritual activities. Which means willingly giving away our comforts and luxuries to various extents restraining yourself from them. This enables control over urges and sculpts our minds towards self-control. Jain philosophy emphasizes a lot on one's passion and "bhav" behind every act. If these austerities are conducted just through accepting extremities to the body, then such kind of penance would not be considered rewarding. One needs to indulge in penance metaphysically and not just physically. While conducting austerities, there needs to be intense repentance, the true essence of Nirjara, and concordant control over desires. For instance, while conducting penance If physically you restrict yourself from eating or drinking but with your mind, you crave for food then such type of austerities is meaningless. Along with physical restraints, when there is spiritual repentance, only then there is possibility of shedding of Karmas and one would seek the path of salvation.

Jain spiritual scriptures explain various ways of austerities i.e. Taps. To be precise, austerities are segregated into two kinds. - 1) Physical manner ( Conducting austerities physically without any essence of spirituality through "bhav". It is just conducted physically and there is no mental involvement); 2) Psychic Manner (Along with restraining from physical constraints one also indulges in austerities through "bhav" and there are true restraints of inner desires). Further austerity is categorized into two manners :

1) **External ( Bahyantar) -** tap that is noticeable because they are conducted physically. This kind of austerities has greater fundamentals of physical involvement than psychics. This involves Penance such as :

- **Fasting Completely (Anasan) -** giving up food or water for a day or more with all the "bhav" controlling food cravings and hunger.
- **Partial Fasting (Unodari) -** eating in partial quantities then as much needed to satisfy hunger along with controlling urges of hunger with all the "bhav".
- **Restraining the number of items of food (Vruti Sankshep) -** Putting a limit to the number of items one would eat during each meal, thus indulging in developing "bhav" of controlling discomfort through inadequacy.
- **Limiting desired tasty food (Ras Parityag) -** Renouncing one's favorite food. This involves "bhav" of controlling the desires of cravings and taste buds.
- **Bodily Endurance (Kayakalesh) -** Being in one position physically for a long period of time and thus indulging in austerities through physical

extremities. This involves "bhav" of bearing the pain without any complaints and controlling the temptation of giving up.

- **Predominating the Senses (Pratisanlinata) -** Command over all types of senses avoiding any means of temptations be it pleasant or unpleasant. This indulges into "bhav" of controlling passions such as ego, pride, anger, deceit, and also any means of sensual activities.

2) **Internal (Abhyantar) -** tap that is not noticeable because it involves psychological restraints more than physical. This involves austerities such as :

- **Redemption (Prayaschit) -** Seeking forgiveness for all the mistakes conducted in the past knowingly or unknowingly with true essence and "bhav"
- **Courteous (Vinay) -** Promising oneself to be respectful and courteous to all the living beings expressing empathy towards others.
- **Serving others (Vaiyavachch) -** Expressing deviation and serving righteously to religious teachers, Gurus, Fellow beings, sadhus & sadhvis.
- **Giving away (Vyutsarg) -** Giving up all the means of sinful activities and all the sixteen types of inner desires.
- **Spiritual study (Sajzaya) -** Indulging into spiritual studies, contemplation & interrogating oneself with right spiritual learnings.
- **Meditation (Dhyan) -** Identification & concentration of thoughts indulging into meditation.

Thus extremities through austerities would help lead one's life on the spiritual path and eventually attain liberation.

I believe, In this worldly society, every human is bound to make mistakes, to indulge in some or the other way of what Jain principles can define as bad karmas. This is ok to some extent because that is what is human nature. But what matters is at some point after indulging in those bad karmas, you realize what you did and question yourself, challenge yourself with intense repentance. Nirjara cannot be done with enforcement but it needs to be amenable and subdued. The practice and process of Nirjara should be felt from within and need not be vociferous for it to be worthwhile. In this worldly life, you have only two choices, fight or flight. Either fight back your mistakes with repentance & Nirjara, or run away from those mistakes without contemplation of any kind of Nirjara and bear the consequences of karmas for all your births which could be Nikachit Karmas. So the best choice is to forgive yourself with repentance and act upon it through Nirjara to shed off all your bad karma. We in this human life have the power to create stories of our mistakes and these stories are the way out. We need not be the victims of our stories but interestingly enough we hold the power to change the dark phase of our stories through repentance & Nirjara. We can create our own path of life and choose the wise path.

***Through repentance & Nirjara, the things that held you down through indulging in bad karma, can hold you up if you wish to!***

✦ ✦ ✦

Contact: 49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
(+1-917-582-5643)

## 'સ્કૉલરશિપ'

નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ, એક નવો પ્રકલ્પ ''નિરંજન ભગત સંશોધન સ્કોલરશિપ'' જાહેર કરે છે. આ પ્રકલ્પ અંતર્ગત, ગુજરાતી ભાષા અને સાહિત્યમાં સંશોધનને વેગ મળે તે માટે દર વર્ષે એક વ્યક્તિને, એક લાખની 'સ્કોલરશિપ' આપવામાં આવશે. આવેલી અરજીઓ કે ભલામણોમાંથી પસંદગી સમિતિ, વિષયવસ્તુને ચકાસી કોઈ એક સંશોધકને પસંદ કરશે. વર્ષ આખરે સંશોધકના કાર્યનું પરાર્શન કરવામાં આવશે. સંશોધકની ઉંમરની કોઈ મર્યાદા નથી. આ પ્રકલ્પનો આરંભ વર્ષ ૨૦૨૨ની જાન્યુઆરીથી થશે તથા તે માટે સંશોધકે અથવા તેના વતીથી સંભવિત ભલામણ કરનારે સંશોધનકાર્યની સંપૂર્ણ માહિતી ૧ માર્ચ, ૨૦૨૨ પહેલા નીચેના સરનામે મોકલવાની રહેશે.

અધ્યક્ષ,
નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ, અશીમા હાઉસ,
એમ. જે પુસ્તકાલયની પાસે,
એલિસબ્રીજ, આશ્રમ રોડ, અમદાવાદ-૬.

# સર્જન સ્વાગત

## સંધ્યા શાહ

**પુસ્તકનું નામ : શક્રસ્તવ : પરમનો સાક્ષાત્કાર**
**લેખક : આચાર્યશ્રી યશોવિજયસૂરિ**
**પ્રકાશક : ૐકારસૂરિ, જ્ઞાનમંદિર, ગોપીપુરા, સુરત**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૧૯૨ મૂલ્ય : રૂા. ૫૦૦/-**




પરમ શ્રધ્ધેય પ્રભુના ચરણોમાં સમર્પિત ભક્તના હૃદયભાવોનું મધુરું ગાન એટલે શક્રસ્તવ પુરુષાત્તમ, સતુલિત બળ ધરાવનાર, સ્વયંસબુધ્ધ, શ્રેષ્ઠ પુંડરિક, ગંધહસ્તિનો પ્રભાવ ધરાવતા, ત્રિલોકને પ્રકાશિત કરનારા અભયનું દાન દેનારા આંતરચક્ષુ ઉઘાડનારા, મુક્તિદાતા, માર્ગદર્શક સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શનના દાતા ધર્મના નાયક, ધર્મના ઉપદેશક, ધર્મનો સારથિ પ્રભુને ભવપાર ઉતારી દેવાનો અનુનય એટલે શક્રસ્તવ.

પરમનો સાક્ષાત્કાર કરાવતા શ્રી વર્ધમાન શક્રસ્તવના ૧૧ શ્લોકોની સહજ સંવેદના, ભક્ત હૃદયની આરત અને અનુનય આચાર્યશ્રી યશોવિજયસૂરિજી એ પ્રસ્તુત કૃતિમાં પ્રગટ કરી છે.

**'जप कोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः**
**लयकोटिसमं गानं, गानात् परंतर न हि ।।'**

'જપની પરાકાષ્ઠા તે ધ્યાન, ધ્યાનની પરાકાષ્ઠા તે લય અને સમાધિની પરાકાષ્ઠા તે ગાન...' શક્રસ્તવના મીઠા ગાન સાથે ભક્ત પરમાત્માના અતીવ સુંદર સ્વરૂપ સાથે એકાકાર થઈ જાય છે.

ઈશ્વરને, જગન્નિયંતાને પ્રાર્થના છે : ભીતરના રજસ અને તમસને હરી લેવાની ઝંખના છે : અનહદનો સૂર સાંભળવાની આ અચળ શ્રધ્ધાને, ઈશ્વરની સર્વોપરિતાને વ્યક્ત કરતા સ્તોત્રની વિવેચના કરતા આચાર્યશ્રીએ રમણીય, કાવ્યમય પદશૈલીનો પ્રયોગ કર્યો છે. ઈશ્વરની અપાર ઐશ્વર્યના ગુણગાનને, ભાવને અનેક આચાર્ય ભગવંતો, ગ્રંથો, સાહિત્યસર્જકોની પંક્તિઓ ટાંકીને ઘૂંટ્યો છે. દેલવાડાના કળાત્મક શિલ્પો-ગવાક્ષ અને ગર્ભગૃહની તસવીરો સાથે પ્રભુ મહાવીરની વિવિધ સ્થળોની બાર મનોહારી પ્રતિમાની ઝલક આ ગ્રંથને જીવંત બનાવે છે.


આચાર્ય યશોવિજયસુરિજીનું અપાર વાંચન, ઊંડી સમજ, અપૂર્વ ભક્તિ અને અનન્ય સમર્પણ થકી ભક્તિરસમાં ઝબકોળાયેલી રસાળ કૃતિ ભાવકના ભીતરને ઝંકૃત કરે છે.

સિધ્ધિ અને કલ્યાણની પ્રાપ્તિ કરાવતું આ શક્રસ્તવ વાંચતા મન ધરાતું નથી.

◆ ◆ ◆

**પુસ્તકનું નામ : ઓગણીસમી સદીનું અલ્પખ્યાત ગુજરાતી સાહિત્ય, સંચય**
**સંકલન : દીપક મહેતા**
**પ્રકાશક : સાહિત્ય અકાદમી, નવી દિલ્હી**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૨૨૦ મૂલ્ય : રૂા. ૨૮૦/-**

સંપાદક, સંશોધક, સમીક્ષક અને ગુજરાતી સાહિત્યના ઉત્તમ અભ્યાસુ દીપક મહેતાએ પ્રસ્તુત ગ્રંથમાં 'સુધારક યુગ' તરીકે ઓળખાતી ૧૯મી સદીના પરિબળો તેમજ અલ્પખ્યાત રહેલા સાહિત્યસર્જકોની કૃતિઓના લખાણ કરી સંચિત કર્યા છે.




સામાન્ય રીતે આ સમયના સર્જકો તરીકે દલપતરામ, નર્મદ, નવલરામ, ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ કે કાન્ત જેવા સર્જકોની જ ગણના કરવામાં આવે છે. તેમની સાથે જ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં સર્જન કરતા લેખકો આવા સર્જકો અને તેમની કૃતિઓને પરિચય આપવાનો સાર્થક પ્રયાસ કર્યો છે.

કવિતા, વ્યક્તિચિત્રો, આત્મકથન, નાટક, વાર્તા, નવલકથા, ગુજરાતી સાહિત્યની વિકાસયાત્રા સમજવા માટે ખૂબ ઉપયોગી કાર્ય થયું છે. ૧૮૬૨માં પ્રગટ થયેલી પ્રથમ મૌલિક-મુદ્રિત નાટ્યકૃતિ 'ગુલાબ' હોય કે વિધવાવિવાહની પહેલ દર્શાવતી નવલકથાના સર્જક ભવાનીશંકર નરસિંહરાવ હોય, વ્યક્તિચિત્રોમાં મહત્વનું કાર્ય કરનારા કિન્લોક ફાર્બસ, મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી કે નર્મદની પહેલા આત્મકથન કરનારા મોહનલાલ રણછોડદાસ ઝવેરી. સહુની રજૂઆત, શૈલી અને દૃષ્ટિબિંદુ સમજાય છે. લાલિત્યસભર નહીં, કિંતુ માહિતીસભર પ્રવાસવર્ણનોમાં 'ચીનનો અહેવાલ' ભાગ ૧-૨, લંડન, અમેરિકા, ઇંગલેન્ડ, કાશ્મીર તેમજ મુંબઈ શહેર વિશે લખાયેલા

પુસ્તકો અહોભાવ ને આશ્ચર્ય જગાડે છે.

અજ્ઞાત રહી ગયેલા લેખકોના પુરુષાર્થને વંદના કરવાનો આ આયામ ૧૯મી સદીની સાહિત્યયાત્રાને પૂર્ણ બનાવે છે.

◆ ◆ ◆

**પુસ્તકનું નામ : આનંદશંકર ધ્રુવ : લેખસંચય**
**સંપાદક : ધીરુ પરીખ**
**પ્રકાશક : સાહિત્ય અકાદમી, નવી દિલ્હી**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૦૨, પૃષ્ઠ : ૧૫૧ મૂલ્ય : રૂા. ૯૦/-**

પંડિતયુગના સાક્ષર, વિદ્વાન લેખક શિક્ષણશાસ્ત્રી અને સંપાદક આનંદશંકર ધ્રુવે ભારતીય ફિલસૂફી ને પશ્ચિમની ફિલસૂફી પર




અનેક ગ્રંથો લખ્યા છે. મુખ્યત્વે ધર્મ, કેળવણી અને સાહિત્યમાં રુચિ ધરાવતા, પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનું ઊંડુ અધ્યયન કરનાર આ પ્રથમ પંક્તિના સાહિત્યકાર પૂર્વ અને પશ્ચિમના – સુધારેલા અને સનાતનીઓ વચ્ચે સેતુ બની રહ્યા છે. 'આપણો ધર્મ', 'કાવ્યતત્વવિચાર', 'ધર્મ વર્ણન', 'નીતિ શિક્ષણ' અને 'વિચાર માધુરી' જેવા ધ્યાનાર્હ ગ્રંથોના સર્જક – સાક્ષરવર્યના ઉત્તમ ૨૨ લેખોનું સંકલન આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

સંકલનકારે સમગ્ર જીવનને નિહાળતી સર્જકની આર્ષ ગંભીર દૃષ્ટિને પ્રગટ કરતા ધર્મ કેળવણી નારી પ્રતિષ્ઠા કવિતાના લેખોની સાથે 'રામાયણ બોધ', 'મહાભારતનો પ્રધાન રસ' તથા 'ઓથેલો અને તેનું રહસ્ય' જેવા કૃતિ વિષયક લેખને પણ સમાવિષ્ટ કર્યા છે. કવિ, વાર્તાકાર, વિવેચક અને 'કુમાર'ના હજુ હમણાં જ દિગંવત થયેલા ધીરુભાઈ પરીખે આ લેખોના માધ્યમે સર્જકના પૂર્વ અને પશ્ચિમના વિશાળ વાંચનનો વ્યાપ, સૂક્ષ્મ વિવેક, સહૃદયતા અને આભિજાત્યપૂર્ણ રીતે દર્શાવ્યો છે.

◆ ◆ ◆

**પુસ્તકનું નામ : સમર્પણ, તમે ક્યાં છો ?**
**લેખક : નરેન્દ્ર ગોસ્વામી**
**પ્રકાશક : શબ્દલોક પ્રકાશન, સારસ્વત સદન, ૧૭૬૦/૧, ગાંધી માર્ગ, બાલા હનુમાન પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.**
**દ્વિતીય આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૩૧૦ મૂલ્ય : રૂા. ૩૫૦/-**




ઉદાત્ત પ્રેમની અદ્‌ભૂત કથા એટલે 'સમર્પણ, તમે ક્યાં છો ?' પ્રિયજનને અતોનાત ચાહતી, તેની સંનિધિમાં રહેવા ઝંખતા પાત્રોના ઉત્કટ સંવેદનોની કલાત્મક અભિવ્યક્તિ એટલે 'સમર્પણ, તમે ક્યાં છો ?'

શ્રધ્ધા અને સમર્પણના દિવ્ય સ્નેહના આરોહણની આ કથા વાચકોને મંત્રમુગ્ધ કરી એકીબેઠકે વાંચી જવા મજબૂર કરે છે. ગીરના જંગલની પાર્શ્વભૂમિ પર ઉઘડતી આ કથામાં એક પુત્રી પોતાના પિતાના સ્નેહજગતનું દર્શન કરાવે છે.

સુકુમાર, ખીલેલી કળીઓ સમી બે દીકરીઓ તથા સમર્પણ સાથેના સુખી દાંપત્યજીવનમાં 'અન્ય' કોઈનો પ્રવેશ સહી ન શકતી 'મા', પોતાના પરમ પુરુષને પામવાની ઝંખના કરતી 'શ્રધ્ધા' તથા આ બન્નેના અખૂટ સ્નેહનું ભાજન બનેલો કથાનાયક 'સમર્પણ' કથાના ત્રણેય મુખ્ય પાત્ર શિક્ષણ જગત સાથે સંકળાયેલા છે. નિર્ભિક ફોરેસ્ટ ઓફિસર બનેલી સીમા તથા અધ્યાપક બનેલી ભાર્ગવી આ બન્ને વહાલસોયી દીકરીઓ, સમર્પણની સંવેદનાના સાથીઓ મમુદાદા, 'ડી' કાકા અને શ્યામામાસી તમામ પાત્રો 'તપોવન' છોડીને ચાલ્યા ગયેલા સારસ્વત સમર્પણની શોધમાં છે. પિતાના ગૃહત્યાગના રહસ્યનો તાગ મેળવવા મથતી પૂરી શ્રધ્ધા અને સમર્પણની ડાયરી થકી તેમના વ્યક્તિત્વની ઊંચાઈને, તેમના સ્નેહના આરોહણને પામે છે. પાત્રોના મનોવ્યાપારને – આંતસંઘર્ષને સાદ્યંત કાવ્યરૂપે લેખકે વ્યક્ત કર્યો છે. સમસ્ત કથામાં નિતાંત સ્નેહનું ઝરણ વહ્યા જ કરે છે. સ્થૂળતામાં સરી ન પડતા, આધ્યાત્મિક ઉત્થાન તરફ લઈ જતો આ પ્રવાહ પ્રેમના ગૌરવને સ્થાપિત કરે છે. જ્ઞાનને છોડી શ્રધ્ધાને શરણે ગયેલો સમર્પણને નિજી સ્નેહની દુનિયાનો વિસ્તાર કરતી, અધ્યાત્મને શરણે જતી શ્રધ્ધા, પ્રેમની આ પાવન ધારામાં ભીંજાતી 'મા', સ્નેહની ઊંચાઈને સમજતા મિત્રોને તેને પામતી દીકરીઓના ભાવજગતનું મનોરમ્ય આલેખન થયું છે. શ્રધ્ધાનું પાત્ર શિખરે બિરાજે છે. જીવનમાં પરમ પુરુષને પામવાની આમીટ આ ક્યાં પૂર્ણ થતી હોય છે ? એની આરત, એની વેદના અને તેનો ગૌરવાન્તિત વિસ્તાર આ કથાને સ્નેહના શૃંગ પર સ્થાપિત કરે છે. સુંદર પત્ની, મેધાવી સંતાનોને છોડીને અંતરતમની

ઝંખનાને ઓગાળી નાખવા તત્પર સમર્પણ સાંસારિક સંબંધોની ઊંચાઈ પર બિરાજે છે.

પાત્રોના આંતરજગતનું ઊજળું દર્શન કરાવતી સાદ્યંત કાવ્યમય કૃતિ વાચકોના ભાવવિશ્વને આલોકિત કરે છે.

◆ ◆ ◆

**પુસ્તકનું નામ : જિંદગીના અડાબીડ જંગલમાં માણસ!**

**લેખક : નરેન્દ્ર ગોસ્વામી**

**પ્રકાશક : શબ્દલોક પ્રકાશન, સારસ્વત સદન, ૧૭૬૦/૧, ગાંધી માર્ગ, બાલા હનુમાન પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.**




**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૨૪૮ મૂલ્ય : રૂા. ૩૦૦/-**

આ કૃતિ લેખકનું જીવનદર્શન પ્રગટ કરે છે.

જિંદગીના અડાબીડ જંગલમાં નિરંતર ભટકતા આપણને સહુને ક્યાંક ને ક્યાંક સુખની, દુઃખની, પ્રપંચની, વિરહની, વેદનાની, છળની, વિફળતાની, વિદ્રોહની, પરિતાપની કે પ્રશ્ચાત્તાપની પ્રત્યક્ષ કે પરોક્ષ જે કાંઈ અનુભૂતિ થાય છે તેની નિષ્કર્ષને લેખકે શબ્દદેહ આપ્યો છે. ક્યાંક બે પંક્તિઓમાં તો ક્યાંક પરિચ્છેદમાં.

પ્રત્યેક વ્યક્તિની આશા, અરમાનો, આકાંક્ષાની અલગ અલગ કથા હોય. કોઈ સ્વપ્નાઓને સતત ગૂંથતું રહે, કોઈના સ્વપ્નોની માળા તૂટી જાય, કોઈના જીવનમાં પ્રિય વ્યક્તિનો પ્રવેશ થાય, તો કોઈ ચૂપચાપ જીવનમાંથી ચાલ્યું જાય, કોઈની મીઠી યાદ જીવનની જાતરા બની જાય, તો કોઈની શોધમાં જીવનભર રઝળવું પડે, કોઈની ભીનાશ અસ્તિત્વને ભીંજવે તો કોઈના સાનિધ્યમાં હૈયું પારાવાર સુખ અનુભવે વિધવિધ અનુભૂતિ થકી તારણ પર આવેલા લેખક જીવનના તથ્યને સત્યને ઉજાગર કરે છે.

કોઈ લઘુકથા, નવલિકા કે નવલકથાનું બીજ બની શકે તેવા કેટકેટલા સરસ વાક્યો છે? રસાળશૈલીએ આ સર્જકની વિશેષતા છે. લેખક કહે છે ''માણસને ઓળખવો, કળવો અને સમજવો ખૂબ કઠિન છે. માણસ અકળ અને સંકુલ છે. માણસને સમજવામાં મારો સર્જકધર્મ હું અદા કરી રહ્યો છું.''

જિંદગીનું વાસ્તવદર્શન કરાવવાનો આ બળૂકો પ્રયાસ છે.

◆ ◆ ◆

## ભાવ – પ્રતિભાવ

જય ભારત સાથે ઑક્ટોબર ૨૦૨૧નો અંક મળ્યો. બાપુની તસ્વીર સાથે તંત્રીસ્થાનેથી શિક્ષકની નોંધપોથીમાંથી 'હું વર્ગમાં કેમ જાઉં છું?' શિક્ષક માત્ર પોતાના વિદ્યાર્થી માટે શિક્ષક નથી હોવા પણ સમગ્ર સંસારના ભલા માટે શિક્ષક હોય છે. શિક્ષક જ્યાં સુધી દરેકેદરેક વિદ્યાર્થી સાથે સંવાદ નથી સાધી શકતો ત્યાં સુધી એને (સોંઘરી) નથી મળતું મોક્ષ. શિક્ષકની ભૂલ જ્યારે વિદ્યાર્થીને ફેલ કરે છે ત્યારે શિક્ષક સમાજનો ગુનેગાર બને છે. રોજેરોજની નવી ચેલેન્જનો સામનો કરવો, છેલ્લી પાટલી પર બેઠેલા, વર્ગના સૌથી એકાકી વિદ્યાર્થીને મિત્ર બનાવી બહાર લાવીશ. ૨૪ વર્ષથી પ્રત્યેક વાત ખૂબ જ ગમી. ખૂબ જ ગમ્યો. અગ્રલેખ, કુમારપાળભાઈનો મારો અસબાબ અજબને ગજબ આદમી શાસ્ત્રીજીનું જીવન કવન ખૂબ જ ગમ્યું. આવા હતા અમારા વડાપ્રધાન સાદગીની જાણે પરાકાષ્ઠા ડૉ. નરેશ વેદની ગાંધી વિચારની આજે પ્રસ્તુતા, સાત વાતો રસપૂર્વક વાંચી ખૂબ ગમી અન્યોને વંચાવી. પ્રબુદ્ધજીવન દ્વારા જાણે એક લેશન મળ્યું. ડૉ. ભદ્રાયુ વછરાજાની એક પાનામાં ગાગરમાં જાણી સાગર સ્થાનકોમાં પાવિત્ર્ય જળવાય રહે તેવી ખેવના કોણ કરશે. પછી સવિનય કાનૂની લડતની વાત, વી. પટેલ, સત્યાગ્રહ મુક્તિનો માર્ગ હિંસા નહીં, પણ અહિંસા છે. કવિની વ્યાકુળતા આપણામાં જે સારી ભાવના હોય તેને જાગૃત કરે, સર્વોદયનો સિદ્ધાન્ત, મડિયાની વાતો, નોરતાં પ્રવીણભાઈ, રૂડો અવસર, એ તો કેવો ગુજરાતી જે હોય કેવળ ગુજરાતી તમામ લેખો ખૂબ જ ગમ્યા. અપીલ દ્વારા ૩૫૦૦ કોપીઓ સાધુ-સંતો સંશોધકો અભ્યાસુ અને વાંચકો સુધી પહોંચ્યા. પ્રબુદ્ધ જીવન નવરો પ્રકાશ પાડતું

રહેલું છે. લેખકો તથા દાતાઓ તેમજ તંત્રીશ્રીનો આભાર.

**લિ. ઉકાભાઈ વઘાસિયાના વંદન.**

જિ. ગીર સોમનાથ

◆ ◆ ◆

વંદન અને જયજિનેન્દ્ર. 'પ્રબુદ્ધ જીવન'ના નવેમ્બર અને ડિસેમ્બરના અંકમાં શારદાનું ચિત્ર મુખપૃષ્ઠ ઉપર શોભે છે. ઉપરાંત ડિસેમ્બરના અંકમાં તમારો તંત્રીલેખ આગમોની દુરુહ દુનિયામાં સરવતાપૂર્વકનો વિશદ્ પરિચય કરાવનારો બની રહ્યો છે. જેથી જૈનતેરો માટે જૈનધર્મની સર્વોપયોગીતા અને સર્વાશ્લેષીપણું સ્પષ્ટ થાય છે, સહુને માટે (= જૈનો માટે પણ) એ લેખ ઘણો ઉપયોગી અને તેથી સંગ્રહક્ષમ બની રહ્યો છે. કાલિન્દીબેન પરીખનો લેખ પણ વર્ણ્યવિષયને ન્યાય આપનારો જણાય છે.

'સર્જન સ્વાગત' વિભાગ દ્વારા નવાં પુસ્તકોનો સુંદર પરિચય સંધ્યાબેન શાહ થકી મળ્યો છે. આપ સહુ બહેનોને અભિનંદન. તો વળી હરીશભાઈ દાસાણીએ નિબંધશૈલીમાં પોતાના અતીતનું દર્શન કરાવ્યું છે. મને પણ જો સૂચવવામાં આવશે તો મારો અંતિમ પત્ર કેવો હોઈ શકે એ અંગે વિચારીને લખી મોકલીશ.

ફરીથી તમારા લેખો તરફ દિગ્નિર્દેશ કરું તો તમારા અનેક લેખો આ સામયિકમાં વાંચતાં વાંચતાં મને એવી પ્રતીતિ થઈ છે કે તેમાં અનેક વાક્યો સર્જનાત્મક ગદ્યને દર્શાવાનારાં હોય છે. એથી તમારા દરેક લેખોને સાચવવાની, જુદી ફાઈલ બનાવવાની તમે કાળજી લીધી હશે. જેથી ભવિષ્યમાં જુદું પુસ્તક થઈ શકે. કારણ કે ગુજરાતી જૈન ભાષા સાહિત્યનો ઉપકારક એ કાલાંતરે પણ બની રહેશે. 'પ્રબુદ્ધ જીવન' એ અર્થમાં સંસ્કારોને સાચવનારું અને સમાજઘડતર કરનારું સામયિક બની રહે છે. જેને ગુજરાતી સામયિકોમાં (સાહિત્યિક સામયિકોમાં) ધ્યાનમાં રાખી શકાય.

**મધૂસૂદન વ્યાસ,** મોડાસા

◆ ◆ ◆

# જો મારો હોય અંતિમ પત્ર તો...

(અનુસંધાન કવર પાનું ૫રથી)

આ સૂત્ર સમજવા છતાં મારું મારું કરીએ, નાનીથી લઈ મોટી વસ્તુઓ વળગેલી રહે છે. ગળેથી છૂટતી નથી.

આ સૂત્ર આટલા વરસો પછી પણ ભૂલ્યો નથી. સંપત્તિ, ભૌતિકવસ્તુ તરફ મન ન રહે અને સાદુ જીવન જીવી શકું તે રીતે પ્રમાણિકપણે પૂરા પ્રયત્ન કરી રહ્યો છું.

મારા જીવનમાં બે સૂત્રો વણાયેલા છે. તેને ધ્યાનમાં રાખી જીવી રહ્યો છું.

(૧) કમ ખાના, ગમ ખાના, આચરકૂચર મત ખાતા અને આનંદમાં રહેના.


(૨) ભગવાન તથાગતનો મધ્યમ માર્ગ. જે માર્ગે હું વરસોથી ચાલી રહ્યો છું.

લગભગ ૭૦ વરસથી એક ધાર્યું શરીર છે, શરીરનું વજન વધે નહીં, ઘટે નહીં, આમ તો અત્યારે ૮૯ વર્ષ છે.

ગમ ખાવાથી મને લગભગ જીવનમાં કશી મુશ્કેલી પડી નથી. બધું સહી લઉં છું. ગમ ખાવાથી જીવનમાં આવતી સમસ્યાઓ હલ થઈ જાય છે. અહમ્ ઓગળી જાય છે. આચારકૂચર મત ખાના, બજારું ખાવાનું નહીં. ભેળસેળવાળું, અનઆરોગ્યપ્રદ, રોગોને આમંત્રણ આપનારી વસ્તુનો ઉપયોગ ન કરવો. આનંદમાં રહેવું, આ રીતે જીવનને તૈયાર કરવું રહ્યું. ચિંતાથી મુક્ત રહેવું. આવી પડેલી સમસ્યાઓને આનંદથી હલ કરવી. બીમારીને પણ આનંદથી સહેવી. હળવાશથી રાખવી.

તથાગતનો મધ્યમ માર્ગ, એટલે જીવનમાં બહુ ઉંચે ન ચડવું, એટલે ભૌતિક સંપત્તિમાં વધુ પડતી લાલચ ન રાખવી, તે જ રીતે સાવ ગરીબાઈમાં ન રહેવું. મધ્યમ માર્ગે ચાલવું.

આમ હું ૮૯ વરસે સારી રીતે જીવી રહ્યો છું. મને જીવવામાં આનંદ છે. સેવા મારો ધર્મ છે. ગ્રામ્યજીવન શહેરનું સામાન્ય જીવન જીવું છું. કોઈ અપેક્ષા નથી.



◆ ◆ ◆

સંપર્ક : ૯૪૨૯૫ ૦૫૭૫૯

# અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
સંપર્ક: ૯૮૧૯૩ ૭૨૯૦૮

## ડૉ. ધનવંત શાહ

ડૉ. ધનવંત શાહની ઓળખ ''સંવેદનશીલતા, સર્જનાત્મકતા, ભારોભાર વિદ્વતા અને ક્રાંતિકારી! તંત્રી લેખો.'' ''પ્રબુદ્ધ જીવન એમના નેતૃત્વ હેઠળ ઊંડો પ્રભાવ વધારનાર બન્યું. તેમણે વિશેષાંકોની નવી શૃંખલા શરૂ કરી. સૂત્રધાર (તંત્રી)ના અદરના તણખા વિના, એની સર્જનાત્મક, એની પરગામી દૃષ્ટિ વિના આટલું સુંદર કાળજયી સંપાદન શક્ય ન જ બને. એક જાણીતા વિદ્વાન, વિચારક, ફિલસૂફ, લેખક અને પ્રખર વક્તાના શબ્દોમાં ''વિશેષાંકો અને એને માટે સુયોગ્ય સંપાદકોની પસંદગી દ્વારા આપ ઇતિહાસ સર્જી રહ્યા છો. એક જંગમ યુનિવર્સિટી કે વિદ્યા-કોષના કુલપતિ બન્યા છો.'' ૧૧ વર્ષના સમયગાળા દરમિયાન પર નિયમિત રીતે વિવિધ વિષયો ઉપર ડૉ. ધનવંત શાહના નીચે જણાવેલ સૂચિ મુજબ ૧૨૫થી વધારે લેખ પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશિત થયેલ છે. વિગતવાર વાંચન માટે જુઓ: visit http://prabuddhjeevan.in

| | |
|---|---|
| નવે-૦૫ | ઋષિ તુલ્ય વ્યક્તિત્વ આપણા રમણભાઈ |
| જાન્યુ-૦૬ | સાહેબ, સુગંધનો ફુવારોઃ ડૉ. રમણલાલ ચી. શાહ સ્મણાંજલિ |
| ફેબ્રુ-૦૬ | પ્રબુદ્ધ જીવનઃ એક જ્ઞાન યાત્રા... |
| માર્ચ-૦૬ | ગાંધી કથા : એક ચૈતન્યધન અનુભૂતિ |
| મે-૦૬ | પંથે પંથે પાથેય... તાસળીવાળા બાબા |
| જૂન-૦૬ | નૂતન જિનાલયો |
| જુલાઈ-૦૬ | આપણે કેટલાં અહિંસક? |
| ઑગસ્ટ-૦૬ | પર્યુષણ વ્યાખ્યાનમાળાઃ એક અવિરત જ્ઞાનયાત્રા |
| ઑક્ટો-૦૬ | નૂતનવર્ષાભિનંદન |
| નવે-૦૬ | અધ્યાત્મ પળે... પ્રજ્ઞત્વમાંથી પ્રગટેલી સ્વ આત્માનુભૂતિ |
| ડિસે-૦૬ | માણસ માટે બધું છે, પણ માણસ માટે માણસ ક્યાં? |
| ફેબ્રુ-૦૭ | જ્યાં જ્યાં વસે ગુજરાતી ગૌરવવંત, વિશ્વકોશ હોય ત્યાં સાદ્યંત |
| માર્ચ-૦૭ | તેજોમય વિદ્યાપુરુષ પંડિત સુખલાલજી |
| એપ્રિલ-૦૭ | પ્રાણી મિત્ર શ્રીમતી મેનકા ગાંધી |
| મે-૦૭ | એક જૈન સંસ્થાની દંતકથા જેવી સત્યકથા |
| જૂન-૦૭ | અનહદની બારીનો પ્રકાશ-કચ્છના સંત માણેકદાદા |
| જુલાઈ-૦૭ | એક દિવાલ પડે... પછી |
| ઑગસ્ટ-૦૭ | પંથે પંથે પાથેયઃ સાધુ ચરિત શ્રી ગોપાળરાવ વિદ્વાંસ |
| સપ્ટે-૦૭ | ૧૪ મહા સ્વપ્નો |
| નવે-૦૭ | પધારો વિ. સં. ૨૦૬૪ |
| ડિસે-૦૭ | શબ્દ અને શણગાર |
| જાન્યુ-૦૮ | મોતીડે વધાવો... ભવ્ય ભવ્ય ગુજરાત |
| જાન્યુ-૦૮ | શાંતિલાલઃ સંસ્થાના એક સંનિષ્ઠ કાર્યકરની વિદાય |
| ફેબ્રુ-૦૮ | કલમને ખોળે |
| માર્ચ-૦૮ | જ્ઞાનાલયમ્, ધ્યાનાલયમ્, વીરાયમ |
| એપ્રિલ-૦૮ | આપણો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો-પ્રાચીન હસ્તપ્રતો |
| મે-૦૮ | રોજીદાન-શ્રેષ્ઠ દાન |
| જૂન-૦૮ | જન્મભૂમિ પ્રબુદ્ધ જીવન ભાઈ-ભાઈ |
| જૂન-૦૮ | જન્મભૂમિ પ્રબુદ્ધ જીવન ભાઈ-ભાઈ |
| જુલાઈ-૦૮ | વાંચન એક હોબી? |
| જુલાઈ-૦૮ | વાંચન એક હોબી? |
| ઑગસ્ટ-૦૮ | પધારો પર્વાધિરાજ |
| સપ્ટે-૦૮ | ઈસ્લામ અને શાકાહાર |
| ઑક્ટો-૦૮ | શ્રી જૈન મહાવીર ગિતા |
| નવે-૦૮ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘઃ એક યાશ ગાથા |
| ડિસે-૦૯ | મેરા ભારત મહાન |
| ફેબ્રુ-૦૯ | ''યસ વી કેન'' ઓબામા |
| માર્ચ-૦૯ | કલાને નામે કરુણ વાસ્તવિકતા વેચવાની કળા |
| એપ્રિલ-૦૯ | હે વાણી દેવતા, આ વિશ્વના અણું અણુંમાં પ્રવેશો |
| જૂન-૦૯ | ડૉ. રણજીત એમ પટેલ (અનામ): એક પ્રાજ્ઞ પુરુષ |
| જુલાઈ-૦૯ | વિહારઃ માર્ગ અકસ્માત અને આધુનિકતા |
| ઑગસ્ટ-૦૯ | અમારા તારાબેન |
| ઑક્ટો-૦૯ | તીર્થ સ્વરૂપ વાંચન દશ્ય ગ્રંથ |
| નવે-૦૯ | થોડું પ્રકીર્ણઃ ધર્મ-રાજકારણ-નાટક |
| ડિસે-૦૯ | અલભ્ય જ્ઞાન ગ્રંથોને પુનઃજીવન અર્પનાર, સરસ્વતી આરાધક પ.પૂ. મુનિરાજશ્રી જંબૂ વિજયજી |
| ડિસે-૦૯ | પંથે પંથે પાથેયઃ યોગાનુયોગ આજે પણ ચમત્કારોની પ્રતીતિ કરાવે છે |
| જાન્યુ-૧૦ | ગાંધીઃ યુગસર્જક મહામાનવ |
| ફેબ્રુ-૧૦ | એક પ્રેરણાત્મક જીવનઃ શ્રી રૂપચંદજી ભંશાલી |
| માર્ચ-૧૦ | મહાવીર માર્ગઃ ઈણ અવસર મત ચૂક |
| એપ્રિલ-૧૦ | મારી માતૃભાષાઃ મારી ગુજરાતી |
| મે-૧૦ | જન ગણ મન અધિનાયક ના સર્જક ઋષિ કવિ રવિન્દ્રનાથ ટાગોર |
| જૂન-૧૦ | પૂર્ણ પ્રાજ્ઞ વિભૂતિ આચાર્ય શ્રી યુવાચાર્ય મહાપ્રજ્ઞ |
| જુલાઈ-૧૦ | જૈન ધર્મ અને શ્રીમંતો અને અપરિગ્રહ |
| ઑગસ્ટ-૧૦ | પર્યુષણ પર્વ વિશેષાંક |
| ઑક્ટો-૧૦ | ગાંધી તારી અનુભવવાણી |
| નવે-૧૦ | સરનામા વગર્ના માણસો |
| ડિસે-૧૦ | ઇચ્છામૃત્યુ |
| જાન્યુ-૧૧ | ગાંધી હત્યા, વધ કે બલિદાન |
| ફેબ્રુ-૧૧ | શ્રીમંતો, શ્રીમંતાઈ અને ધર્મ |
| માર્ચ-૧૧ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ઉજ્જવળ ઇતિહાસ આપના સાથ થકી ઉજ્જવળ ભવિષ્ય |
| એપ્રિલ-૧૧ | વાણી |
| એપ્રિલ-૧૧ | વાણી |
| મે-૧૧ | ભ્રષ્ટાચાર અને સાધુસમાજ |
| જૂન-૧૧ | નિવાસી વિદ્યા સંસ્થાઓ |
| જુલાઈ-૧૧ | હસ્તપ્રત વિદ્યા |
| જુલાઈ-૧૧ | હસ્તપ્રત વિદ્યા |
| ઑગસ્ટ-૧૧ | પ્રબુદ્ધ જીવન જૈન સાહિત્યકથા વિશ્વ વિશેષાંક |
| ઑક્ટો-૧૧ | શ્રીમદ રાજચંદ્ર રચિત આત્મસિદ્ધિશાસ્ત્ર : મહાકવિ રવિન્દ્રનાથ ટાગોર સર્જિત શાંતિ નિકેતન |
| નવે-૧૧ | અમારા રસિકભાઈ |
| ડિસે-૧૧ | એક વિરલ અનુભૂતિ : કાયોત્સર્ગ ધ્યાન શિબિર |
| જાન્યુ-૧૨ | સાબરમતીના સંતનો કાગળ |
| ફેબ્રુ-૧૨ | વાનપ્રસ્થની સંધ્યાએ : આવતી કાલનો નવો સમાજ |
| માર્ચ-૧૨ | તીર્થસ્વરૂપ ગ્રંથ શ્રીપાલ રાસ |
| એપ્રિલ-૧૨ | નિયતિ |
| મે-૧૨ | શ્રુત ભક્તિ મહા મ્હોત્સવ |
| જૂન-૧૨ | એક અવિરત જ્ઞાન-સંસ્કાર યાત્રાઃ પ્રબુદ્ધ જીવનઃ એક કટોકટી |

આવા અનેક લેખોને વાંચવા માટે જુઓ: visit http://prabuddhjeevan.in

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

**મનુભાઈ શાહ**

**આ**મ તો આ પત્ર અંતિમ ન કહેવાય. વિજ્ઞાન યુગમાં અને ભૌતિક સગવડોમાં પત્રનું આદાન પ્રદાન કરવાનું વિસરાઈ ગયું છે. વરસો પહેલા હું દિવાળીમાં ૧૦૦ જેટલા પોસ્ટકાર્ડમાં ડિઝાઈન કરી લાલ શાહીથી નૂતન વર્ષાભિનંદન લખતો. આજે મોબાઈલ વોટ્સઅપ, ઈમેઈલ દ્વારા હવા, હવા દ્વારા બારોબાર નૂતન વર્ષાભિનંદન, સારા પ્રસંગોએ શુભેચ્છા સંદેશો પાઠવી સંતોષ માની લેવામાં આવે છે. ટપાલીઓ થોડી રાહત અનુભવતા હશે!

ટપાલ દ્વારા શુભેચ્છા સંદેશ મોકલવામાં હૃદયનો ભાવ, પ્રેમ પ્રગટતો હતો. વાંચનાર હર્ષની લાગણી અનુભવતા હતા. હસ્તાક્ષર ઘણું ઘણું કહી જતા હોય છે. પરસ્પર સંબંધો ગાઢ બનતા હતા. અત્યારના સંદેશાઓ હવા દ્વારા જાય છે. હવા તો ક્ષણમાં ઉડી જાય છે. તેમાં હૃદયનો ભાવ, પ્રેમ ક્યાં રહ્યો! પત્ર લખવામાં લાગણી, પ્રેમ અને આનંદનો ભાવ હોય છે.

આ પત્ર અંતિમ ન કહી શકાય. કેમ કે અંતિમ પત્ર તો જિંદગીના અંતિમ દિવસોમાં પથારીમાં પડ્યા પડ્યા ભાંગલા હૃદયે ભાંગલીતૂટલી ખાટલીમાં ધ્રૂજતા હાથે માંડ માંડ લખાય તેમાં કરુણાભાવથી જે લખાય તે પત્ર છેલ્લો કહેવાય.

જૈન ધર્મનું સુપ્રસિધ્ધ સામાયિક પ્રબુધ્ધ જીવનમાં "જો હોય મારો અંતિમ પત્ર"ની શ્રેણીમાં ઘણા જ વિદ્વાજનો પોતાના જીવનના સારાનરસા પાસાનો નિખાલસ ભાવે, ભૂતકાળને વાગોળતા સુંદર રીતે રજૂ કરતા હોય છે. નિર્મળ મનથી લખાયેલ પત્ર પોતાના જીવનની ડાયરી ઉઘાડે છે. વાચકોને નવું નવું જાણવા, સમજવાનું મળતું હોય છે. તે જ રીતે આ મારો નિખાલસ ભાવે પત્ર લખી રહ્યો છું.

હું વિચાર છું કે હું મનુભાઈ હાથ, પગ શરીરવાળો છું કે તેમાં કોઈ અંદર બેઠેલું છે તે મનુભાઈને ચલાવે છે. પણ જો અંદર બેઠેલ શરીરમાંથી હવાના રૂપમાં નીકળી જાય તો પછી મનુભાઈ મનુભાઈ ન રહેતા માત્ર શરીર નિર્જીવ ખોળિયું જ પડી રહે છે. તો મનુભાઈની ઓળખ સારાનરસા ગુણોના આધારે થાય? આ સવાલાખનો સવાલ છે.

આમ જોઈએ તો શરીરના આધારે ઓળખ થાય છે. શરીર રાખમાં ભળી જાય છતાં મનુભાઈની ઓળખ તો કાયમી રહે છે.

શરીર લાંબા સમય (વરસો) સુધી ચાલતું નથી આ જાણવા છતાં વ્યક્તિ જીવનને અણીશુધ્ધ ચલાવી શકતી નથી. ગુણ અવગુણ વચ્ચે અટવાયા કરે છે. સંસારની માયાજાળમાંથી બહાર નીકળી શકતી નથી. આ વ્યક્તિની કરુણતા છે.

હું ગામડામાં ઉછેર્યો. તેની રહેણીકરણી શુધ્ધ અને પ્રેમાળ સંબંધોથી વણાયેલી રહી હતી. પરસ્પર વિશાળ ભાવના હતી. સુખદુઃખ સૌના બની જતા. આ ગ્રામીણ સંસ્કૃતિ હતી.

મારા વતનના ઘર ગારમાટીના હતા. સ્વચ્છ અને સુઘડતા. ગાય, ભેંસ, ઘોડા પણ ઘરે હતા. જૈન દષ્ટિએ જેટલી જયણા રાખી શકાય તેટલી રખાતી. પરિવારમાં ધર્મભાવના હતી, ગરીબ ગુરબાને અન્ન વસ્ત્ર, પશુને ઘાસ, પંખીને ચણ અને કૂતરાને રોટલો અપાતો.

મારા ઘરની દિવાલ ઉપર ભગવાનના, પરિવારના અને સારા સુવાત્ય વાક્યની છબીઓ રખાતી.

સૂઝ, સરળ, સમજી શકાય તેવું, અને જીવન માર્ગ લંબાવી શકે તેવું સૂત્ર હતું.

સૂત્ર – "હે મનુષ્ય તું કોણ છો, ક્યાંથી આવ્યો, ક્યાં જવાનો છો. તેનો વિચાર કર",

**"પગલું ભરતા માનવી, પહેલાં ખૂબ વિચાર,**
**ક્યાંથી આવ્યા આપણે, ક્યાં પાછા ફરનાર,**
**શું લઈ આવ્યા સાથમાં, શું લઈ નીકળનાર,**
**ખાલી હાથે આવ્યા, ખાલી હાથે જનાર."**

*(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૦)*

Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Raod, Mumbai - 400 004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415
**Editor : Dr. Sejal M. Shah**
Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.